RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 201 Dt. 14-02-2026 Page : 08 Price : Rs 3




Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

# PMનું નવું સરનામું "સેવા તીર્થ"

**સ્ટાર્ટઅપ ઈન્ડિયા ફંડ અંતર્ગત સ્ટાર્ટઅપ્સ અને ડીપ-ટેક રિસર્ચને પ્રોત્સાહન આપવા માટે રૂ. ૧૦ હજાર કરોડના કોર્પસ સાથે નવા ફંડને મંજૂરી, લખપતિ દીદી યોજનાનો લક્ષ્યાંક બમણો કરીને ૬ કરોડ કરાયો : કૃષિ ઈન્ફાસ્ટ્રક્ચર ફંડનો ટાર્ગેટ રૂ. ૧ લાખ કરોડથી વધારીને રૂ. ૨ લાખ કરોડ કરાયો**



નવી દિલ્હી, તા.૧૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે નવા કાર્યાલય 'સેવાતીર્થ'નું લોકાર્પણ કર્યું હતું. આજથી વડાપ્રધાનનું કાર્યાલય રાયસીના હિલ્સ સ્થિત સાઉથ બ્લોકથી સેવા તીર્થમાં શિફ્ટ થઈ ગયું છે. સેવા તીર્થમાં જ વડાપ્રધાનના કાર્યાલયની સાથે સાથે નેશનલ સિક્યુરિટી કાઉન્સિલ સચિવાલય અને કેબિનેટ સચિવાલય પણ છે. સેવા તીર્થના લોકાર્પણ બાદ વડાપ્રધાન મોદીએ ૪ મોટા નિર્ણય લીધા હતા અને તેની જાણકારી વડાપ્રધાને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ડ પર આપી હતી.

ભારતના વડાપ્રધાનના કાર્યાલયનું સરનામું હવેથી 'સેવા તીર્થ' થઇ ગયું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે નવી પીએમઑફિસ, રાષ્ટ્રીય સુરક્ષા પરિષદ સચિવાલય અને કેબિનેટ સચિવાલયની બિલ્ડિંગનું ઉદઘાટન કર્યું હતું. આજથી વડાપ્રધાનનું કાર્યાલય નવી ઑફિસમાં શિફ્ટ થઈ ગયું છે. આ સિવાય કેન્દ્ર સરકારના તમામ વિભાગની ઑફિસ હવેથી કર્તવ્ય ભવન-૧ અને કર્તવ્ય ભવન-૨ માં શિફ્ટ થઈ જશે.

નોંધનીય છે કે દિલ્હીમાં સાઉથ બ્લોક અને નોર્થ બ્લોક એમ બે ઈમારતો છેલ્લા ૭૮ વર્ષથી સત્તાનું કેન્દ્ર રહી હતી. વડાપ્રધાનનું કાર્યાલય અને અન્ય વિભાગોના કાર્યાલય પણ આ જ બે ઈમારતોમાં હતી. સેવા તીર્થમાં શિફ્ટ થતાં પહેલા સાંજે ચાર વાગ્યે ઈમારતમાં સરકારની છેલ્લી કેબિનેટ બેઠક પણ યોજાઈ હતી. સેવા તીર્થ પરિસર ૨.૨૬ લાખ સ્ક્વેર ફૂટમાં પથરાયેલું છે અને તેના નિર્માણ પાછળ ૧૧૮૯ કરોડ રૂપિયાનો ખર્ચ થયો છે. સેવા તીર્થમાં વડાપ્રધાનનું કાર્યાલય, રાષ્ટ્રીય સુરક્ષા પરિષદ સચિવાલય અને કેબિનેટ સચિવાલય છે. જે પહેલા અલગ અલગ ઈમારતોમાં હતી.

નવી ઑફિસમાં સૌથી પહેલા ૪ નિર્ણયો લેવામાં આવ્યા હતા. જેમાં

**PM RAHAT યોજનાની જાહેરાતઃ** અકસ્માતનો ભોગ બનેલા વ્યક્તિઓને તાત્કાલિક મદદ માટે રૂ. ૧.૫ લાખ સુધીની કેશલેસ સારવાર આપવામાં આવશે તેવી પીએમ રાહત યોજનાની જાહેરાત કરવામાં આવી હતી. લખપતિ દીદી યોજનાનો લક્ષ્યાંક બમણો કરીને ૬ કરોડ કરી દીધાની જાહેરાત કરાઈ હતી. ખેડૂતોની આવક વધારવા માટે કૃષિ ઈન્ફાસ્ટ્રક્ચર ફંડનો ટાર્ગેટ રૂ. ૧ લાખ કરોડથી વધારીને રૂ. ૨ લાખ કરોડ કરી દેવાયો છે. જ્યારે સ્ટાર્ટઅપ ઈન્ડિયા ફંડ અંતર્ગત સ્ટાર્ટઅપ્સ અને ડીપ-ટેક રિસર્ચને પ્રોત્સાહન આપવા માટે રૂ. ૧૦ હજાર કરોડના કોર્પસ સાથે નવા ફંડને મંજૂરી અપાઈ છે.

### ૭૮ વર્ષ પછી બદલાયું સત્તાનું સરનામું!

સાઉથ બ્લોક અને નોર્થ બ્લોકને હવે મ્યુઝિયમ બનાવી દેવામાં આવે તેવી શક્યતા વ્યક્ત થઇ રહી છે. પરિસરમાં ત્રણ મુહી ઇમારતો છેઃ સેવા તીર્થ-૧ એટલે વડાપ્રધાનનું કાર્યાલય, સેવા તીર્થ-૨ એટલે કેબિનેટ સચિવાલય અને સેવા તીર્થ-૩ માં રાષ્ટ્રીય સુરક્ષા પરિષદ સચિવાલય. સાઉથ બ્લોક અને નોર્થ બ્લોકને હવે મ્યુઝિયમ બનાવી દેવામાં આવે તેવી શક્યતા છે. સાઉથ બ્લોકમાં કેન્દ્ર સરકારની પ્રથમ કેબિનેટ બેઠક ૧૫ ઑગસ્ટ, ૧૯૪૭ના રોજ જવાહરલાલ નેહરુની અધ્યક્ષતામાં થઈ હતી. આજે ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ અહીં અંતિમ કેબિનેટ બેઠક યોજાઈ હતી.

# બાંગ્લાદેશમાં BNPએ ચૂંટણી જીતતા જ ભારતનું વધાર્યું ટેન્શન

**શેખ હસીનાના પ્રત્યાર્પણની કરી માંગણી : બાંગ્લાદેશ ભારત સહિત તમામ પડોશીઓ સાથે મૈત્રીપૂર્ણ સંબંધો સ્થાપવા આતુર**



નવીદિલ્હી, તા. ૧૩

બાંગ્લાદેશમાં સામાન્ય ચૂંટણીના પરિણામો જાહેર થઈ ગયા છે. બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (BNP) એ જંગી જીત મેળવી છે. આ જીત બાદ, ભૂતપૂર્વ વડા પ્રધાન શેખ હસીનાના પ્રત્યાર્પણની માંગણીઓ ફરી એકવાર તીવ્ર બની છે. ઈગઙ એ દાવો કર્યો છે કે હસીનાને પરત લાવવામાં આવે અને આંતરરાષ્ટ્રીય કાયદા હેઠળ કેસનો સામનો કરવો જોઈએ. ઈગઙ ના વરિષ્ઠ નેતા સલાહુદ્દીન અહેમદે સ્પષ્ટતા કરી કે હસીનાને ભારતમાંથી પાછા લાવવામાં આવે અને કાયદા હેઠળ કેસનો સામનો કરવો જોઈએ.

સલાહુદ્દીને જણાવ્યું હતું કે બાંગ્લાદેશના વિદેશ પ્રધાને પહેલાથી જ ભારત સમક્ષ શેખ હસીનાના પ્રત્યાર્પણનો મુદ્દો ઉઠાવ્યો છે, અને ઈગઙ આ માંગને સંપૂર્ણ સમર્થન આપે છે. તેમણે એમ પણ કહ્યું હતું કે આ મામલો બંને દેશોના વિદેશ મંત્રાલયો વચ્ચે ચાલી રહ્યો છે, પરંતુ ઈગઙ શેખ હસીનાને બાંગ્લાદેશ મોકલવાનો આગ્રહ રાખશે જેથી તે ન્યાયિક પ્રક્રિયાનો સામનો કરી શકે. બાંગ્લાદેશ ભારત સહિત તેના તમામ પડોશીઓ સાથે સામાન્ય અને મૈત્રીપૂર્ણ સંબંધો સ્થાપિત કરવા આતુર છે. જો કે, ઈગઙ એ સ્પષ્ટતા કરી હતી કે આ સંબંધ પરસ્પર આદર અને સમાનતા પર આધારિત હોવો જોઈએ.

આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે BNP એ ૨૦૨૬ ની સામાન્ય ચૂંટણીઓમાં ભારે વિજય મેળવ્યો છે. ઓગસ્ટ ૨૦૨૪ ના જન આંદોલન પછી આ પહેલી ચૂંટણી હતી, જેના કારણે શેખ હસીનાને સત્તા છોડવાની ફરજ પડી હતી અને તેઓ ભારતની રાજધાની દિલ્હીમાં રહે છે. નવેમ્બર ૨૦૨૫ માં, એક ખાસ ટ્રિબ્યુનલે ૨૦૨૪ ના આંદોલન દરમિયાન હિંસા બદલ હસીનાને તેમની ગેરહાજરીમાં સજા ફટકારી હતી. BNP નેતાઓએ ચૂંટણીની સમાવેશકતા અંગેના પ્રશ્નોને પણ ફગાવી દીધા હતા, અને કહ્યું હતું કે ઓગસ્ટ ૨૦૨૪ ના આંદોલન દ્વારા જનતાએ પોતાનો વલણ સ્પષ્ટ કરી દીધો હતો. આવામી લીગ પર પ્રતિબંધ અને તેની વિરુદ્ધ તપાસ કાનૂની માળખામાં ચાલી રહી છે.

બાંગ્લાદેશે ફરી એકવાર ભૂતપૂર્વ વડા પ્રધાન શેખ હસીનાના ભારતમાંથી પ્રત્યાર્પણની માંગણી તીવ્ર બનાવી છે. સામાન્ય ચૂંટણીઓમાં BNP ની જંગી જીત બાદ, પાર્ટીના વરિષ્ઠ નેતા સલાહુદ્દીન અહેમદે કહ્યું હતું કે કાયદા મુજબ હસીનાને પુનઃસ્થાપિત કરવી જોઈએ અને ટ્રાયલ કોર્ટમાં રજૂ કરવી જોઈએ.

**સોમવારે નવી દિલ્હી ખાતે વિશ્વના ટોચના નેતાઓ થશે સહભાગી**

# ગ્લોબલ AI સમિટનું જાજરમાન આયોજન




નવીદિલ્હી, તા. ૧૩

ભારત-એઆઈ ઈમ્પેક્ટ સમિટ ૧૬ થી ૨૦ ફેબ્રુઆરી દરમિયાન નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે યોજાશે. ગ્લોબલ સાઉથમાં યોજાનારી પ્રથમ એઆઈ સમિટને ચિહ્નિત કરતી આ સમિટમાં વિશ્વભરના દેશોના પ્રતિનિધિઓ ભાગ લેશે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી આ સમિટનું ઉદઘાટન કરશે. શાસન, નવીનતા અને ટકાઉ વિકાસ માટે એઆઈની પરિવર્તનશીલ સંભાવના દર્શાવવા અને ચર્ચા કરવા માટે વિશ્વભરના નેતાઓ, નીતિ નિર્માતાઓ, ઉદ્યોગ અને નિષ્ણાતો સમિટમાં ભાગ લેશે.

ભારત-એઆઈ ઈમ્પેક્ટ સમિટ ૨૦૨૬ વૈશ્વિક સહયોગને આગળ વધારશે, નૈતિક એઆઈને પ્રોત્સાહન આપશે અને પ્રાથમિક ક્ષેત્રમાં એઆઈને અપનાવવાની પ્રક્રિયાને વેગ આપશે. આ ડિજિટલી સશક્ત ભારતના વિઝનને અનુરૂપ, દેશને એઆઈ ઈનોવેશન માટે વૈશ્વિક હબ તરીકે સ્થાપિત કરશે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) ભારતની વિકાસ યાત્રા, શાસનને મજબૂત બનાવવા અને જાહેર સેવા વિતરણમાં સુધારો કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આ વ્યાપક વિકાસને સમર્થન આપે છે અને ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના વિઝન સાથે સુસંગત છે. ભારતની ભાષાકીય અને સાંસ્કૃતિક વિવિધતા તેને વિવિધ વસ્તીની જરૂરિયાતોને અનુરૂપ બહુવિધ ભાષાઓ અને બહુવિધ મોડેલોનો સમાવેશ કરતી અઈ સિસ્ટમો વિકસાવવા માટે અનન્ય રીતે સ્થાન આપે છે.

# એર ઈન્ડિયાને ૧ કરોડનો દંડ




**ARC પરવાનગી વગર ચાર રાજ્યોમાં ફ્લાઈટે ભરી ઉડાન**

નવીદિલ્હી, તા. ૧૪

ઉડ્ડયન નિયમનકાર DGCA એ એર ઇન્ડિયાને યુએસ ડોલર ૧૧૦,૩૫૦ (આશરે ૧ કરોડ) નો દંડ ફટકાર્યો છે. એરબસ વિમાનને ઉડાન પરમિટ વિના આઠ વખત ઉડાવવા બદલ આ દંડ ફટકારવામાં આવ્યો હતો. નિયમનકારે જણાવ્યું હતું કે આ ભૂલથી દેશની બીજી સૌથી મોટી એરલાઇનમાં લોકોનો વિશ્વાસ વધુ ઓછો થયો છે. આ ઘટના ૨૪ થી ૨૫ નવેમ્બરની વચ્ચે બની હતી. એરબસ અ૩૨૦ વિમાને દિલ્હી, બેંગલુરુ, મુંબઈ અને હૈદરાબાદ વચ્ચે મુસાફરોને ઉડાન ભરી હતી. આ ફ્લાઇટ્સ એરવર્થનેસ રિવ્યૂ સર્ટિફિકેટ (ARC) વિના ચલાવવામાં આવી હતી. અછ્છ એ એક મહત્વપૂર્ણ પરમિટ છે જે નિયમનકાર દ્વારા વાર્ષિક ધોરણે વિમાન સલામતી અને પાલન તપાસ પાસ કર્યા પછી જારી કરવામાં આવે છે.

એર ઇન્ડિયાની પોતાની આંતરિક તપાસમાં ''વ્યવસ્થિત નિષ્ફળતાઓ'' મળી. એરલાઇને વાહકની પાલન સંસ્કૃતિમાં સુધારો કરવાની તાત્કાલિક જરૂરિયાત પણ સ્વીકારી. ભારતીય અધિકારીઓએ ૫ ફેબ્રુઆરીના રોજ એર ઇન્ડિયાના CEO કેમ્પબેલ વિલ્સનને ગુપ્ત દંડનો આદેશ જારી કર્યો હતો. આદેશમાં જણાવાયું છે કે આ ઘટનાએ જાહેર વિશ્વાસને વધુ ઓછો કર્યો છે અને સંસ્થાના સુરક્ષા પાલન પર પ્રતિકૂળ અસર કરી છે. એરલાઇનને ૩૦ દિવસની અંદર ₹૧ કરોડ (US110,339) જમા કરાવવાનું કહેવામાં આવ્યું છે. ગયા વર્ષે જૂનમાં એર ઇન્ડિયાએ સૌથી ખરાબ દુર્ઘટનાનો સામનો કરવો પડ્યો હતો જ્યારે બોઈંગ ડ્રીમલાઈનર ટેકઓફ પછી તરત જ ક્રેશ થયું હતું, જેમાં ૨૬૦ લોકો માર્યા ગયા હતા.

ભારતના ટાટા ગ્રુપ અને સિંગાપોર એરલાઇન્સની માલિકીની એર ઇન્ડિયાને પણ નિયમનકાર તરફથી કટોકટી ઉપકરણો અને અન્ય ઓડિટ ભૂલોની તપાસ કર્યા વિના વિમાન ચલાવવા બદલ ચેતવણીઓ મળી છે. આ ઘટના એર ઇન્ડિયા માટે બીજો ફટકો છે, જે પહેલાથી જ નાણાકીય અને સંચાલન પડકારોનો સામનો કરી રહી છે. નિયમનકારની કાર્યવાહી એરલાઇન પર પાલન અને સલામતી ધોરણોને મજબૂત બનાવવા માટે દબાણ વધારે છે. આ બાબતમાં એર ઇન્ડિયાની ભૂલોએ નિયમનકારની નજરમાં તેની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડ્યું છે એટલું જ નહીં, મુસાફરોમાં પણ ચિંતાઓ ઉભી કરી છે.

# દરેક વ્યક્તિ શંકરાચાર્ય ન હોઈ શકે : યોગી

**વિધાનસભામાં યોગી આદિત્યનાથનું મોટું નિવેદનઃ નૈતિકતાની વાતો કરનારાઓએ પહેલા પોતાના આચરણ પર ધ્યાન આપે**

કાનપુર, તા.૧૩

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદ વિવાદ મામલે ચોંકાવનારનું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે, દર વ્યક્તિ શંકરાચાર્ય ન હોઈ શકે અને કોઈપણ પીઠના આચાર્ય રૂપે જઈને વાતાવરણ ખરાબ ન કરી શકે. તમામે મર્યાદાનું પાલન કરવું પડશે. જો તેઓ શંકરાચાર્ય હતા તો વારાણસીમાં લાઠીચાર્જ કેમ કરાયો હતો અને એફઆઈઆર નોંધાઈ હતી. નૈતિકતાની વાતો કરનારાઓએ પહેલા પોતાના આચરણ પર ધ્યાન આપવું જોઈએ. મુખ્યમંત્રી યોગી એ કહ્યું કે, 'પ્રયાગરાજના માઘ મેળામાં સાડા ચાર કરોડ શ્રદ્ધાળુઓ આવ્યા, ત્યારે ત્યાં વ્યવસ્થા અને સુરક્ષા સર્વોપરી છે. સ્નાન કર્યા બાદ શ્રદ્ધાળુઓ એક્ઝિટ ગેટથી બહાર નિકળી રહ્યા હોય, ત્યારે તે ગેટથી કોઈએ અંદર આવવાનો પ્રયાસ ન કરવો જોઈએ.' તેમણે ચેતવણી આપી છે કે, 'આવી રીતે આવવાથી નાસભાગ થવાની આશંકા વધી જાય છે અને શ્રદ્ધાળુઓના જીવનને મોટું નુકસાન થઈ શકે છે. એક જવાબદાર અને મર્યાદિત વ્યક્તિ ક્યારેય આવા પ્રકારનું આચરણ ન કરી શકે.' તેમણે વધુમાં કહ્યું કે, 'જો સમાજવાદી પાર્ટીના લોકો કોઈને પૂજવા ઈચ્છે છે તો પૂજે, પરંતુ સરકાર મર્યાદિત લોકોની છે અને તે કાયદાના શાસનમાં વિશ્વાસ રાખે છે. સરકારની પ્રાથમિકતા વ્યવસ્થા જાળવવાની અને શ્રદ્ધાલુઓની સુરક્ષા કરવાની છે.'

બીજીતરફ સીએમ યોગીના નિવેદન પર પ્રતિક્રિયા આપતા સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવે (અસવશહયતવ ઢફમફદ) આકરા પ્રહારો કર્યા છે. તેમણે મુખ્યમંત્રીને નકલી યોગી ગણાવી કહ્યું કે, 'ઉત્તર પ્રદેશના વર્તમાન મુખ્યમંત્રી સૌથી વધુ સાંપ્રદાયિક, અલોકતાંત્રિક અને અસંસ્કારી છે. સરકાર કાનપુરને બદનામ કરવા માટે બુલડોઝરથી લોકોને ડરાવતી રહે છે. તેઓ શંકરાચાર્ય અને ત્રિવેણી વિવાદનું સત્ય છુપાવવનો પ્રયાસ કરી રહ્યા છે. રાજ્યમાં શિક્ષણ વ્યવસ્થા નબળી પડી ગઈ છે અને મેક ઈન ઈન્ડિયાને ધૂળ લાગી ગઈ છે.'

### કેમ થયો વિવાદ ?

પ્રયાગરાજના સંગમ ઘાટ પર મૌની અમાવસ્યાના દિવસે રવિવારે (૧૮ જાન્યુઆરી, ૨૦૨૬) સવારે લગભગ ૯:૪૭ વાગ્યે, શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ તેમના અનુયાયીઓ સાથે પાલખીમાં સવાર થઈને સંગમ કિનારે પહોંચ્યા હતા. સંગમ તટ પર જ્યાંથી ઘાટ માત્ર ૫૦ મીટર દૂર હતો, ત્યાં પ્રશાસને તેમને પાલખીમાં બેસીને આગળ વધતા અટકાવ્યા હતા અને પગપાળા સ્નાન કરવા વિનંતી કરી હતી. જોકે તેમના અનુયાયીઓએ વિરોધ કર્યો હતો અને ધક્કા-મુક્કી કરતા સંગમ વોચ ટાવર સુધી પહોંચી ગયા હતા. આ મામલો વધુ વણસ્યો જ્યારે પોલીસ બળે શંકરાચાર્યને રોકવાનો પ્રયાસ કર્યો અને તેમના કેટલાક અનુયાયીઓને ઘસડીને પોલીસ ચોકીમાં લઈ જવાયા હતા. સંગન સ્નાન પાસે લગભગ ત્રણ કલાક સુધી હાઈવોલ્ટેજ ડ્રામા ચાલ્યો હતો. ઘટના બાદ શંકરાચાર્યએ આક્ષેપ કર્યો કે, તંત્ર જાણીજોઈને તેમના સમર્થકો પર કાર્યવાહી કરી, હુમલો કર્યો અને ધરપકડ કરી છે.

# ફ્રોડના ૪૦૦ કરોડ બેંક ખાતામાં મેળવનાર ૬ ઝડપાયા

## હજુ ૪ની શોધખોળ : પકડાયેલી ટોળકી પૈકીના રાજકોટના જય નાદપરા અને મનીષ કામાણીએ આર્થિક તંગી દૂર કરવા સાયબર ફ્રોડની ખેલી ગેમ

રાજકોટ, તા.૧૩

રાજકોટ-ગોંડલના વેપારીઓ સહીત દસ શખ્શોએ ૪૦૦ કરોડનું સાયબર ફ્રોડ આચરીને પોલીસની ઊંઘ હરામ કરી દીધી હતી. પણ રાજકોટ ગ્રામ્ય સાઈબર ક્રાઈમની ટીમે સતર્કતા દાખવીને, ૧૦ સામે ગુનો નોંધી, ૬ શખ્સોને દબોચી લઇ, ૪ની શોધખોળ આદરી છે.

પકડાયેલા શખ્શોમાં રાજકોટના મવડીમાં આવેલા અંબિકા ટાઉનશીપમાં રહેતા જય મનસુખ નાદપરા, ગોંડલ રહેતા ઋષિત રૈયાણી, કુવાડવા રોડ પર તીર્થ એપાર્ટમેન્ટમાં રહેતા મનીષ છગન કામાણી, મોરબી રોડ પર રાધા મીરા એપાર્ટમેન્ટમાં રહેતા પ્રવિણસિંહ ભૂપતસિંહ પરમાર, મહેશ્વરી સોસાયટીમાં રહેતા મહેન્દ્રસિંહ કલ્યાણજી જાડેજા, અને મોરબી રોડ પર રાધા મીરા પાર્ક-૩માં રહેતા મયુરસિંહ મહિપતસિંહ વાઘેલા સામે ગુનો નોંધી તુરંત જ તેની ધરપકડ કરી હતી. જ્યારે આદિલ ઉદ્દીન (રહે હૈદરાબાદ), લાલો ઉર્ફે યાજ્ઞિક ઝાલાવાડીયા (રહે ગોંડલ), હર્ષિલ નિલેશ શાહ (રહે.વર્ધમાન નગર ગોંડલ) અને ભરતસિંહ પરમાર (રહે મુંબઈ)ની શોધખોળ આદરાઈ છે.

રાજકોટ-ગોંડલના બે વેપારીના બેંક એકાઉન્ટમાં સાયબર ફ્રોડના ૪૦૦ કરોડ જમા થયાની હકીકત બહાર આવતા સમગ્ર જિલ્લા પંથકમાં ચકચાર જાગી છે. રાષ્ટ્રવ્યાપી સાયબર ફ્રોડને નેટવર્કનો પર્દાફાશ કરીને આજે રૂરલ સાયબર ક્રીમ પોલીસે પ્રેસ કોન્ફરન્સ યોજીને ચૌકાવનારી વિગતો આપી હતી. પડધરીના મોવિયાની બ્રાન્ચમાં તેમજ અન્ય જગ્યાએ બેંક એકાઉન્ટ ધરાવતા રાજકોટના જય નાદપરા અને મનીષ કામાણીએ કડકાઈ દૂર કરવા દેશભરમાંથી સાયબર ફ્રોડ અને ગેમીંગના કરોડો રૂપિયા જમાં કરી લાખોનું કમિશન મેળવી લીધાનું બહાર આવતા રાજકોટ સાયબર ક્રાઈમ સેલમાં ફરજ બજાવતાં હેડ કોન્સ્ટેબલ પ્રકાશભાઈ ડાંગરએ ફરિયાદ નોંધાવી હતી. તેમણે ફરિયાદમાં જણાવ્યું હતું કે, સીઆઈડી ક્રાઈમ ગાંધીનગર તરફથી રાજકોટ ગ્રામ્ય સાયબર સેલને ઓપરેશન નસ્ત્રમ્યુલ હન્ટસ્ત્રસ્ત્ર અંતર્ગત ગ્રામ્ય વિસ્તારની બેંકોમાં ખોલાવાયેલા મ્યુલ એકાઉન્ટનો ડેટા આપવામાં આવ્યો હતો. જે ડેટાનું સમન્વય પોર્ટલ પર વિશ્લેષણ કરીને જેમાં એકાઉન્ટ નંબર ૧૧૦૪૬૩૭૦૦૦૦૦૦ વિરૂધ્ધ સાયબર સેલના ૧૯૩૦માં ૬૫ કમ્પલેઈન્ટ થયા હોવાનું બહાર આવ્યું હતું.

માર્કેટિંગ યાર્ડની જ્યોત અને સોમ પેઢી શંકામાં આવતાં પોલીસે તપાસ આદરીને જે એકાઉન્ટ હોલ્ડરની માહિતી મંગાવતા ગોંડલ માર્કેટિંગ યાર્ડ, સ્વસ્તિક પાર્ટી પ્લોટ, ન્યુ સરદાર માર્કેટિંગ યાર્ડ ગોંડલનું હોય અને તેમના એકાઉન્ટમાં તા. ૫.૨.૨૦૨૪ થી તા. ૧૧.૧.૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન રૂ. ૧૯૫,૯૯,૬૧,૪૫૯૬૪ ની રકમ જમા થઇ હોવાનું તેમજ ૧૯૬.૨૯ કરોડનો ઉપાડ થયો હોવાનું બહાર આવ્યું હતું. જો કે હાલ ૨૯.૮૮ લાખની બેલેન્સ હોવાનું પોલીસ તપાસમાં જાણવા મળ્યું હતું. આ એકાઉન્ટના ખાતેદાર જય મનસુખ નાદપરા (રહે, પિતુકુપા, રૈયાણી નગર, ગોંડલ) હોવાનું જાણવા મળતા પોલીસે તેમને દબોચી લીધો હતો.

જય નાદપરાએ તેમના નિવેદનમાં પોલીસને જણાવ્યું હતું કે, તેમનું ખાતું પડધરીના મોવિયા ગામની યસ બેંકનું હોય અને ગોંડલ માર્કેટીંગ યાર્ડ ખાતે આવેલી સોમ એન્ટરપ્રાઈઝ નામની પેઢીમા ચાર કરન્ટ એકાઉન્ટ છે. તેમજ જયોત ટ્રેડીંગના નામે યસ બેંકમાં બે કરન્ટ એકાઉન્ટ છે. તમામ એકાઉન્ટમાં એ.પી.એમ.સી.નું લાયસન્સ સાથે લીંક કરાવી અપડેટ કરાવ્યું છે. જેથી આ એકાઉન્ટના ટ્રાન્ઝેક્શનમાં ટી.ડી.એસ. લાગે નહી તેમજ રોકડની હેરફેર પણ સરળતાથી બેંક દ્વારા કરવી શકય બને છે.પેઢીનો સંચાલક જય નાદપરા વર્ષ ૨૦૨૩માં આર્થીક ભીંસમાં આવી જતા તેમના એકાઉન્ટ ભાડે આપ્યાં હતા.

વર્ષ ૨૦૨૩માં સોમ એન્ટરપ્રાઇઝ નામે પેઢી ચાલુ કરી અનાજ, કઠોળનો ટ્રેડીંગનો વેપાર કરતો હતો, આ દુકાન લોન ઉપર લીધી હતી. ધંધામાં મંદી ચાલતી હોવાથી અને તેમના ડીવોર્સની કાર્યવાહી ચાલુ હતી,

તે દરમ્યાન મનીષભાઈ કમાણીએ જયને કહ્યું હતું કે તારે ઝડપથી રૂપીયા કમાવા હોય તો તારે એક કરન્ટ ખાતુ ખોલાવવું પડે અને તેનો જીએસટી નંબર લેવો પડે, ત્યારબાદ આ એકાઉન્ટ તારી પેઢીના એ.પી.એમ.સી. લાયસન્સ સાથે લિંક કરી મને વાપરવા આપજે હું તેમાં રૂપીયા જમા કરાવી અને ઉપાડ કરાવીશ અને તેના બદલામાં દરેક ટ્રાન્ઝેક્શન દીઠ તને કમીશન આપીશ તેવી વાત કરી હતી.

જેથી જય નાદપરાએ મોવિયા ખાતે આવેલી યસ બેંક તેમજ ગોંડલમાં એચડીએફસી બેંકમા જયોતી ટ્રેડીંગ નામનું કરન્ટ ખાતું ખોલાવી મનીષ કમાણીએ જ્યોત ટ્રેડીંગ નામની પેઢી ચાલુ કરાવી હતી. ત્યારબાદ આ બંને કરન્ટ ખાતામાં આરટીજીએસ તેમજ અલગ અલગ માધ્યમોથી અવાર નવાર રૂપીયા આવતા હતા. જે રૂપીયા મનીષ કમાણીએ બંને ખાતાની ચેકબુકના તમામ ચેકમાં અગાઉથી સહી કરાવી, ચેકબુક પોતાની પાસે રાખી લીધા હતા. અને આ ખાતાંમાં અલગ અલગ પાર્ટીઓ પાસેથી રૂપીયા નખાવી ચેક મારફતે બેંકમાંથી રોકડ ઉપાડ કરી લેતો હતો.

સોમ એન્ટરપ્રાઇઝમાં પણ બંને બેંકમાં કરન્ટ એકાઉન્ટ હોય, કયારેક જયોત ટ્રેડીંગના ખાતામાંથી રોકડ ન ઉપડતી હોય ત્યારે તે સોમ એન્ટરપ્રાઇઝના ખાતામાં ઓનલાઈન ટ્રાન્ઝેકશન કરાવી ત્યાંથી રોકડ ઉપાડતો હતો. મનીષભાઈ દર એક લાખ રૂપીયાના ઉપાડ ઉપર ૨૦૦ રૂપીયા કમીશન આપતા, આશરે દશેક મહીના સુધી મનીષ કમાણી મારફતે બધા બેંક એકાઉન્ટ ઓપરેટ કર્યા હતા અને કમીશન મળી જતું હતું.

દરમ્યાન જય નાદપરાને મિત્ર રૂષિત રૈયાણીએ હર્ષીલ નિલેશભાઇ શાહનો સંપર્ક કરાવી કહ્યું હતું કે, હું તને સાઇબર ફ્રોડના ફંડીગના પૈસા હર્ષિલ પાસેથી જવાબદારીથી લઈ આપુ છું અને તારે અકાઉન્ટમાંથી ફેરવી અને કમીશનમાં પોતાનો ગાળો રાખી કામ આપ્યું હતું.

આ ખાતાઓની લેવડ દેવડ મારફતે દશેક મહીનામાં અંદાજીત દશેક લાખ રૂપીયાનું કમીશન મળેલ અને આ દરમ્યાન જયોતી ટ્રેડીગના યસ બેંક એકાઉન્ટમાં રૂ.૧૧.૮૧ કરોડ અને એચડીએફસી બેંક એકાઉન્ટમાં રૂ.૧.૭૩ કરોડ તેમજ સોમ ટ્રેડીંગના બંને એકાઉન્ટમાં ૧.૧૩ કરોડના નાણાકીય વ્યવહાર થયા હતા. જે તમામ કમ્પલેઇનના મળી આશરે કુલ રૂ. ૧૪,૬૨,૨૬,૪૫૩ ની સાયબર ફ્રોડની રકમ આ એકાઉન્ટમાં જમા થઇ હોવાનું બહાર આવ્યું હતું.

પોલીસ તપાસમાં એવી પણ વિગતો બહાર આવી હતી કે, હૈદરાબાદના આદિલ ઉદ્દીનનું અદીલ ટ્રેડર્સના નામની પેઢીનું વિડ્રોઅલ પેમેન્ટ પ્રવીણસીંહ પરમાર મારફત મનીષ કમાણી પેમેન્ટ નખાવતો હતો. તેમજ મા આશાપુરા એન્ટરપ્રાઈઝ નામની પેઢીનું સાયબર ફ્રોડથી છેતરપીંડી મારફતે મેળવેલા નાણાનું અવારનવાર ગોંડલથી રોકડા કરાવવાના હોય તો સોમ એન્ટરપ્રાઈઝ તેમજ જયોત ટ્રેડીંગના ગોંડલના ખાતામાં અને જો રાજકોટથી રોકડ કરવાના હોય તો જયોત ટ્રેડીંગના રાજકોટના ખાતામાં પેમેન્ટ લાલાભાઈ ઉર્ફે યાજ્ઞિક ઝાલાવડીયા મનીષ કામાણી મારફતે નખાવતા હતા.

તેમજ આર્યન મેટ નામની પેઢીના ખાતામાંથી નાણાનું અવારનવાર મોટુ પેમેન્ટ જામનગરના રાજનભાઈ દલસાણીયા અલગ અલગ એકાઉન્ટમાં પોતાના પેમેન્ટ નાખતા હતા, જે પેમેન્ટ રોકડુ કરીને આપતો હતો, તેમજ મિત્ર રૂસીત રૈયાણી પણ તેના મીત્ર હર્ષીલ શાહના સંપર્કથી સોમ એન્ટરપ્રાઈઝના બેંક ખાતામાં ચારથી પાંચ વખત ફંડ નાખી આશરે એકથી દોઢ કરોડ રૂપીયાનુ બેંક ટ્રાન્ઝેક્શન, આર.ટી.જી.એસ, મારફતે રૂપીયા નખાવ્યા હતા. જે રૂપીયા ઉપાડીને ઋષિતને રોકડમાં આપેલા હતા.

આ સીવાય મનીષ કમાણી તેના અજય તન્ના નામના વ્યકિત પાસેથી સાયબર ફ્રોડથી મેળવેલા



નાણાનું અવાર નવાર જયોત ટ્રેડીંગના ખાતામા જમા કરાવતા રોકડ કરી મનીષ કમાણી મારફતે અજય તન્નાને મોકલી આપી હતી.

અજય તન્ના સાયબર ફ્રોડનો મોટો એજન્ટ હોવાની તેની સાથે થયેલી મુલાકાત દરમ્યાન ખબર પડી હતી. મનિષ કમાણી ઘણીવાર અજય તન્ના પાસેથી પોતાના અલગ અલગ અકાઉન્ટમાંથી સાયબર ફ્રોડથી મેળવેલા નાણાનું મોટું ટ્રાજેકશન કરાવતો હતો.

પોલીસે મનીષ છગન કમાણીની પુછપરછ કરતા તેમના નિવેદનમાં જણાવ્યું હતું કે, કે, તે વર્ષ ૧૯૯૪થી ૨૦૨૨ દરમ્યાન ગોંડલ માર્કેટીંગ યાર્ડમાં લસણ ડુંગળીનો વેપાર કરતો હતો, દરમ્યાન લોકડાઉન દરમ્યાન વેપારમાં મોટી ખોટ આવતા દેવાના ભાર તળે દબાઈ ગયો હતો. જેમાંથી બહાર નિકળવા પ્રયત્ન કરતો હતો.

તે દરમ્યાન ગોડલ ખાતે રહેતા અને માર્કેટીંગ યાર્ડ ગોંડલ ખાતે ઉઠક બેઠક ધરાવતા રૂસીત રૈયાણી અને આકાશ ફુલતરીયા, મનીષ ચોલેરાએ જણાવ્યું હતું કે કે, અમારી પાસે ગેમીંગ અને જીએસટીના ફંડનો કોન્ટેક છે. તમારે પેઢીના એ.પી.એમ.સી. રાજકોટ, તા.૧૩

રાજકોટ-ગોંડલના વેપારીઓ સહીત દસ શખ્શોએ ૪૦૦ કરોડનું સાયબર ફ્રોડ આચરીને પોલીસની ઊંઘ હરામ કરી દીધી હતી. પણ રાજકોટ ગ્રામ્ય સાઈબર ક્રાઇમની ટીમે સતર્કતા દાખવીને, ૧૦ સામે ગુનો નોંધી, ૬ શખ્સોને દબોચી લઇ, ૪ની શોધખોળ આદરી છે.

પકડાયેલા શખ્શોમાં રાજકોટના મવડીમાં આવેલા અંબિકા ટાઉનશીપમાં રહેતા જય મનસુખ નાદપરા, ગોંડલ રહેતા ઋષિત રૈયાણી, કુવાડવા રોડ પર તીર્થ એપાર્ટમેન્ટમાં રહેતા મનીષ છગન કામાણી, મોરબી રોડ પર રાધા મીરા એપાર્ટમેન્ટમાં રહેતા પ્રવિણસિંહ ભૂપતસિંહ પરમાર, મહેશ્વરી સોસાયટીમાં રહેતા મહેન્દ્રસિંહ કલ્યાણજી જાડેજા, અને મોરબી રોડ પર રાધા મીરા પાર્ક-૩માં રહેતા મયુરસિંહ મહિપતસિંહ વાઘેલા સામે ગુનો નોંધી તુરંત જ તેની ધરપકડ કરી હતી. જ્યારે આદિલ ઉદ્દીન (રહે હૈદરાબાદ), લાલો ઉર્ફે યાજ્ઞિક ઝાલાવાડીયા (રહે ગોંડલ), હર્ષિલ નિલેશ શાહ (રહે.વર્ધમાન નગર ગોંડલ) અને ભરતસિંહ પરમાર (રહે મુંબઈ)ની શોધખોળ આદરાઈ છે.

રાજકોટ-ગોંડલના બે વેપારીના બેંક એકાઉન્ટમાં સાયબર ફ્રોડના ૪૦૦ કરોડ જમા થયાની હકીકત બહાર આવતા સમગ્ર જિલ્લા પંથકમાં ચકચાર જાગી છે. રાષ્ટ્રવ્યાપી સાયબર ફ્રોડને નેટવર્કનો પર્દાફાશ કરીને આજે રૂરલ સાયબર ક્રીમ પોલીસે પ્રેસ કોન્ફરન્સ યોજીને ચૌકાવનારી વિગતો આપી હતી.

પડધરીના મોવિયાની બ્રાન્ચમાં તેમજ અન્ય જગ્યાએ બેંક એકાઉન્ટ ધરાવતા રાજકોટના જય નાદપરા અને મનીષ કામાણીએ કડકાઈ દૂર કરવા દેશભરમાંથી સાયબર ફ્રોડ અને ગેમીંગના કરોડો રૂપિયા જમાં કરી લાખોનું કમિશન મેળવી લીધાનું બહાર આવતા રાજકોટ સાયબર ક્રાઈમ સેલમાં ફરજ બજાવતાં હેડ કોન્સ્ટેબલ પ્રકાશભાઈ ડાંગરએ ફરિયાદ નોંધાવી હતી. તેમણે ફરિયાદમાં જણાવ્યું હતું કે, સીઆઈડી ક્રાઈમ ગાંધીનગર તરફથી રાજકોટ ગ્રામ્ય સાયબર સેલને ઓપરેશન નસ્ત્રમ્યુલ હન્ટસ્ત્રસ્ત્ર અંતર્ગત ગ્રામ્ય વિસ્તારની બેંકોમાં ખોલાવાયેલા મ્યુલ એકાઉન્ટનો ડેટા આપવામાં આવ્યો હતો. જે ડેટાનું સમન્વય પોર્ટલ પર વિશ્લેષણ કરીને જેમાં એકાઉન્ટ નંબર ૧૧૦૪૬૩૭૦૦૦૦૦૦ વિરૂધ્ધ સાયબર સેલના ૧૯૩૦માં ૬૫ કમ્પલેઈન્ટ થયા હોવાનું બહાર આવ્યું હતું.

માર્કેટિંગ યાર્ડની જ્યોત અને સોમ પેઢી શંકામાં આવતાં પોલીસે તપાસ આદરીને જે એકાઉન્ટ હોલ્ડરની માહિતી મંગાવતા ગોંડલ માર્કેટિંગ યાર્ડ, સ્વસ્તિક પાર્ટી પ્લોટ, ન્યુ સરદાર માર્કેટિંગ યાર્ડ ગોંડલનું હોય અને તેમના એકાઉન્ટમાં તા. ૫.૨.૨૦૨૪ થી તા. ૧૧.૧.૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન રૂ. ૧૯૫,૯૯,૬૧,૪૫૯૬૪ ની રકમ જમા થઇ હોવાનું તેમજ ૧૯૬.૨૯ કરોડનો ઉપાડ થયો હોવાનું બહાર આવ્યું હતું. જો કે હાલ ૨૯.૮૮ લાખની બેલેન્સ હોવાનું પોલીસ તપાસમાં જાણવા મળ્યું હતું. આ એકાઉન્ટના ખાતેદાર જય મનસુખ નાદપરા (રહે, પિતુકુપા, રૈયાણી નગર, ગોંડલ) હોવાનું જાણવા મળતા પોલીસે તેમને દબોચી લીધો હતો.

જય નાદપરાએ તેમના નિવેદનમાં પોલીસને જણાવ્યું હતું કે, તેમનું ખાતું પડધરીના મોવિયા ગામની યસ બેંકનું હોય અને ગોંડલ માર્કેટીંગ યાર્ડ ખાતે આવેલી સોમ એન્ટરપ્રાઈઝ નામની પેઢીમા ચાર કરન્ટ એકાઉન્ટ છે. તેમજ જયોત ટ્રેડીંગના નામે યસ બેંકમાં બે કરન્ટ એકાઉન્ટ છે. તમામ એકાઉન્ટમાં એ.પી.એમ.સી.નું લાયસન્સ સાથે લીંક કરાવી અપડેટ કરાવ્યું છે. જેથી આ એકાઉન્ટના ટ્રાન્ઝેક્શનમાં ટી.ડી.એસ. લાગે નહી તેમજ રોકડની હેરફેર પણ સરળતાથી બેંક દ્વારા કરવી શકય બને છે.પેઢીનો સંચાલક જય નાદપરા વર્ષ ૨૦૨૩માં આર્થીક ભીંસમાં આવી જતા તેમના એકાઉન્ટ ભાડે આપ્યાં હતા.

વર્ષ ૨૦૨૩માં સોમ એન્ટરપ્રાઇઝ નામે પેઢી ચાલુ કરી અનાજ, કઠોળનો ટ્રેડીંગનો વેપાર કરતો હતો, આ દુકાન લોન ઉપર લીધી હતી. ધંધામાં મંદી ચાલતી હોવાથી અને તેમના ડીવોર્સની કાર્યવાહી ચાલુ હતી,

તે દરમ્યાન મનીષભાઈ કમાણીએ જયને કહ્યું હતું કે તારે ઝડપથી રૂપીયા કમાવા હોય તો તારે એક કરન્ટ ખાતુ ખોલાવવું પડે અને તેનો જીએસટી નંબર લેવો પડે, ત્યારબાદ આ એકાઉન્ટ તારી પેઢીના એ.પી.એમ.સી. લાયસન્સ સાથે લિંક કરી મને વાપરવા આપજે હું તેમાં રૂપીયા જમા કરાવી અને ઉપાડ કરાવીશ અને તેના બદલામાં દરેક ટ્રાન્ઝેક્શન દીઠ તને કમીશન આપીશ તેવી વાત કરી હતી.

જેથી જય નાદપરાએ મોવિયા ખાતે આવેલી યસ બેંક તેમજ ગોંડલમાં એચડીએફસી બેંકમા જયોતી ટ્રેડીંગ નામનું કરન્ટ ખાતું ખોલાવી મનીષ કમાણીએ જયોત ટ્રેડીંગ નામની પેઢી ચાલુ કરાવી હતી. ત્યારબાદ આ બંને કરન્ટ ખાતામાં આરટીજીએસ તેમજ અલગ અલગ માધ્યમોથી અવાર નવાર રૂપીયા આવતા હતા. જે રૂપીયા મનીષ કમાણીએ બંને ખાતાની ચેકબુકના તમામ ચેકમાં અગાઉથી સહી કરાવી, ચેકબુક પોતાની પાસે રાખી લીધા હતા. અને આ ખાતાંમાં અલગ અલગ પાર્ટીઓ પાસેથી રૂપીયા નખાવી ચેક મારફતે બેંકમાંથી રોકડ ઉપાડ કરી લેતો હતો.

સોમ એન્ટરપ્રાઇઝમાં પણ બંને બેંકમાં કરન્ટ એકાઉન્ટ હોય, કયારેક જયોત ટ્રેડીંગના ખાતામાંથી રોકડ ન ઉપડતી હોય ત્યારે તે સોમ એન્ટરપ્રાઇઝના ખાતામાં ઓનલાઈન ટ્રાન્ઝેકશન કરાવી ત્યાંથી રોકડ ઉપાડતો હતો. મનીષભાઈ દર એક લાખ રૂપીયાના ઉપાડ ઉપર ૨૦૦ રૂપીયા કમીશન આપતા, આશરે દશેક મહીના સુધી મનીષ કમાણી મારફતે બધા બેંક એકાઉન્ટ ઓપરેટ કર્યા હતા અને કમીશન મળી જતું હતું.

દરમ્યાન જય નાદપરાને મિત્ર રૂષિત રૈયાણીએ હર્ષીલ નિલેશભાઇ શાહનો સંપર્ક કરાવી કહ્યું હતું કે, હું તને સાઇબર ફ્રોડના ફંડીગના પૈસા હર્ષિલ પાસેથી જવાબદારીથી લઈ આપુ છું અને તારે અકાઉન્ટમાંથી ફેરવી અને કમીશનમાં પોતાનો ગાળો રાખી કામ આપ્યું હતું.

આ ખાતાઓની લેવડ દેવડ મારફતે દશેક મહીનામાં અંદાજીત દશેક લાખ રૂપીયાનું કમીશન મળેલ અને આ દરમ્યાન જયોતી ટ્રેડીગના યસ બેંક એકાઉન્ટમાં રૂ.૧૧.૮૧ કરોડ અને એચડીએફસી બેંક એકાઉન્ટમાં રૂ.૧.૭૩ કરોડ તેમજ સોમ ટ્રેડીંગના બંને એકાઉન્ટમાં ૧.૧૩ કરોડના નાણાકીય વ્યવહાર થયા હતા. જે તમામ કમ્પલેઇનના મળી આશરે કુલ રૂ. ૧૪,૬૨,૨૬,૪૫૩ ની સાયબર ફ્રોડની રકમ આ એકાઉન્ટમાં જમા થઇ હોવાનું બહાર આવ્યું હતું.

પોલીસ તપાસમાં એવી પણ વિગતો બહાર આવી હતી કે, હૈદરાબાદના આદિલ ઉદ્દીનનું અદીલ ટ્રેડર્સના નામની પેઢીનું વિડ્રોઅલ પેમેન્ટ પ્રવીણસીંહ પરમાર મારફત મનીષ કમાણી પેમેન્ટ નખાવતો હતો. તેમજ મા આશાપુરા એન્ટરપ્રાઈઝ નામની પેઢીનું સાયબર ફ્રોડથી છેતરપીંડી મારફતે મેળવેલા નાણાનું અવારનવાર ગોંડલથી રોકડા કરાવવાના હોય તો સોમ એન્ટરપ્રાઈઝ તેમજ જયોત ટ્રેડીંગના ગોંડલના ખાતામાં અને જો રાજકોટથી રોકડ કરવાના હોય તો જયોત ટ્રેડીંગના રાજકોટના ખાતામાં પેમેન્ટ લાલાભાઈ ઉર્ફે યાજ્ઞિક ઝાલાવડીયા મનીષ કામાણી મારફતે નખાવતા હતા.

તેમજ આર્યન મેટ નામની પેઢીના ખાતામાંથી નાણાનું અવારનવાર મોટુ પેમેન્ટ જામનગરના રાજનભાઈ દલસાણીયા અલગ અલગ એકાઉન્ટમાં પોતાના પેમેન્ટ નાખતા હતા, જે પેમેન્ટ રોકડુ કરીને આપતો હતો, તેમજ મિત્ર રૂસીત રૈયાણી પણ તેના મીત્ર હર્ષીલ શાહના સંપર્કથી સોમ એન્ટરપ્રાઈઝના બેંક ખાતામાં ચારથી પાંચ વખત ફંડ નાખી આશરે એકથી દોઢ કરોડ રૂપીયાનુ બેંક ટ્રાન્ઝેક્શન, આર.ટી.જી.એસ, મારફતે રૂપીયા નખાવ્યા હતા. જે રૂપીયા ઉપાડીને ઋષિતને રોકડમાં આપેલા હતા.

આ સીવાય મનીષ કમાણી તેના અજય તન્ના નામના વ્યકિત પાસેથી સાયબર ફ્રોડથી મેળવેલા નાણાનું અવાર નવાર જયોત ટ્રેડીંગના ખાતામા જમા કરાવતા રોકડ કરી મનીષ કમાણી મારફતે અજય તન્નાને મોકલી આપી હતી.

અજય તન્ના સાયબર ફ્રોડનો મોટો એજન્ટ હોવાની તેની સાથે થયેલી મુલાકાત દરમ્યાન ખબર પડી હતી. મનિષ કમાણી ઘણીવાર અજય તન્ના પાસેથી પોતાના અલગ અલગ અકાઉન્ટમાંથી સાયબર ફ્રોડથી મેળવેલા નાણાનું મોટું ટ્રાજેકશન કરાવતો હતો.

પોલીસે મનીષ છગન કમાણીની પુછપરછ કરતા તેમના નિવેદનમાં જણાવ્યું હતું કે, કે, તે વર્ષ ૧૯૯૪થી ૨૦૨૨ દરમ્યાન ગોંડલ માર્કેટીંગ યાર્ડમાં લસણ ડુંગળીનો વેપાર કરતો હતો, દરમ્યાન લોકડાઉન દરમ્યાન વેપારમાં મોટી ખોટ આવતા દેવાના ભાર તળે દબાઈ ગયો હતો. જેમાંથી બહાર નિકળવા પ્રયત્ન કરતો હતો.

તે દરમ્યાન ગોડલ ખાતે રહેતા અને માર્કેટીંગ યાર્ડ ગોંડલ ખાતે ઉઠક બેઠક ધરાવતા રૂસીત રૈયાણી અને આકાશ ફુલતરીયા, મનીષ ચોલેરાએ જણાવ્યું હતું કે કે, અમારી પાસે ગેમીંગ અને જીએસટીના ફંડનો કોન્ટેક છે. તમારે પેઢીના એ.પી.એમ.સી. લાયસન્સ સાથે કરન્ટ એકાઉન્ટ લીંક કરી આ ફંડ માટે ભાડે આપશો તો તમને સારું રમીશન મળશે અને તમારી નાણાની ખેંચ દુર થઈ જશે, જેથી તેમની સાથે સહમત થઈ અલ્ટ્રારપાઇસ પેઢીના અલગ અલગ બેંક એકાઉન્ટમા આકાશ કુળતરીયાએ સાયબર ફ્રોડથી છેતરપીંડી મારફતે મેળવેલ નાણાનું ફંડ અવાર નવાર ટ્રાન્જેકશન માટે મોકલ્યું હતું. જેમાથી કમીશન રાખી એ સિવાયની રકમ રોકડ અથવા અન્ય બેંટિંગ ટ્રાન્ઝેક્શન મારફતે તેમના સુધી પહોચતી કરી હતી. મેંદરડાના અને હાલ આણંદ રહેતા બટુક ગાંડાલાલ મહેતાએ બંને એકાઉન્ટમાં ગેમીંગ અને સાયબર ફ્રોડથી છેતરપીંડી મારફતે મેળવેલા નાણા હોવાનુ જણાવી એકાઉન્ટમાં પૈસા જમા કરાવતા હતા. જેમાં કમીશન કાઢી ત્યારબાદ બાકી રહેતા નાણા આંગડીયા પેઢી મારફતે આગળ મોકલી આપતા હતા.

### અમરેલીનો અજય તન્ના અને હૈદરાબાદનો આદિલ મુખ્ય સૂત્રધાર, ગોંડલનો ઋષિત મિડિયેટર

૪૦૦ કરોડના સાયબર ફ્રોડ અંગે એસપી વિજયસિંહ ગુર્જરના જણાવ્યા મુજબ, આખું ફ્રોડનું નેટવર્ક અમરેલીનો અજય તન્ના અને હૈદરાબાદનો આદિલ ચલાવતાં હતાં. અજય તન્ના ગોંડલના ઋષિત રૈયાણી મારફત અલગ અલગ પેઢીઓના એકાઉન્ટ ભાડે મેળવી તેમાં કરોડો રૂપિયા ટ્રાન્સફર કરી પરત મેળવી લીધા હતાં. હાલ બંને મુખ્ય સૂત્રધાર પોલીસ પકડથી દુર હોય તેની શોધખોળ હાથ ધરાઈ છે.

---

### રેસકોર્ષમાં તા.૨૦થી ૨૨ ઈન્ડિયન કેટલ શોનું આયોજન : વિજેતા ગૌવંશને ઉત્તમ ઇનામોથી નવાઝાશે

# રાજકોટમાં ગીર-કાંકરેજ ગૌવંશનો કેટલ શો

રાજકોટ, તા.૧૩

તાજેતરમા મારવાડી કોલેજ ખાતે યોજાયેલા ઇન્વેસ્ટમેન્ટ સમિટમા પણ બ્રાઝીલના પોતાના પ્રવાસ અને ગીર ગાયની ભેટ દ્વારા દુધ ઉત્પાદનક્ષેત્રે બ્રાઝીલના અર્થતંત્રમા આવેલા અમૂલ્ય પરિવર્તનની વાત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પોતાના ભાષણમાં કહેલી વાત દેશમાં ઉદ્યોગ,હસ્તકલા,ગૌ આધારિત વસ્તુઓની પ્રદર્શની તો યોજાય જ છે.. પરંતુ બ્રાઝીલ દેશમાં સતત ૯૯ વર્ષથી યોજાતી ગૌ વંશ સંવર્ધન પ્રદર્શનીમાંથી પ્રેરણા લઇ ભારતમાં સૌપ્રથમ રાજકોટના આંગણે આવુ અનોખુ પ્રદર્શન યોજવાનુ બીડુ કેટલાક નવયુવાન ઉદ્યોગપતિઓએ ઝડપ્યુ છે આગામી ૨૦, ૨૧, ૨૨ ફેબ્રુઆરીના રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે એશિયાનો સૌથી મોટો અને ભારત દેશનો પ્રથમ વખત ભવ્યાતિભવ્ય ઇન્ડિયન કેટલ શો ૨૦૨૬ નું આયોજન થવા જઈ રહ્યું છે.

સમગ્ર આયોજન આઇ એફઆઈઝેડસી આઇની ટીમના સંકલન થી આઇ સી એસ ગુજરાત ટીમ ના સભ્યો આયોજન કરી રહ્યા છે. જેમાં આપણા ભારતના રાષ્ટ્રિય ધરોહર સમાન ગીર અને કાંકરેજ નસલ જાતિ ના ગૌ વંશનું પ્રદર્શન અને હરીફાઈ નું આયોજન થવાનું છે. ગુજરાતમાંથી ૮૦૦૦ થી વધારે ગૌવંશનું રજીસ્ટ્રેશન થયેલું છે. જેમાંથી ૧૦૦ ગીર અને ૧૦૦ કાંકરેજ ની પસંદગી કરાઈ છે. જેનું પ્રદર્શન અને હરીફાઈ થશે એમાથી વિજેતા ગૌવંશ ને શ્રેષ્ઠ ને ઉત્તમ ઇનામોની જાહેરાત થશે જેમા ચેમ્પિયન ઓફ ધ શો ૨૦૨૬ ગીર અને કાંકરેજ શ્રેષ્ઠ જાહેરાત થશે અને ઇનામ રાશીનુ વિતરણ કરાશે જેમા કુલ રકમ ૫૦ લાખ થી વધારે છે. જે ખેડૂતો અને પશુપાલકો માટે ખુબ ગૌરવની વાત છે.

આ આયોજનમા ખાસ યુવાનો આ કાર્યક્રમ મા જોડાય એ માટે સાંસ્કૃતિક કાર્યઁક્રમ ૨૧ ફેબ્રુઆરી ના સાંજે ૭:૩૦ વાગે વિશ્વ પ્રસિદ્ધ શબદ ફેમસ લોકગાયક હાર્દીક દવે નો સૂફી સંગીત સંધ્યા નુ આયોજન કરેલ છે.. જેમા આપણા ભાતીગળ સંસ્કૃતિ ના લોકગીતો, જુના ભજનો નો માર્મિક સંવાદ સાથે પોતાની આગવી શૈલી મા સૂરો રેલાવશે.. આ શોનુ ખાસ આકર્ષણ વિન્ટેજ કાર નુ પ્રદર્શન હશેજુના જમાના ની ગાડીઓ એન્ટીક વિન્ટેજ ગાડી નુ ભવ્યાતિત પ્રદર્શન પણ યોજાશે જે મુલાકાતીઓ નુ ખાસ આકર્ષણ બનશે.સાથે આ ત્રણ દિવસીય કાર્યક્રમ દરમિયાન ગૌ આધારિત એકમોને પ્રોત્સાહન આપવા હર ઘર સ્વદેશી, હર ઘર સ્વદેશીને ધ્યાને રાખી પશુ પાલકો ને પ્રોત્સાહન આપવા ઊડઙ્ઘનું સહઆયોજન પણ થયું છે જેમા સ્વદેશી વસ્તુ ગૌ આધારીત એકમો ના સ્ટોલ હશે.. પ્રાકૃતીક ખેતી તેમજ ઓર્ગેનીક વસ્તુઓ નુ વેચાણ પણ રાખવામા આવ્યુ છે.આ સમગ્ર કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીના હસ્તે ગૌ પૂજન તેમજ ગૌ પ્રદર્શનનું ઉદઘાટન થશે સાથે ગુજરાત રાજ્યમંત્રીઓ તેમજ સાધુસંતોની પ્રેરક ઉપસ્થિતિ રહેશે. ત્રણ દિવસ દરમિયાન ભારતભરમાંથી અનેક સંવર્ધકો, પશુપાલકો અને વૈજ્ઞાનિકો, વેટરનરી ડોક્ટરો હાજર રહેવાના છે. કાર્યક્રમમાં મુખ્ય અતિથી શંકર ચૌધરી (અધ્યક્ષ ગુજરાત વિધાનસભા) હર્ષ સંઘવી (નાયબમુખ્યમંત્રી, ગૃહમંત્રી ગુજરાત) પરષોતમ રૂપાલા (સાંસદ રાજકોટ) જીતુ વાઘાણી (કૃષિ,પશુપાલન મંત્રી ગુજરાત) નયનાબેન પેઢડીયા (મેયર,રાજકોટ) ગોવિંદ ધોળકીયા, (સાંસદ,રાજ્યસભા-સુરત), રાજકોટના ધારાસભ્યો ભાનુબેન બાબરીયા, ઉદય કાનગડ રમેશ ટીલાળા, ,રાજકોટ), દર્શિતાબેન શાહ ઉપસ્થિત રહેશે.

---

# સાબરમતી આશ્રમના નવીનીકરણનું કાર્ય પ્રગતિમાં

### CM ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની હાજરીમાં યોજાઈ બેઠક

ગાંધીનગર, તા.૧૩

મહાત્મા ગાંધી સાબરમતી આશ્રમ મેમોરિયલ ટ્રસ્ટની ગવર્નિંગ કાઉન્સિલની બેઠક મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને, નાયબ મુખ્યમંત્રી અને કાઉન્સિલના વાઈસ ચેરમેન હર્ષ સંઘવીની ઉપસ્થિતીમાં ગાંધીનગરમાં યોજવામાં આવી હતી. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આગવા વિઝન અને પ્રેરણાથી સાબરમતી આશ્રમનું અદ્યતનીકરણ અને નવીનીકરણ હાથ ધરવામાં આવી રહ્યું છે. આ સંદર્ભમાં સાબરમતી આશ્રમના હાથ ધરાઇ રહેલા વિવિધ કામોની પ્રગતિની સમીક્ષા ગવર્નિંગ કાઉન્સિલની આ બેઠકમાં કરવામાં આવી હતી.

એક્ઝિક્યુટીવ કાઉન્સિલના ચેરમેન આઈ.પી ગૌતમે વિસ્તૃત પ્રેઝન્ટેશન દ્વારા આ કામગીરીની સર્વગ્રાહી પ્રગતિનો ચિતાર આપ્યો હતો. આ પ્રોજેક્ટ અંતર્ગત ૨૮ જેટલા મકાનોના રિસ્ટોરેશનની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. તેમાંથી ૨૨નું કામ પૂર્ણ થઈ ગયું છે અને સમગ્ર રિસ્ટોરેશન કામગીરી માર્ચ-૨૬ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે તેમ તેમણે જણાવ્યું હતું. સાબરમતી આશ્રમના આ નવીનીકરણમાં ગ્રીન ગ્રોથને અગ્રતા આપવાના વડાપ્રધાનના દિશાનિર્દેશો અનુસાર અત્યારસુધીમાં ૯૮ હજાર જેટલા નાના-મોટા ઝાડ-છોડનું પ્લાન્ટેશન થઈ ગયું છે અને માર્ચ-૨૬ સુધીમાં વધુ ૧૬ હજાર પ્લાન્ટેશનની



કાર્યવાહી થઈ રહી છે તેમ પણ પ્રેઝન્ટેશનમાં જણાવવામાં આવ્યું હતું. શ્રમદાનના પૂજ્ય બાપુના વિચારને આશ્રમની પ્રવૃત્તિઓ સાથે જોડીને આશ્રમની મુલાકાતે આવનારા મુલાકાતીઓ ખાસ કરીને યુવાઓ વિવિધ સેવા પ્રવૃત્તિઓમાં કઈ રીતે સહભાગી થઈ શકે તે દિશામાં પણ આ બેઠકમાં વિસ્તૃત ચર્ચા - પરામર્શ થયા હતા. એટલું જ નહીં, ગવર્નિંગ કાઉન્સિલની અગાઉની બેઠકના એજન્ડાને બહાલી આપવામાં આવી હતી.

મહાત્મા ગાંધી સાબરમતી આશ્રમ મેમોરિયલ ટ્રસ્ટની ગવર્નિંગ કાઉન્સિલના સભ્યો સાંસદ નરહરીભાઈ અમીન, કાર્તિકેય સારાભાઈ, જયેશભાઇ પટેલ તેમજ મુખ્ય સચિવ એમ. કે. દાસ, યુવક, સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના અગ્ર સચિવ રાહુલ ગુપ્તા, મુખ્યમંત્રીના અધિક અગ્ર સચિવ ડો. વિક્રાંત પાંડે, પ્રવાસન સચિવ કુલદીપ આર્ય અને મહાત્મા ગાંધી સાબરમતી આશ્રમ મેમોરીયલ ટ્રસ્ટના ઓ.એસ.ડી. આઈ. કે. પટેલ પણ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા.

### ૧૫૦ થી ૨૦૦ જૂની અરજીઓના નથી થયા ઓર્ડર

# અશાંતધારાની પેન્ડિંગ અરજીઓનો નિકાલ લાવો

## સરકારના નવા નોટિફિકેશન અનુસાર કોઈ પૂર્ણ સ્પષ્ટતા નહીં ઘણા ખરા સર્વે નંબરો દૂર થઈ ગયા હોવાથી રેવન્યુ બહારના વકીલો હેરાન પરેશાન

રાજકોટ, તા. ૧૩

રાજકોટમાં અશાંતધારાની અનેકવિધ અરજીઓ હાલ પેન્ડિંગ પડેલી છે અને તેના નિવારણમાં કોઈને કોઈ અવરોધ ઊભો થઈ રહ્યો છે જે અંગેની ગંભીરતાને ધ્યાને લઈ રાજકોટના રેવન્યુ બહારના વકીલોએ કલેક્ટર સમક્ષ આ બાબતની લેખિત રજૂઆત કરી હતી અને જે અરજીઓ સામે વાંધો નથી તેવી અરજીઓ જે પેન્ડિંગ છે તેનું તાકીદે નિરાકરણ કરવામાં આવે તે અંગે પણ ભાર મૂકવામાં આવ્યો હતો હાલ અશાંતધારાની અરજીઓને લઈ ઘણી ખરી હાલાકી પડતી હોવાનું પણ હાલ જાણવા મળ્યું છે.

કલેકટર સમક્ષ જે રજૂઆત કરવામાં આવી તે અંગે જો વાત કરવામાં આવે તો વર્ષ ૨૦૨૧ ના જે નોટિફિકેશન કરવામાં આવ્યું છે તેમાં અશાંત ધારો લાગુ કરવામાં આવ્યો જેની મુદત ગત માસમાં જ પૂર્ણ થઈ ચૂકી છે અને ફરી વખત તેને રીન્યુ પણ કરવામાં આવી છે. પરંતુ જે સરકાર દ્વારા નવું નોટિફિકેશન જાહેર કરવામાં આવ્યું તેમાં રેવન્યુ સર્વે નંબર તથા સીટી સર્વે નંબરનો ઉલ્લેખ થયો નથી જેને લઈને ઘણા અન્ય પ્રશ્નો પણ ઊભા થઈ રહ્યા છે. હાલ મળતી માહિતી મુજબ ૧૫૦ થી ૨૦૦ જેટલી અરજીઓના ઓર્ડર હજુ કરવામાં આવ્યા નથી. આ અંગે પ્રાંત કચેરીમાં પણ રજૂઆત કરવામાં આવી છે અને સરકાર તરફથી જે સર્વે નંબર રહી ગયા છે તે અંગે યોગ્ય માર્ગદર્શન મેળવી ઓર્ડર કરવામાં આવે તેવી પણ રજૂઆત હાલ કલેક્ટર સમક્ષ કરાય છે.

હાલ કલેક્ટર તંત્ર તરફથી જે નોટિફિકેશન પ્રસિદ્ધ કરવામાં આવ્યું તે અંગેની હજી કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી અને પરિણામ સ્વરૂપે જૂની અનેકવિધ અરજીઓ આજે પણ પેન્ડિંગ હોવાનું રેવન્યુ બહારના વકીલોએ જણાવ્યું હતું. બીજી મહત્વની વાત એ છે કે અશાંત ધારાના ઓર્ડર વગર દસ્તાવેજ નોંધણી નથી થતી ત્યારે ઘણા પક્ષકારો અન્ય જગ્યા પર રહેતા હોવાથી હાલ તેઓને ખૂબ મોટો ખર્ચ અને સમય પણ વ્યર્થ




થઈ રહ્યો છે અને આર્થિક તકલીફો પણ વેઠવી પડે છે. કેટલાક કેસોમાં હોમ લોન મંજૂર થયેલ હોવા છતા ઓર્ડર વિલંબીત થતા ટ્રાન્જેકશન અટકી જાય છે. જેના કારણે નાગરિકોમાં અસંતોષ અને ગેરસમજ ઉભી થાય છે. વહીવટી વિલંબના કારણે કાયદેસર ટ્રાન્ઝેકશન અવરોધિત થવું ન્યાયસંગત નથી.

જાન્યુઆરી ૨૦૨૬ના નોટિફિકેશનમાં રહી ગયેલ રેવન્યુ સર્વે નંબર/સીટી સર્વે નંબર અંગે તાત્કાલિક સ્પષ્ટતા જાહેર કરવામાં આવે. પેન્ડીંગ અરજીઓમાં વહેલી તકે ઓર્ડર કરવાની સૂચના સંબંધિત કચેરીને આપવામાં આવે. ભવિષ્યમાં આવી પરિસ્થિતિ ટળે તે માટે યોગ્ય વહીવટી માર્ગદર્શન આપવામાં આવે.

રાજકોટ રેવન્યુ બાર એસો.ના પ્રમુખ રમેશભાઈ કથીરીયા, સેક્રેટરી વિજયભાઈ તોગડીયા, ધર્મેશ સખીયા, મેઈન બારના સેક્રેટરી નિલેષભાઈ પટેલ, ટ્રેઝરર પ્રગતિબેન માકડીયા, સભ્ય હીરલબેન જોશી, સર્વે વકીલો નિશાબેન લુણાગરીયા, સી.એચ. પટેલ, વિમલ ડાંગર, હરેશભાઈ લાવડીયા, રમેશભાઈ કાપડીયા, રાજેન્દ્રસિંહ ઝાલા, પૂર્વ પ્રમુખ પરેશભાઈ મારૂ, બારના સભ્ય વિજયભાઈ રૈયાણી, અશ્વિનભાઈ રામાણી સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

# વોર્ડ-૧૫માં રોડ, રસ્તા અને ગટરના પ્રશ્નોથી ત્રાહિમામ

## પ્રજાલક્ષી પ્રશ્નોનું નિવારણ લાવવા કોંગ્રેસની હૈયાધારણા : અંતિમ જનરલ બોર્ડમાં સત્તાધિશો પર હાવી થવાનો માસ્ટર પ્લાન



રાજકોટ, તા. ૧૩

કોંગ્રેસની જન સંપર્ક અભિયાન ખરા અર્થમાં ઉપયોગી સાબિત થઈ રહ્યું છે કે કેમ તે અંગે હજુ પક્ષ પણ અવઢવમાં છે. મળતી માહિતી મુજબ હાલ કોંગ્રેસમાં આંતરિક વિવાદ ચરમસીમાએ પહોંચ્યો છે તે દરમિયાન ગઈકાલે વોર્ડ ૧૫માં જન સંપર્ક યાત્રાનું આયોજન શહેર કોંગ્રેસ પ્રમુખ રાજદીપસિંહ જાડેજાના વડ પણ હેઠળ કરવામાં આવ્યું હતું જેમાં દૂધસાગર વિસ્તારમાં જે કોંગ્રેસનો ગઢ કહેવામાં આવે છે ત્યાં યોજાયો હતો જેમાં લોકોએ અનેકવિધ પ્રશ્નો કોંગી આગેવાનો સમક્ષ ઠાલવ્યા હતા.

શહેર પ્રમુખ ડો. રાજદીપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, કોંગ્રેસ હંમેશા છેવાડાના માનવીની પડખે ઉભી છે. લોકો ના પ્રશ્નો માટે અમારી ટીમ કોર્પોરેશનમાં કાયમ આક્રમક રહેશે. વોર્ડ નંબર ૧૫ ના રહેવાસીઓએ જણાવ્યું હતું કે કોંગ્રેસના કોર્પોરેટર માત્ર બોર્ડમાં જ નહીં, પણ રોજબરોજ પ્રજાની વચ્ચે રહીને ગટર, પાણી અને રસ્તાની પાયાની સુવિધાઓ નું સ્થળ પર જ નિરાકરણ લાવે છે.દૂધ સાગર રોડના રહીશોએ જણાવ્યું હતું કે, ''અમારા કોર્પોરેટરો અમારી શક્તિ છે. તેઓ જનરલ બોર્ડમાં તંત્ર સામે લડે છે અને જમીન પર અમારી સેવા કરે છે.''

કોંગ્રેસ આપકે દ્વાર જન સંપર્ક કાર્યક્રમમાં વોર્ડ વાઇસ ઠેર ઠેર લોકોનો સારો પ્રતિસાદ મળી રહ્યો છે.અને આવનારા દિવસોમાં લોકોના વિશ્વાસ ને કાયમી રાખી, પ્રજા લક્ષી રાજકોટના પ્રશ્નનો નિરાકરણ કરીશું અને કોર્પોરેશનમાં કુશાસનની જગ્યાએ સુશાસન ની સ્થાપના કરીશું એવું રાજદીપસિંહ જાડેજાએ જણાવ્યું હતું વોર્ડ નંબર ૧૫માં આ કાર્યક્રમને સફળ બનાવવા માટે રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ ડો. રાજદીપસિંહ જાડેજા સહિત જસવંતસિંહ ભટ્ટી, વોર્ડ પ્રમુખ આરીફ ભાઈ ઘોણીયા, મહામંત્રી પ્રવિણભાઇ રોજાસરા, કોર્પોરેટરો મકબુલ ભાઈ દાઉદાણી, કોમલબેન ભારાઈ, તેમજ કાર્યકરો અકબરભાઇ પતાણી, અલતાફ રાઉમા, માવજી ભાઈ મકવાણા, મુકેશભાઈ કોળી, રમેશ ભાઈ ચુડાસમા, મનોજભાઈ મેવાસીયા, જગદીશભાઈ મકવાણા, રમેશભાઈ જાદવ, દીપકભાઈ સાકરીયા, મહંમદ અલી ચાનીયા, ઈમરાન સમા, રામદેવ સિંહ વાઘેલા, ઈમરાન પરમાર, હરેશ ભારાઈ, જયદીપભાઇ મયાત્રા, ખીમજીભાઈ ભાટી, રાહુલ સાકરીયા, અનિલભાઈ ભટ્ટી, ફારૂક શાહ સાહમદાર, સબીર ખાન બલોચ (દરબાર), વસીમભાઈ લુવાની, અલી ભાઈ પીનજારા, મહેબુબભાઇ દલવાડી, કુતુબભાઈ લાખાણી, દિલીપભાઈ નકુમ, અજમલભાઈ નકુમ, નિલેશભાઈ દેથરીયા, લલીતભાઈ પરમાર, સોયબ શાહમદાર, રમજાન રાઉમા, ફિરોજ કઇડા, ઈમરાન સુમરા, મંગલભાઈ નકુમ સહિતના આગેવાનો- કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# શ્વાનની ગણતરી શિક્ષકો નહીં કરે

રાજકોટ, તા. ૧૩

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા અનેકવિધ ચોકાવનારા ખુલાસાઓ અને આદેશો કરવામાં આવી રહ્યા છે જે ઘણા ખરા પ્રશ્નો ઉભા કરે છે. બોર્ડના નિર્ણયોના કારણે શિક્ષકોમાં પણ ઘણા પ્રશ્નો ઊભા થયા છે કારણ કે હાલ તગલખી નિર્ણય લેવામાં આવ્યો જેમાં શિક્ષકોને સ્વાનની વસ્તી ગણતરી કરતો પરિપત્ર પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો જે બાદ રાજ્યભરના શિક્ષકોમાં ભારે રોષ વ્યાપી ઊઠ્યો. રાજ્ય આચાર્ય સંઘ દ્વારા આ પરિપત્રનો બહિષ્કાર કરવામાં આવ્યો હોવાનું પણ જાણવા મળ્યું છે એટલું જ નહીં કચેરીના નિયામકને પણ આ બાબતે પત્ર પાઠવી રજૂઆત કરવામાં આવી છે. રાજ્ય આચાર્ય સંઘ અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘના હોદ્દેદારો દ્વારા જણાવવામાં આવ્યું હતું કે શિક્ષકો પાસેથી અનેકવિધ પ્રકારની કામગીરી કરાવવામાં આવી રહી છે જેનાથી સ્ટ્રેસનું પ્રમાણ પણ શિક્ષકો પર વધી રહ્યું છે. જેમાં હવે રાજ્યની શૈક્ષણિક



**શિક્ષણ વિભાગના તઘલખી નિર્ણયનો રાજ્ય આચાર્ય સંઘનો વિરોધ**

સંસ્થાના કેમ્પસ, કચેરીઓ અને સંસ્થાઓમાં રહેલા શ્વાનોની સર્વે કામગીરી તાત્કાલીક કરવા માટે રાજ્યના તમામ શિક્ષણાધિકારીઓને પરિપત્ર પાઠવી આદેશ કરવામાં આવેલ છે. પરંતુ આ પ્રકારની કામગીરી કરાવવી એ કેટલા અંશે વ્યાજબી છે? તેવો પ્રશ્ન ઉઠાવી તેઓએ વધુમાં જણાવ્યું હતું કે શિક્ષણ વિભાગના આ પરિપત્રથી શિક્ષક સમાજની લાગણીને ઠેસ પહોંચી છે. આ પરિપત્રનો રાજય આચાર્ય સંઘ દ્વારા બહિષ્કાર કરવામાં આવેલ છે. તેઓએ એવું પણ જણાવ્યું હતું કે હોસ્પીટલ, રેલ્વે સ્ટેશન કે અન્ય સંસ્થામાં જઈ આ પ્રકારની કામગીરી શિક્ષકો દ્વારા બીલકુલ કરવામાં આવશે નહીં. ત્યારે આ અંગે સરકાર શું પગલાં લેશે તે હવે જોવાનું રહ્યું અને પરિપત્રની અમલવારી થશે કે કેમ તે પણ હાલ ચર્ચા નો વિષય બન્યો છે. કારણ કે રાજ્યો આચાર્ય સંઘ દ્વારા આ પરિપત્રનો ઉલાળ્યો કરવામાં આવ્યો હોવાનું પણ સ્પષ્ટ જણાઈ રહ્યું છે તો હવે શ્વાનની વસ્તી ગણતરી માટે શું પગલાં લેવામાં આવશે તે પણ સૌથી મોટો પ્રશ્ન છે. જાણકાર વર્તુળોના જણાવ્યા અનુસાર આ પ્રકારની કામગીરીમાં હર હંમેશ શિક્ષકોનો જ સમાવેશ કરવામાં આવતો હોય છે તેની પાછળનું શું કારણ તે અંગે હજી સુધી કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી પરંતુ એ વાત તો સ્પષ્ટ છે કે શિક્ષકો દ્વારા સરકારની વિવિધ કામગીરીઓ કરવામાં આવતી હોય છે અને પરિણામ સ્વરૂપે શૈક્ષણિક કાર્યને પણ ક્ષતિ પહોંચે છે.

### ૨.૯૫ લાખ મતદારોના નામ યાદીમાંથી દૂર : હવે પ્રસિદ્ધ થશે અંતિમયાદી

# જિલ્લામાં ૨૦.૯૫ લાખ મતદારો



રાજકોટ, તા. ૧૩

સમગ્ર રાજ્યમાં હાલ મતદાર સુધારણા ની કામગીરી ચાલી રહી છે એટલું જ નહીં આ કામગીરીથી અનેક પ્રશ્નો પણ વિપક્ષ દ્વારા ઉભા કરવામાં આવ્યા હતા. મળતી માહિતી મુજબ આજે વિગતો મળી રહી છે તે મુજબ મતદાર સુધારણા ની કામગીરીમાં અનેક લોકોએ ફોર્મ સાથ એટલે નામ કમી કરવાની અરજી કરી હતી જેમાં કોંગ્રેસે પ્રશ્ન ઉઠાવ્યો હતો. પરંતુ હાલ રાજકોટ કલેકટર કચેરી ના સુત્રો દ્વારા જે વિગતો મળી રહી છે તે મુજબ જિલ્લાના આઠ વિધાનસભા બેઠકમાંથી આશરે ત્રણ લાખ જેટલા મતદારો ના નામ કમી કરવામાં આવ્યા છે જેથી હવે જિલ્લામાં ૨૦.૯૫ લાખ મતદારો નોંધાયા છે.

મતદાર સુધારણાની કામગીરી શરૂ થઈ તે પૂર્વે જિલ્લામાં ૨૩.૯૧ લાખ મતદારો હતા પરંતુ હાલની કામગીરી બાદ જિલ્લામાં ૨૦.૯૫ લાખ મતદારો નોંધાયા છે ત્યારે આ સંખ્યા કોને લાભ અપાવશે તે હવે જોવાનું રહ્યું. કેન્દ્રીય ચૂંટણી પંચના આદેશ બાદ તા.૪ નવેમ્બરથી રાજકોટ જિલ્લામાં ઘેર-ઘેર એન્યુમરેશન ફોર્મ વિતરણ સાથે 'સર'ની કામગીરી શરૂ થઇ હતી.ડિસેમ્બર-૨૦૨૫માં 'સર' બાદ મતદાર યાદીની પ્રાથમિક પ્રસિદ્ધિ થતા જિલ્લાની આઠ વિધાનસભા બેઠકમાં નોંધાયેલા ૨૩.૯૧ લાખ પૈકી ૨.૨૫ લાખ મતદાર નો-મેપિંગ કેટેગરીમાં સમાવી લેવામાં આવ્યા હતા.

જે બાદ હક્ક-દાવાની સુનાવણી હાથ ધરવામાં આવતા જિલ્લામાં ૩૩,૪૫૨ મતદારોએ નામ ઉમેરવા, ૨૨૦૦થી વધુ મતદારોએ નામ કમી કરવા અને ૩૩,૫૦૦થી વધુ મતદારે સ્થળાંતર માટે ફોર્મ-૮ રજૂ કર્યા હતા અને કુલ મળી ૬૯,૦૦૦ મતદારના હક્ક-દાવા સાંભળી આગામી તા.૧૭ ફેબ્રુઆરીએ પ્રસિદ્ધિ થનાર મતદાર યાદી માટે કુલ ૨૦,૯૫,૦૦૦થી વધુ મતદારને સમાવી લેવામાં આવ્યા છે. મહત્ત્વનું છે કે, જિલ્લામાં 'સર' દરમિયાન સૌથી વધુ પરપ્રાંતીય મતદારો અને બેવડાયેલ મતદારોના નામ પર કાતર ફરી હોવાનું સુમાહિતગાર વર્તુળો જણાવી રહ્યા છે.

રાજકોટ જિલ્લાની આઠ વિધાનસભા બેઠકોમાં ડિસેમ્બર માસમાં પ્રાથમિક મતદાર યાદીની પ્રસિદ્ધિ સમયે ૮૯,૨૯૨ મતદાર મૃત્યુ પામ્યા હોવાનું, ૬૧૨૭૪ મતદાર મળી આવતા ન હોવાનું, ૧,૬૯,૬૦૬ મતદાર કાયમી ધોરણે અન્યત્ર વસવાટ કરતા હોવાનું તેમજ ૧૦,૬૧૫ મતદાર બેવડાયેલા હોવાનું સામે આવ્યું હતું.

જિલ્લાની આઠ વિધાનસભા બેઠકોમાં 'સર' પ્રક્રિયા દરમિયાન વર્ષ ૨૦૦૨ની તુલનાએ મેપિંગ ન થયું હોય તેવા તેમજ પુરાવા રજૂ ન કરી શક્યા હોય તેવા ૩.૪૪ લાખ મતદારને ચૂંટણી તંત્રએ નોટિસ પાઠવી એઈઆરઓ કક્ષાએ રૂબરૂ સાંભળવામાં આવ્યા હતા જેમાંથી ૩.૩૭ લાખથી વધુ મતદારોએ મતદાર યાદીમાં પોતાના નામ ચાલુ રાખવા માટે જરૂરી પુરાવા રજૂ કર્યા હતા. જ્યારે ૭૨૦૦થી વધુ મતદાર પોતાના પુરાવા રજૂ નહીં કરી શકતા આવા મતદારોના નામ 'સર' બાદ તૈયાર થતી આખરી મતદાર યાદીમાંથી કમી કરી દેવામાં આવશે.

મતદાર સુધારણા ની કામગીરી અંગે કોંગ્રેસે પોતાનો વિરોધ નોંધાવ્યો છે અને યોગ્ય કામગીરી કરવા માટેની અપીલ પણ કરી છે ત્યારે આ અંગે તંત્ર સુ પગલાં રહેશે તે જોવાનું રહ્યું અને અંતિમ મતદારયાદી પ્રસિદ્ધ થવાના ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે રાજકોટ જિલ્લામાં આશરે ત્રણ લાખ મતદારોના નામ યાદીમાંથી દૂર થયા હોવાનું હાલ સૂત્રો જણાવી રહ્યા છે જે અત્યંત ચોંકાવનારી બાબત છે

### રાજકોટ સહિત રાજ્યના ૩૩ અધિક કલેક્ટરોને સિલેક્શન ગ્રેડના ઓર્ડર ઈસ્યુ

# નાયબ ચૂંટણી અધિકારી મૂછાળની સિલેક્શન સ્કેલમાં પસંદગી

રાજકોટ, તા. ૧૩.

રાજ્યભરના અધિક કલેક્ટરોને સિલેક્શન સ્કેલના આધારે ઓર્ડર ઈસ્યૂ કરવામાં આવ્યા છે જેમાં રાજકોટ જિલ્લા કલેકટર કચેરી ખાતે નાયબ ચૂંટણી અધિકારી તરીકે ફરજ બજાવતા એન કે મૂછાળ તેમજ સૌરાષ્ટ્ર કચ્છ ઈરીગેશન વિભાગના અધિક કલેક્ટર તરીકે ફરજ બજાવતા જે.ડી ગઢવીને સિલેક્શન સ્કેલમા પસંદ કરવામાં આવ્યા છે તેમની સાથે. મોરબીના ડીઆરડીએના ગઢવી, ખેડાના જે . ડી દેસાઈ, પંચમહાલ ગોધરાના ડી.આર પટેલ, સરદાર સરોવરના ડેપ્યુટી કમિશનર એમ.એસ ગઢવી, દ્વારકાના બી.એમ જોટાણીયા, મોરબીના અધિક કલેકટર એસ.જે ખાચર, બોટાદના પી.એલ. ઝણકાંટ , રાજપીપળાના ડીઆરડીએ વાય.એસ. ચૌધરી, જુનાગઢના અધિક કલેકટર બી.એસ બારડ , કચ્છ ભુજના ડી.પી. ચૌહાણ અને ભાવનગરના ડીઆરડીએ જે.એન. જહારૂ સહિતના ૩૩ આ અધિક કલેકટરોને સીલેકશન સ્કેલમાં પસંદ કરવામાં આવ્યા છે અને મળવાપાત્ર અન્ય લાભો પણ આ તમામ અધિકારીઓને મળશે તેવું પણ સુનિશ્ચિત થયું છે.

# ગોંડલ પંથકમાં વનરાજાના આંટાફેરા



**કંટોલીયામાં મારણ કરનાર સાવજ મોટાદડવા પહોચ્યો**

રાજકોટ, તા.૧૩

છેલ્લા ઘણા સમયથી રાજકોટ જિલ્લામાં ગીરના સિંહોની અવર-જવર થઈ રહી છે. વારંવાર અને ખાસ કરીને ઉનાળાની સિઝન દરમ્યાન ગીરના સિંહો ગીરનાર જંગલમાંથી રાજકોટ જિલ્લાના ગોંડલ, કોટડા સાંગાણી સહિતના વિસ્તારોમાં આવી ચડે છે. અને મારણ કરીને થોડો સમય રહ્યા બાદ ફરી જંગલમાં ફરી જાય છે.

આજથી બે દિવસ પહેલા જ ગીરનારના જંગલમાંથી એક નર સિંહ ગોંડલ તાલુકાના સૌથી નજીકના કંટોલીયા ગામે આવી ચડ્યો હતો અને સિંહે એક વાછરડાનું મારણ પણ કર્યું હતું. આ બાબતે ગ્રામજનોએ જિલ્લા વન વિભાગને જાણ કરી વન વિભાગે તુરંત કામે લાગ્યું હતું અને સિંહનું લોકેશન મેળવવાનું શરૂ કર્યું હતું. હતું.

દરમ્યાન શુક્રવારે જિલ્લા વન વિભાગનો સંપર્ક કરતાં અધિકારી સુત્રોએ જણાવ્યું હતું કે કંટોલીયામાં દેખાયેલો સિંહ વહેલી સવારે ગોંડલના છેવાડાના ગામ મોટા દડવા ખાતે દેખાયો હતો. સિંહે બે દિવસમાં 30 કિ.મી. જેટલું અંતર કાપી મોટા દડવા પહોંચી ગયો હતો. હજુ પણ વન વિભાગ સતત સિંહ ઉપર વોચ રાખી રહ્યું છે. ત્યારે વનરાજા જ્યાં જ્યાં મહાલવા નીકળ્યા છે તે વિસ્તારોના ખેડૂતોએ થોડા સાવધ થઇ જવાની વનતંત્રની તાકીદ છે.

રાજકોટ મિરર
તંત્રીની કલમે

# નિંદામણ તો કરો !

## યુનિવર્સિટીના તંત્રમાં સફાઈ વગર મેકઅપ જામતો નથી



સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પ્રાંગણમાં રાજ્યપાલના હસ્તે ઔષધિ ઉદ્યાનનો પ્રારંભ થયો છે. આ એક આવકાર્ય અને પ્રશંસનીય પગલું છે. પ્રકૃતિ અને પર્યાવરણના જતન માટે આવા પ્રોજેક્ટ્સ જરૂરી છે. પરંતુ યુનિવર્સિટીની વર્તમાન સ્થિતિ જોતા એક પ્રશ્ન ચોક્કસ થાય છે. બાહ્ય સુંદરતા વધારવા માટે આ મેકઅપ તો થઈ રહ્યો છે, પણ શું અંદરની સફાઈનું શું? યુનિવર્સિટીના વહીવટી તંત્રમાં ઉગી નીકળેલા નિંદામણને દૂર કર્યા વગર ગમે તેટલા ઉદ્યાનો બનાવશો તો પણ તે શોભશે નહીં.

કોઈપણ ખેતર કે બગીચામાં વાવણી કરતા પહેલા નિંદામણ કરવું અનિવાર્ય છે. જો નકામું ઘાસ અને કચરો સાફ ન કરવામાં આવે, તો ગમે તેવો ઉત્તમ પાક પણ નિષ્ફળ જાય છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની હાલત અત્યારે આવી જ કંઈક છે. અહીં રેઢિયાળ નીતિ અને બેજવાબદાર તંત્રનું સામ્રાજ્ય જોવા મળે છે. વહીવટી તંત્રમાં જામી ગયેલો કચરો શિક્ષણના વાતાવરણને દૂષિત કરી રહ્યો છે. યુનિવર્સિટીની દશા હાલમાં 'થર્ડ ક્લાસ' જેવી બની ગઈ છે, જ્યાં જવાબદારી જેવું કશું દેખાતું નથી.

તંત્રમાં આડેધડ ઉગી નીકળેલા બિનજરૂરી તત્વો અને ભ્રષ્ટ નીતિઓનો સફાયો કરવો હવે અનિવાર્ય બન્યો છે. સત્તાના જોરે મનસ્વી રીતે વર્તતા લોકો યુનિવર્સિટીની ગરિમાને હાની પહોંચાડી રહ્યા છે. વહીવટી શિથિલતાને કારણે વિદ્યાર્થીઓના હિતો જોખમાય છે. માત્ર નવા પ્રોજેક્ટ્સના લોકાર્પણ કરવાથી યુનિવર્સિટીનો વિકાસ થયો ગણાય નહીં. સાચો વિકાસ ત્યારે જ કહેવાશે જ્યારે તંત્ર પારદર્શક અને જવાબદાર બને.

યુનિવર્સિટીના સત્તાધીશોએ એ સમજવાની જરૂર છે કે નિંદામણ વગરનો મેકઅપ કાયમી ટકતો નથી. જે રીતે ઉદ્યાનમાં ઔષધિઓ વાવવામાં આવી છે, તે જ રીતે વહીવટમાં પણ શુદ્ધિકરણની 'ઔષધિ' જરૂરી છે. જો આડેધડ ઉગી નીકળેલા લોકો અને નબળી નીતિઓનો સફાયો નહીં થાય, તો શિક્ષણનો પાક મુરઝાઈ જશે. યુનિવર્સિટીને સફાઈની તાતી જરૂર છે, જેથી તેની પ્રતિષ્ઠા ફરીથી સ્થાપિત થઈ શકે. ગેરરીતિઓનું નિંદામણ કરીને જ તંત્રને ફરી ધબકતું કરી શકાય તેમ છે.

# US ટ્રેડ ડીલ સામે કોંગ્રેસનો મહાસંગ્રામ ?

## અમેરિકા-ભારત વેપાર કરારનો વિરોધ વ્યક્ત કર્યો અને મકાઈ, સોયાબીન, કપાસ, ફળો અને બદામ ઉગાડતા ખેડૂતોની આજીવિકા અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરી

નવીદિલ્હી, તા. ૧૩

કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધી કામદારો અને ખેડૂતોને લગતા મુદ્દાઓ પર સરકાર પર સતત પ્રહારો કરી રહ્યા છે. આ દરમિયાન, તેમણે આજે સંસદમાં ખેડૂત સંગઠનોના નેતાઓ સાથે મુલાકાત કરી. નેતાઓએ અમેરિકા-ભારત વેપાર કરારનો વિરોધ વ્યક્ત કર્યો અને મકાઈ, સોયાબીન, કપાસ, ફળો અને બદામ ઉગાડતા ખેડૂતોની આજીવિકા અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરી. રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે વેપાર કરારથી કૃષિ આયાત માટે દરવાજા ખુલી ગયા છે, અને ટૂંક સમયમાં અન્ય ઘણા પાકોની આયાત કરવામાં આવશે. ખેડૂત નેતાઓ અને રાહુલ ગાંધીએ આ કરારનો વિરોધ કરવા અને ખેડૂતો અને ખેત મજૂરોની આજીવિકાનું રક્ષણ કરવા માટે મોટા પાયે રાષ્ટ્રીય આંદોલનની જરૂરિયાત પર ચર્ચા કરી. સુખપાલ એસ. ખૈરા, રણજીત સંધુ અને અશોક બલહારા પણ હાજર હતા.ખેડૂત નેતાઓ સાથેની આ મુલાકાત પહેલા, રાહુલ ગાંધીએ સ્પષ્ટપણે કહ્યું હતું કે ભલે ઋઈછ દાખલ કરવામાં આવે, કેસ દાખલ કરવામાં આવે, કે વિશેષાધિકાર પ્રસ્તાવ લાવવામાં આવે, તેઓ ખેડૂતો માટે લડશે. કોઈપણ વેપાર કરાર જે ખેડૂતોની આજીવિકા છીનવી લે છે અથવા દેશની ખાદ્ય સુરક્ષાને નબળી પાડે છે તે ખેડૂત વિરોધી છે. ખેડૂત વિરોધી મોદી સરકાર ખેડૂતોના હિત સાથે સમાધાન કરશે નહીં. રાહુલ ગાંધીએ સંસદ ભવનમાં ખેડૂત નેતાઓ સાથે મુલાકાત કરી, જ્યાં અમેરિકા-ભારત વેપાર કરારનો વિરોધ કરવામાં આવ્યો હતો. નેતાઓએ મકાઈ, સોયાબીન, કપાસ, ફળો અને બદામ ઉગાડતા ખેડૂતોની આજીવિકા અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી. ગાંધીએ જણાવ્યું હતું કે આ કરાર કૃષિ આયાત માટે દરવાજા ખોલશે, જે ભવિષ્યમાં અન્ય પાકોને અસર કરી શકે છે.



### રાહુલે વિવિધ ખેડૂત નેતાઓ સાથે મુલાકાત કરી

- ઓલ ઈન્ડિયા કિસાન કોંગ્રેસના સુખપાલ એસ. ખૈરા
- GKS રાજસ્થાનના રણજીત એસ. સંધુ
- ભારતીય કિસાન મજદૂર યુનિયન, હરિયાણાના એડવોકેટ અશોક બલ્હારા
- કેએમએમ કેરળના પીટી જોન
- BKU ક્રાંતિકારીના બલદેવ એસ જીરા
- પ્રગતિશીલ ખેડૂત મોરચાના આર.નંદકુમાર
- બીકિયુ શહીદ ભગતસિંહ મોહરીના અમરજીત એસ
- ઓલ ઈન્ડિયા કિસાન કોંગ્રેસના અખિલેશ શુક્લા
- આમ કિસાન યુનિયનના કેદાર સિરોહી
- કિસાન કોંગ્રેસ પંજાબના કિરણજીત એસ સંધુ
- રાજ્યસભાના ગુરપ્રીત એસ
- કિસાન મજદૂર મોરચા ભારતના ગુરમનીત એસ. મંગત
- જમ્મુ-કાશ્મીર લેન્ડલોર્ડ ફોરમના હામિદ મલિક
- KMM ના તેજવીર સિંહ
- હરિયાણા કિસાન સંઘર્ષ સમિતિના ધરમવીર ગોયત
- ના ઈશ્વરસિંહ નૈન કૃષક સમાજ
- દક્ષિણ હરિયાણા કિસાન યુનિયનના સતબીર ખટાના

# ૧૦ વર્ષમાં ન્યાયાધીશો વિરુદ્ધ ૮,૩૬૦ ફરિયાદો

## સાંસદે હાઈકોર્ટ અથવા સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશો વિરુદ્ધ ભ્રષ્ટાચાર, જાતીય ગેરવર્તણૂક અથવા અન્ય ગંભીર અનિયમિતતાઓની ફરિયાદોની યાદી માંગી

નવીદિલ્હી, તા. ૧૩

કેન્દ્રીય કાયદા મંત્રાલયે શુક્રવારે સંસદમાં માહિતી આપી હતી કે ભારતના મુખ્ય ન્યાયાધીશના કાર્યાલયને છેલ્લા દસ વર્ષમાં વર્તમાન ન્યાયાધીશો વિરુદ્ધ ૮,૩૬૦ ફરિયાદો મળી છે. શુક્રવારે લોકસભામાં દ્રવિડ મુનેત્ર કઝગમ (DMK) ના સંસદ સભ્ય (MP) માથેશ્વરન વી.એસ. દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નના જવાબમાં આ માહિતી આપવામાં આવી હતી. સાંસદે હાઈકોર્ટ અથવા સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશો વિરુદ્ધ ભ્રષ્ટાચાર, જાતીય ગેરવર્તણૂક અથવા અન્ય ગંભીર અનિયમિતતાઓની ફરિયાદોની યાદી માંગી હતી. સુપ્રીમ કોર્ટમાંથી પ્રાપ્ત માહિતી અનુસાર, કાયદા અને ન્યાય રાજ્યમંત્રી અર્જુન રામ મેઘવાલે જવાબ આપ્યો હતો કે ૨૦૧૬ થી ૨૦૨૫ વચ્ચે ૮,૩૬૦ ફરિયાદો મળી હતી. માથેશ્વરને એમ પણ પૂછ્યું હતું કે શું આ ફરિયાદો પર કોઈ કાર્યવાહી કરવામાં આવી છે. જો કે, કાયદા મંત્રાલયના પ્રતિભાવે તે પાસાને અવગણ્યું અને ફરિયાદો પર કાર્યવાહીનો કોઈ રેકોર્ડ કેમ નથી તે સમજાવ્યું નહીં.

બીજો પ્રશ્ન એ હતો કે શું કેન્દ્ર સરકાર સુપ્રીમ કોર્ટ દ્વારા હાઈકોર્ટ અથવા સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશો સામે મળેલી ભ્રષ્ટાચાર, જાતીય ગેરવર્તણૂક અથવા અન્ય ગંભીર અનિયમિતતાઓ સંબંધિત ફરિયાદોના રેકોર્ડ અથવા ડેટાબેઝ જાળવવા માટે ઉપયોગમાં લેવાતી કોઈપણ સિસ્ટમથી વાકેફ હતી. જવાબમાં કહેવામાં આવ્યું હતું કે ભારતના મુખ્ય ન્યાયાધીશ અને ઉચ્ચ ન્યાયાલયોના મુખ્ય ન્યાયાધીશો આંતરિક પ્રક્રિયાઓ અનુસાર ન્યાયાધીશો સામે ફરિયાદો મેળવવા માટે સક્ષમ છે. તેમાં કહેવામાં આવ્યું હતું કે સેન્ટ્રલાઈઝ્ડ પબ્લિક ગ્રીવન્સ રિડ્રેસ એન્ડ મોનિટરિંગ સિસ્ટમ (CPGRAMS) દ્વારા અથવા અન્ય માધ્યમો દ્વારા મળેલી ઉચ્ચ ન્યાયાલયના સભ્યો વિરુદ્ધ ફરિયાદો CJI અથવા સંબંધિત ઉચ્ચ ન્યાયાલયના મુખ્ય ન્યાયાધીશને મોકલવામાં આવે છે.

મંત્રીએ માથેશ્વરનના પ્રશ્નનો પણ જવાબ આપ્યો ન હતો કે શું સરકાર ઉચ્ચ ન્યાયાલયના સભ્યો વિરુદ્ધ ફરિયાદોનું વ્યવસ્થિત રેકોર્ડિંગ, દેખરેખ અને જવાબદારી સુનિશ્ચિત કરવા માટે માર્ગદર્શિકા જારી કરવા અથવા પગલાં લેવાનું વિચારી રહી છે. કેન્દ્રીય કાયદા મંત્રાલયે જણાવ્યું હતું કે CJIના કાર્યાલયને છેલ્લા ૧૦ વર્ષમાં વર્તમાન ન્યાયાધીશો સામે ૮,૩૬૦ ફરિયાદો મળી છે. જો કે, આ ફરિયાદો પર લેવામાં આવેલી કાર્યવાહી અથવા ડેટાબેઝની જાળવણી અંગે કોઈ સ્પષ્ટ માહિતી આપવામાં આવી નથી. લોકસભામાં એક પ્રશ્નના જવાબમાં આ માહિતી પ્રકાશમાં આવી.

# ભારતીય પાસપોર્ટના રેન્કિંગમાં સુધારો

નવીદિલ્હી, તા. ૧૩

આ વર્ષે ભારતના પાસપોર્ટમાં તેના વૈશ્વિક રેન્કિંગમાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે. તાજેતરના હેનલી પાસપોર્ટ ઇન્ડેક્સ અનુસાર, ભારત ૮૫મા ક્રમેથી વધીને ૭૫મા ક્રમે પહોંચી ગયું છે. આ સુધારા સાથે, ભારતીય નાગરિકો હવે ૫૬ દેશોમાં વિઝા-મુક્ત અથવા વિઝા-ઓન-અરાઈવલ ઍક્સેસ સાથે મુસાફરી કરી શકે છે. જોકે, ભારત હજુ પણ તેના અગાઉના શ્રેષ્ઠ ૭૧મા (૨૦૦૬) થી પાછળ છે. હેનલી પાસપોર્ટ ઇન્ડેક્સ પાસપોર્ટને તેના નાગરિકો અગાઉના વિઝા વિના પ્રવેશ કરી શકે તેવા દેશોમાંની સંખ્યાના આધારે ક્રમ આપે છે. દેશનું રેન્કિંગ જેટલું ઊંચું હશે, તેના નાગરિકો માટે વૈશ્વિક મુસાફરી સુલભતા એટલી જ વધારે હશે.




ભારતીય પાસપોર્ટ ધારકો હવે એશિયા, આફ્રિકા, કેરેબિયન અને પેસિફિકના ઘણા દેશોમાં અગાઉના વિઝા વિના મુસાફરી કરી શકે છે. આમાં ભૂતાન, નેપાળ, ફીજી, મોરેશિયસ, થાઈલેન્ડ, ઇન્ડોનેશિયા, માલદીવ અને શ્રીલંકા જેવા લોકપ્રિય સ્થળોનો સમાવેશ થાય છે. વધુમાં, ઘણા દેશોમાં વિઝા-ઓન-અરાઈવલ અથવા ઇ-વિઝા સુવિધાઓ ઉપલબ્ધ છે, જે મુસાફરી પ્રક્રિયાને સરળ બનાવે છે. નિષ્ણાતો માને છે કે આ સુધારો ભારતની વધતી જતી વૈશ્વિક માન્યતા અને રાજદ્વારી સંબંધોનો સંકેત છે. જોકે ઘણા વિકસિત દેશોમાં ભારતીય નાગરિકોને હજુ પણ અગાઉથી વિઝાની જરૂર પડે છે, ૧૦ સ્થાનનો કૂદકો એક સકારાત્મક સંકેત માનવામાં આવે છે.

આ સમાચાર ભારતીય પ્રવાસીઓ માટે રાહતના સમાચાર છે, કારણ કે તેમને હવે ઘણા દેશોમાં મુસાફરી કરવા માટે લાંબી વિઝા પ્રક્રિયાઓમાંથી પસાર થવું પડશે નહીં. જો આગામી વર્ષોમાં દ્વિપક્ષીય સંબંધો મજબૂત બને છે, તો ભારતનું રેન્કિંગ વધુ સુધરશે. હેનલી પાસપોર્ટ ઇન્ડેક્સમાં સુધારા સાથે, ભારત ૭૫મા સ્થાને પહોંચી ગયું છે. ભારતીય નાગરિકો હવે ૫૬ દેશોમાં વિઝા-મુક્ત અથવા વિઝા-ઓન-અરાઈવલ સાથે મુસાફરી કરી શકે છે, જેનાથી આંતરરાષ્ટ્રીય મુસાફરી પહેલા કરતાં વધુ સરળ બની ગઈ છે.

# ભારત રશિયા પાસેથી ખરીદશે S-400 મિસાઈલો



## સંરક્ષણ મંત્રાલયે હવાઈ ક્ષેત્રને મજબૂત બનાવવા આપી મંજૂરી

નવીદિલ્હી, તા. ૧૩

ભારત તેની સરહદો પર સતત વધી રહેલા પડકારોનો સામનો કરવા માટે તેની લશ્કરી ક્ષમતાઓ વધારવામાં વ્યસ્ત છે. કેન્દ્ર સરકારે તેના હવાઈ સંરક્ષણને વધુ મજબૂત બનાવવા તરફ એક મોટું પગલું ભર્યું છે, અને સંરક્ષણ પ્રધાનની અધ્યક્ષતામાં સંરક્ષણ સંપાદન પરિષદ (ડઅઈ) એ રશિયા પાસેથી રાફેલ જેટ તેમજ ૨૮૮ વધારાના જ-૪૦૦ સપાટીથી હવામાં પ્રહાર કરતી મિસાઈલો ખરીદવાને મંજૂરી આપી છે. સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહની અધ્યક્ષતામાં સંરક્ષણ સંપાદન પરિષદે રશિયા પાસેથી આશરે ₹૧૦,૦૦૦ કરોડમાં જ-૪૦૦ મિસાઈલો ખરીદવાને મંજૂરી આપી છે. ખરીદી પ્રક્રિયાને ઝડપી બનાવવા માટે આ સમગ્ર ખરીદી ફાસ્ટ ટ્રેક પ્રક્રિયા (ઋઝડ) હેઠળ કરવામાં આવશે. દરમિયાન, ભારતને અગાઉ હસ્તાક્ષરિત કરાર હેઠળ આ વર્ષે જૂન અને નવેમ્બરમાં બે વધુ જ-૪૦૦ સિસ્ટમ મળવાની છે.

આ સોદા હેઠળ, ભારત રશિયા પાસેથી ૧૨૦ ટૂંકા અંતરની મિસાઈલો અને ૧૬૮ લાંબા અંતરની મિસાઈલો મેળવશે. ગયા વર્ષે પહેલગામમાં આતંકવાદી હુમલા પછી ભારત દ્વારા શરૂ કરાયેલા ઓપરેશન સિંદૂર બાદ આવી મિસાઈલોની જરૂરિયાત નોંધપાત્ર રીતે વધી ગઈ છે. મે ૨૦૨૫ માં ઓપરેશન સિંદૂર દરમિયાન, ભારતીય સેનાએ જ-૪૦૦ સિસ્ટમનો વ્યાપક ઉપયોગ કર્યો હતો. આ ઓપરેશન દરમિયાન, ૪૦૦ કિલોમીટર, ૨૦૦ કિલોમીટર, ૧૫૦ કિલોમીટર અને ૪૦ કિલોમીટરની રેન્જ ધરાવતી મિસાઈલોનો ઉપયોગ કરીને દુશ્મનના ફાઈટર એરક્રાફ્ટ, અઠઅઈજ, રિકોનિસન્સ એરક્રાફ્ટ અને ડ્રોનને અટકાવવામાં આવ્યા હતા.

ભારતે પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં ૩૧૪ કિલોમીટર દૂર જ-૪૦૦ લાંબા અંતરની મિસાઈલથી એક મોટા એરક્રાફ્ટ કેરિયરને પણ નિશાન બનાવ્યું હતું, જેના કારણે પાકિસ્તાનને તેના ઘણા વિમાનોને પશ્ચિમી ક્ષેત્રમાં સ્થાનાંતરિત કરવાની ફરજ પડી હતી. ભારતીય વાયુસેના રશિયા પાસેથી પાંચ વધુ જ-૪૦૦ સિસ્ટમો, તેમજ પેન્ટસિર શોર્ટ-રેન્જ એર ડિફેન્સ સિસ્ટમ ખરીદવાનું પણ વિચારી રહી છે. પેન્ટસિર સિસ્ટમ ખાસ કરીને સશસ્ત્ર અને કામિકાઝ ડ્રોનને તોડી પાડવા માટે બનાવવામાં આવી છે. જ-૪૦૦ અને પેન્ટસિર સાથે, ભારત એક મજબૂત સ્તરવાળી એર ડિફેન્સ કવચ બનાવી શકશે જે સરહદ પારના હવાઈ જોખમોને બેઅસર કરવામાં સક્ષમ હશે.

રશિયન જ-૪૦૦ સિસ્ટમ ૪૦૦ કિલોમીટર સુધીની રેન્જમાં દુશ્મન વિમાનો, બેલિસ્ટિક મિસાઈલો અને ડ્રોનને ટ્રેક કરવા અને નાશ કરવામાં સક્ષમ છે. તેની અનોખી ક્ષમતા એ છે કે તે એકસાથે અનેક લક્ષ્યોને નિશાન બનાવવાની ક્ષમતા ધરાવે છે. તેને ભારતની બહુ-સ્તરીય હવાઈ સંરક્ષણ પ્રણાલીનો આધાર માનવામાં આવે છે. આ નવી ખરીદી સાથે, ભારત તેની હવાઈ સરહદોની સુરક્ષાને વધુ મજબૂત બનાવવા માટે આગળ વધ્યું છે. ગુરુવારે અગાઉ, સંરક્ષણ મંત્રાલયે ફ્રાન્સ પાસેથી ૧૧૪ રાફેલ ફાઈટર જેટ ખરીદવાની મંજૂરી આપી હતી. એક સત્તાવાર નિવેદન અનુસાર, ડઅઈ એ સશસ્ત્ર દળોની લડાઇ તૈયારીને મજબૂત બનાવવા માટે ₹૩.૬૦ લાખ કરોડના લશ્કરી સાધનોની મૂડી ખરીદીને મંજૂરી આપી હતી. જોકે મંત્રાલયે ખરીદીની કિંમત જાહેર કરી નથી, તે ૨.૯૦ લાખ કરોડ રૂપિયાથી ૩.૧૫ લાખ કરોડ રૂપિયાની વચ્ચે હોવાનું માનવામાં આવે છે.

# શબ્દ બ્રહ્મ

### સદગુરૂ કૃપા હી કેવલમ્...

## માનસ સુંદરકાંડ ( ભાગ ૫ )

### સુંદરકાંડ કહે છે, દશાનન થવું કે દશરથ થવું એ આપણાં જ હાથમાં છે.



માનસ સુંદરકાંડનાં પાંચમાં દિવસની કથામાં પ્રવેશતા જે બાપુએ કહ્યું કે લંકિનીની સાથે જુદી પ્રકારનો સત્સંગ કર્યા પછી, હનુમાનજી લંકામાં પ્રવેશ કરે છે, અને અહીં હનુમાનજી દશાનનનાં મંદિરમાં પ્રવેશી રાવણ દર્શન કરે છે, દશાનનનું દર્શન પણ કરવાં યોગ્ય છે.

દસમુખ થવું કે દશરથ થવું એ આપણાં હાથમાં છે. માનસનાં આ બે મુખ્ય પાત્રોનું રહસ્ય અદભુત છે. દશમુખ રાવણ અને દશરથ અવધ નરેશ. આ સંસારમાં કોઈનું મૂળ ખરાબ નથી, પરંતુ પરિસ્થિતિ, દેશ, કાળ, પ્રકૃતિ, એવમ પ્રવૃત્તિ એ પાંચ એવી દોરી છે કે જે, માણસને ખેંચીને ક્યારેક દશમુખ બનાવી દે છે, તો ક્યારેક દશરથ બનાવી દે. પરિસ્થિતિ એટલે કે સંજોગ, દેશ એટલે કે સ્થાન, કાળ એટલે સમય, ખુદનો સ્વભાવ, અને વ્યક્તિની પ્રવૃત્તિ! આ પાંચેય બાબતને વ્યક્તિની દશાનન કે દશરથ બનવાની ભૂમિકા માનવામાં આવે છે, બાકી બધામાં એ જ સત્વ છે. રાવણનું મૂળ જુવો તો રાજા પ્રતાપભાનુ, કેટલું ઉત્તમ કુળ, પણ આ પાંચેયને કારણે બીજા જન્મમાં રાવણ થયાં. તો દશરથનું મૂળ મનું, એટલે કે આદમ અને ઈવ! જોકે મનુજ એટલે આપણે બધા જ મનુનાં સતાન છીએ. સમગ્ર મનુષ્ય સૃષ્ટિની શરૂઆત મનુ થી થઈ, અને ભારતીય દર્શન મુજબ મનુ અને શતરૂપા એ આપણા આદિ માતાપિતા છે. દશરથ એ મનુનો બીજો જન્મ છે. વિજ્ઞાન કહે છે પહેલાં બધું જડ હતું, એટલે કે આ જગત જડનો વિસ્તાર છે, પણ તુલસી કહે છે કે ભૌતિક જગતનો વિકાસ જરુર જડ થી થયો હશે, કે આ તોડો, તે તોડો, અણું, પરમાણું ઈલેક્ટ્રોન... પણ સજીવ સૃષ્ટિ તો ચૈતન્યનો ચિદ્ વિલાસ છે, અહીં નિરંતર ચૈતન્ય વિકસિત થતું રહે છે. મૂળમાં રાવણ સારો છે, અને એટલે રાવણ અવતાર છે! અવતારનું દર્શન પણ થવું જોઈએ. હનુમાનજી લંકામાં પ્રવેશ કર્યો અને રાવણનાં મંદિરમાં આવ્યાં, રાવણ સૂતેલો હતો અને સૂતેલા વ્યક્તિ વિશે અનુમાન બાંધવું એ શું ઉચિત છે? પણ હનુમાનજી વિચારે છે કે, મારી મા જાનકી લંકામાં છે! એટલે કે શક્તિ, શાંતિ, અને ભક્તિ લંકામાં હોવાં છતાં જે માણસ સૂઈ જાય, એ કેવું ! એની પરથી કહ્યું કે રાવણ તમોગુણી છે. તો પાછું એમ પણ વિચારે છે કે, બે ચાર તોલા સોનું હોય એ માણસ સૂઈ ન શકે અને આને તો આજુબાજુ સોનું જ સોનું છે! અને છતાં સૂઈ ગયો, એટલે ડામાડોળ છે. વિભિષણની મદદથી હનુમાનજી અશોકવાટિકા પહોંચી ગયા, મા જાનકી રુપી ભક્તિનું દર્શન કર્યું, પણ હજી પોતાનો પરિચય આપે એ પહેલાં જ રાવણ આવ્યો. હનુમાનજીએ જોયું કે આ તો એ જ છે, જેને મેં સૂતેલો જોયો હતો, આટલી જલ્દી જાગી ગયો? હનુમાનજીનું રાવણ દર્શન બદલી ગયું, કે ભલે સૂતેલો હતો, પણ સમયસર જાગી પણ જાય છે, અને સાચું જાગરણ જ એ છે, જેમાં જાનકી દર્શનની ઈચ્છા થાય, બાકી ભક્તિની કામના એમનેમ થોડી થાય ! રાવણ એકલો નથી આવ્યો! મંદોદરી આદી રાણીઓને લઈને આવ્યો છે, એટલે કે જાનકીને પોતાનાં વશમાં નથી સમજતો, અને કોઈની પત્નીને મળવાં એકલાં જવાય નહીં, એ મર્યાદા એ જાણે છે. ઠાઠમાઠથી આવ્યો છે, ભક્તિનાં દર્શન કરવાં જઈએ ત્યારે મોઢાં પર એક રોનક હોવી જોઈએ. હનુમાનજી કહે છે કે અશોકવાટિકામાં બેઠેલી સીતા એકદમ કૃશકાય થઈ ગઈ છે, એમનાં ગાલ સુકાઈ ગયાં છે. જ્યારે રાવણ કહે છે હે સુમુખી! એટલે આટલો બુદ્ધિશાળી અને વીસ આંખ હોવા છતાં શું રાવણ ભૂલ કરી રહ્યો છે? પણ સાવધાન રાવણ કહે છે કે હું રુપનો દિવાનો નથી! અહીં કોઈ સુંદર સુમુખી નથી! પણ દુનિયાને કહેવા માંગુ છું કે, એ જ સુમુખી છે જેનાં મુખમાં નિરંતર હરિનામ છે. સીતાને સયાની કહી છે, એટલે કે સીતા સમજદાર, હું વીસ પગે દોડતો રહ્યો, વીસ હાથે લૂંટતો રહ્યો, વીસ આંખે જોતો રહ્યો! પરંતુ તું ધન્ય છે કે તારા પગમાંથી દ્રષ્ટિ હટતી જ નથી. પૂજાપાઠ સમયે બધાં સામગ્રી લઈને જાય છે, પણ હું તને શું આપું એટલે આ મંદોદરી આદી રાણીઓને તમારી દાસી બનાવી દઉં. પહેલી નજરે તો એવું લાગે કે આ એક પ્રલોભન આપે છે, એક ડિલ કરે છે. એવું લાગે કે રાવણ બહુ કામી છે, પણ એ પ્રતિજ્ઞા કરે છે કે હું આ જન્મમાં ભજન કરી શકીશ નહીં, પણ રામને હાથે મરીશ તો મારી તો મુક્તિ થઈ જશે, પરંતુ મારું કર્તવ્ય છે કે મારી સાથે જેનું પ્રારબ્ધ જોડાયેલું છે, એ બધાને તું દાસી બનાવી લે, જેથી મારાં ગયાં પછી તું એની પર કૃપા કરતી રહે. પણ હે જગદંબા અત્યારે તું મને કૃપા દ્રષ્ટિથી જો. હવે જાનકી જવાબ આપે, એનું ચિંતન કરીએ તો સૌ પ્રથમ તો ખાનદાન કુળની પુત્રવધૂ છે એટલે તણખલું આડું કર્યું, અને તુલસીદાસજી અહીં જાનકી કે સીતા શબ્દ વાપર્યો નથી, પણ વૈદેહી, એટલે કે હે રાવણ હું વિદેહી છું! આ દેહમાં સીતા નથી, આ તો છાંયા છે. બીજું જાણે રાવણને કહેતી હોય તું વૈભવી છો, પણ તારાં વૈભવની કિંમત મારી માટે આ તણખલાં જેટલી જ છે. મને ખબર છે કે રાવણ હું તારી વાત નહીં માનું તો તું મને મારી નાખીશ, પણ રામનાં વિરહમાં હવે મને મારો પ્રાણ તણખલાં જેટલો પણ પ્રિય નથી. મારી કૃપા દ્રષ્ટિ માટે તું લાયક નથી, કમળના ખીલવા માટે સૂર્યોદય જરૂરી છે, આગિયાનાં પ્રકાશથી કમળ ખીલતાં નથી, તું અંધકારવાદી છે, તું નિશિચર છો. રાવણ ગુસ્સે થઈ તલવાર કાઢી પણ મંદોદરી રોકે છે, અને કહ્યું સ્વામી નારી પર આ રીતે વાર કરી શકાય નહીં, અને રાવણ જતો રહે છે.

વ્યથિત થયેલાં મા જાનકીનું દર્શન હવે હનુમાનજી કરે છે. રાવણ ગયાં પછી જાનકી પોતાની જાતને બાળી નાખવા અંગાર માંગે છે. હનુમાનજીને થયું કે રામની શરણાગતિ મુકીને મા આમ કેમ કરે છે! એણે મુદ્રિકા નાખી, રામનામ નીચે પડતું નથી, એને ભક્તિ ઉઠાવી લે છે, પણ વિચારે છે કે આવી ક્યાંથી! અને લંકામાં રામ પારાયણ બેઠી, વક્તા છે હનુમાનજી અને શ્રોતા છે મા જાનકી. હનુમાનજી ત્યાં બેસીને રામ ગુણ ગાવા લાગ્યા, એ સાંભળીને જાનકી ના દુખ વાગવા લાગ્યાં કથાથી મોટું કોઈ સમાધાન નથી. જાનકીને આ વક્તાનાં દર્શનની ઈચ્છા થઈ કથાનું અમૃત ઘોળનાર તું કોણ છે? પ્રગટ થા! હનુમાનજી ગોધરા વાનરનાં રૂપમાં જોઈને જાનકી મુખ ફેરવી ગઈ! એને થયું સુવર્ણ મૃગ થઈને આવ્યો હતો, કે જે સન્યાસી થઈને આવ્યો હતો, એ માણસ ફરી પાછો વાનરરૂપમાં કોઈને મોકલી રહ્યો છે! વક્તાનું આ બહુ મોટું અપમાન કહેવાય, પરંતુ હનુમાનજીએ વિચાર્યું કે મા તમે મોં ફેરવી લીધું એ સારું કર્યું, કારણ કે કથાકારની કથા જ સાંભળવાં યોગ્ય હોય છે, એનું મો જોવાનું નથી હોતું. વક્તાને નહીં વક્તવ્યને પકડો! જાનકીને થયું કે કથા અટકી ગઈ, અને કથા જ મારું દુઃખ દૂર કરતી હતી, એટલે જાનકી એ પરિચય પૂછ્યો, હનુમાનજીએ કહ્યું ''રામદૂત મેં માતુ જાનકી'', પરંતુ જાનકીની શંકાનું સમાધાન નથી થતું, ત્યારે હનુમાનજી કરુણાનિધિ શબ્દનો પ્રયોગ કરે છે, અને કહે છે મા તું વિશ્વાસ કર હું રામનો જ દૂત છું. કરુણાનિધિ શબ્દ માત્ર જાનકીજીનું ભગવાન રામ માટેનું સંબોધન હતું, જાનકીજી હનુમાનજી સાથે વાતચીત કરે છે, રામનો સંદેશ આપે છે, અને પછી જાનકી હનુમાનજીને અજર અમરનાં આશીર્વાદ આપે છે, આમ પાંચમાં દિવસની કથાને વિરામ આપ્યો.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

# MSMEનો લાભ લેવા ઝીમ્બાબ્વે ઉત્સુક

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મૂલાકાતે ભારત-નેપાલ અને લંકા-માલદીવ્સના ઝિમ્બાબ્વીયન એમ્બેસેડર-ઉદ્યોગ-વાણિજ્ય ડેપ્યુટી મિનિસ્ટર







ગાંધીનગર, તા.૧૩

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મુલાકાત ભારત નેપાળ અને લંકા અને માલદીવ્સના ઝિમ્બાબ્વીયન એમ્બેસેડર સુ. સ્ટેલા નકોમો અને ઈન્ડસ્ટ્રી એન્ડ કોમર્સના ડેપ્યુટી મિનિસ્ટર રાજેન્દ્ર કુમાર મોદી અને ડેલીગેશને ગાંધીનગરમાં લીધી હતી.

અમદાવાદમાં તા. ૧૧થી ૧૫ દરમિયાન યોજાઇ રહેલા સૌરાષ્ટ્ર વેપાર ઉદ્યોગ મંડળના ૧૨માં ટ્રેડશોમાં સહભાગી થવા આ ડેલિગેશન ગુજરાત આવેલું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે આ ડેલિગેશને ગાંધીનગરમાં યોજેલી સૌજન્ય મુલાકાત બેઠક દરમિયાન તેમણે ઝિમ્બાબ્વેના સ્મોલ એન્ડ મિડીયમ એન્ટરપ્રાઇઝ સેક્ટરને ગુજરાતના SME સેક્ટરની સ્કીલ અને એક્સપર્ટિઝનો સહયોગ મળે તે અંગે ફળદાયી ચર્ચા-પરામર્શ કર્યા હતા. ઝિમ્બાબ્વેના એમ્બેસેડર અને ડેપ્યુટી મિનિસ્ટરએ આ સંદર્ભમાં કહ્યું કે, ગુજરાત મેન્યુફેક્ચરિંગ હબ, ઓટો હબ અને ઉભરતા સેકટર એવા સેમિકન્ડક્ટરમાં પણ હબ બનવા સાથે ખજખઊ સેક્ટરમાં પણ અગ્રેસર છે તેનો લાભ લેવા ઝિમ્બાબ્વે ઉત્સુક છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પણ ગુજરાતના MSMEની આ તજજ્ઞતાનો લાભ ઝિમ્બાબ્વેને મળી રહે તે માટે તેમના SME સેક્ટરના પોટેન્શિયલ અને સ્કીલ ડેવલપમેન્ટ તથા ટ્રેનિંગમાં કઈ રીતે કોલાબોરેશનથી આગળ વધી શકાય તેની સંભાવનાઓ ચકાસીને મદદ માટેની તત્પરતા વ્યક્ત કરી હતી. ઝિમ્બાબ્વે ડેલિગેશને ઉદ્યોગ વેપાર ઉપરાંત એજ્યુકેશન સેક્ટરમાં પણ ગુજરાત સાથે સંબંધો વિસ્તારવામાં રસ દાખવ્યો હતો. ગાંધીનગરની NFSUમાં સિક્યુરિટી, સાયબર ક્રાઇમ સિક્યુરિટી જેવા વિવિધ વિષયોના ઉચ્ચ અભ્યાસક્રમમાં ઝિમ્બાબ્વેના પોલીસ અને સિક્યુરિટી અધિકારીઓ જોડાયેલા છે તેનો પણ તેમણે ઉલ્લેખ કર્યો હતો. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઝિમ્બાબ્વે આગામી વાઇબ્રન્ટ સમિટ-૨૦૨૭ અને વાયબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સની આગામી કડીમાં સહભાગી થાય તે માટેનું આમંત્રણ પાઠવ્યું હતું. ઝિમ્બાબ્વેના એમ્બેસેડર તથા ડેપ્યુટી મિનિસ્ટરે માર્ચ-૨૦૨૬માં તેમને ત્યાં યોજાઇ રહેલા જખઊ એક્ઝિબિશનમાં ગુજરાતના MSME સેક્ટરના ઉદ્યોગકારો અને રાજ્ય સરકારના અધિકારીઓને મુલાકાત માટે આમંત્રણ આપ્યું હતું. SME અને ટ્રેડના લોકો સાથે ઈન્ટરેક્શન અને ઉદ્યોગોની પ્રત્યક્ષ મુલાકાતથી ઝિમ્બાબ્વેના SME સેક્ટરને નવી ટેકનોલોજી સુસંગત વિકાસ માટેની તક આના પરિણામે મળશે એવો વિશ્વાસ તેમણે દર્શાવ્યો હતો.

ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ મતી મમતા વર્મા, મુખ્યમંત્રીના અગ્ર સચિવ સંજીવ કુમાર, ઉદ્યોગ કમિશનર પી. સ્વરૂપ અને મુખ્યમંત્રીના અધિક અગ્ર સચિવ ડો. વિક્રાંત પાંડે આ સૌજન્ય મૂલાકાત બેઠકમાં જોડાયા હતા.

# વિજકરંટની સારવાર બાદ યુવાનનું મોત

## રાતે બે વાગ્યે બે લાખ ભરવાનું અન્યથા દર્દીને સિવિલમાં લઇ જવાનું કહેવાયાનો આક્ષેપઃ મૃતદેહનું ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાયુંઃ પરિવારજનોની ન્યાયની માંગણી



રાજકોટ,તા.૧૩

ખાનગી હોસ્પિટલમાં અમુક વખત માનવતા શર્મસાર થઇ જતી હોય છે. ઘણા એવા બનાવો અગાઉ પણ બન્યા છે. ત્યાં વધુ એક ઘટનામાં એક પરિવાર સાથે આવુ બન્યું છે. ખાનગી હોસ્પિટલના ડોક્ટરની બેદરકારીને કારણે એક યુવાનનું મોત થયાના આક્ષેપ સાથે પરિવારજનોએ ન્યાયની માંગણી કરી હતી. જુના એરપોર્ટ રોડ પર અમરજીતનગર-૩માં રહેતાં કલ્પેશભાઇ નાથાભાઇ રાઠોડ નામના ચાલીસ વર્ષના યુવાનને દસમીએ ગોડલના મોવૈયા ગામે પાર્ટી પ્લોટ ખાતે વિજકરંટ લાગતાં પડી જતાં ઇજા થઇ હતી. તેને ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા હોઇ અહિ ઓપરેશન માટે બે લાખ ભરો અથવા દર્દીને લઇ જાઓ તેમ કહી દેવામાં આવતાં દર્દીના સગાએ પોતે સવારે પૈસા ભરશે તેમ કહેતાં દર્દીને સિવિલમાં લઇ જવાનું કહેવામાં આવતાં અહિ લાવવામાં આવતાં મૃત્યુ થતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો.

પરિવારજનોએ ખાનગી હોસ્પિટલના તબિબ, સ્ટાફની બેદરકારીનો આક્ષેપ કરી પરિવારજનોએ ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવ્યું છે અને ન્યાયી કાર્યવાહી થાય પછી જ લાશ સંભાળશું તેમ કહ્યું હતું. અમરજીતનગરમાં રહેતાં કલ્પેશભાઇ રાઠોડ-વાલ્મિકી તા. ૧૦/૨ના રોજ રાતે દસેક વાગ્યે મોવૈયા ગામે હેરીટેજ પાર્ટી પ્લોટ ખાતે કેટરીંગના કામમાં ગયેલ ત્યારે વિજકરંટ લાગતાં પડી જતાં ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ. તેને શોર્ટ લાગવાથી હેમેરેજ થયાનો રિપોર્ટ આવ્યો હતો. બાદમાં તેને બીજી એક ખાનગી હોસ્પિટલ કે જે નાના મવા રોડ પર છે ત્યાં લઇ જવાયેલ. ત્યાંથી આજે બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ.

પરંતુ અહિ મૃત્યુ થયું હતું. આથી હોસ્પિટલ ચોકીના સ્ટાફે ગોંડલ તાલુકા પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનાર કલ્પેશભાઇ કેટરીંગમાં કામ કરવા સાથે આરએમસીમાં કોન્ટ્રાક્ટ બેઝ પર પણ નોકરી કરતાં હતાં. તે બે ભાઇમાં મોટા હતાં. સંતાનમાં બે દિકરા છે. તેમના કુટુંબીજનો, સગા સ્વજનોએ આક્ષેપો સાથે કહ્યું હતું કે કલ્પેશભાઇને છેલ્લે જ્યાં દાખલ કરેલ તે ખાનગી હોસ્પિટલમાં સીટી સ્કાનના ૧૯ હજાર લીધા હતાં. પછી બીજા ૬૩ હજાર અમને ભરવાનું કહેતાં અમે ભરપાઇ કરી દીધા હતાં.

ત્યારબાદ રાતે બે વાગ્યે અમને કહેવાયું હતું કે એટેકને કારણે મગજમાં અસર થઇ છે અને ઓપરશેન કરવું પડશે અને તેના બે લાખ ભરવા પડશે. પણ અમે અત્યારે રાતે વ્યવસ્થા નહિ થાય, સવારે પૈસા ભરશું તેમ કહેતાં અમને દર્દીને સિવિલમાં લઇ જવાનું કહી દેવાયુ હતું. સવારે અમે કલ્પેશભાઇને બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં લાવતાં તેમને અહિ મૃત જાહેર કરાયા હતાં. મૃતકના સગા સ્વજનો, વાલ્મિકી સમાજના લોકોએ આક્ષેપ કર્યો હતો કે ડોક્ટરની બેદરકારીથી કલ્પેશભાઇનું મૃત્યુ થયું છે. અમે ફોરેન્સિક પોસ્ટમોર્ટમની માંગણી કરી છે. જવાબદાર સામે કાર્યવાહી નહિ થાય ત્યાં સુધી અમે મૃતદેહ સંભાળશું નહિ. આ બનાવ અંગે વધુ તપાસ ગોંડલ તાલુકા પોલીસે હાથ ધરી હતી.

### રૈયાધારમાં સોડા-પાણીના પૈસા માંગતા વેપારીને ધમકીઃ દુકાનમાં તોડફોડ

# પોલીસ સ્ટેશન પર બોટલો ફેંકનાર સદામ - જેનિશનો ફરી આતંક



રાજકોટ,તા.૧૩

શહેરના રૈયાધાર વિસ્તારમાં ફરી એકવાર લુખ્ખા તત્વોનો ત્રાસ સામે આવ્યો છે. થોડા સમય પહેલા જ ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન પર સોડાની બોટલો ફેંકી પોલીસનું નાક કાપવાનો પ્રયાસ કરનાર સદામ ઉર્ફે ભુરો અને જેનિશ મહાજન નામના બે શખ્સોએ જેલમાંથી બહાર આવતા જ ફરી ગુનાખોરીનો માર્ગ પકડ્યો છે. આ વખતે તેઓએ એક નિર્દોષ વેપારીને નિશાન બનાવી જાનથી મારી નાખવાની ધમકી આપી છે.

રૈયાધારમાં પશ્રેય સીઝન શોપિંગ સેન્ટરથ ચલાવતા સાગરભાઈ વલ્લભભાઈ પરમાર (ઉ.વ. ૩૯) એ નોંધાવેલી ફરિયાદ મુજબ, ગત તા. ૯/૨ના રોજ રાત્રે અગિયારેક વાગ્યાના અરસામાં સદામ અને જેનિષ તેમની દુકાને આવ્યા હતા. જેનિષે સોડા અને પાણીની બોટલ માંગતા સાગરભાઈએ તે આપી હતી.

જ્યારે વેપારીએ ચીજવસ્તુઓના પૈસા માંગ્યા, ત્યારે જેનિષે ઉશ્કેરાઈ જઈને દાદાગીરી કરતા કહ્યું હતું કે, નસ્ત્રતને પૈસા આપવા નથી, પછી આપી જઈશ.સ્ત્રસ્ત્ર સાગરભાઈએ બાકીમાં ધંધો કરવાની ના પાડતા જ બંને શખ્સો બેફામ ગાળો આપવા લાગ્યા હતા. મામલો એટલો બિચક્યો હતો કે બંનેએ દુકાનમાં તોડફોડ કરી સાગરભાઈ સાથે ઝપાઝપી કરી હતી અને તેમને મૂઢ ઈજાઓ પહોંચાડી હતી.

ઉલ્લેખનીય છે કે, આ એ જ સદામ અને જેનિશ છે જેઓએ અગાઉ ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન પર સોડા બોટલો ફેંકી હતી. તે સમયે પોલીસે આ બંનેનું જાહેરમાં સરઘસ કાઢી કડક કાર્યવાહી કરી હોવા છતાં, તેઓના મનમાંથી પોલીસનો ડર ઓસરી ગયો હોય તેમ જણાય છે. જતી વખતે તેઓએ વેપારીને ધમકી આપી હતી કે, નસ્ત્રઅમારી પાસે પૈસા માંગ્યા છે તો તને જાનથી મારી નાખીશું. હાલ યુનિવર્સિટી પોલીસ મથકના એ.એસ. આઈ. જે.આઈ. ઝાલાએ ભોગ બનનાર વેપારીની ફરિયાદ નોંધી બંને આરોપીઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.આ ઘટનાએ શહેરની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર ગંભીર સવાલો ઉભા કર્યા છે. સદામ ઉર્ફે ભુરો અને જેનિષ મહાજન જેવા લુખ્ખા તત્વોએ અગાઉ સીધું પોલીસ સ્ટેશનને નિશાન બનાવ્યું હતું, જે બાદ પોલીસે તેમનું જાહેરમાં સરઘસ કાઢીને કડક સંદેશ આપવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, જેલમાંથી બહાર આવતાની સાથે જ ફરી એક સામાન્ય વેપારી પર હુમલો કરી આ શખ્સોએ પોલીસના ડરને નેવે મૂકી દીધો હોય તેવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. રહેણાંક વિસ્તારોમાં આવા તત્વોના વધતા ત્રાસથી સ્થાનિક વેપારીઓમાં પણ ફફડાટ ફેલાયો છે.

રૈયાધાર જેવા ભરચક વિસ્તારમાં રાત્રિના સમયે વેપાર કરતા નાના વેપારીઓ હવે પોતાની સુરક્ષાને લઈ ચિંતિત બન્યા છે. સાગરભાઈએ પોતાની ફરિયાદમાં સ્પષ્ટ જણાવ્યું છે કે માત્ર સોડા અને પાણીના પૈસા માંગવા જેવી સામાન્ય બાબતે તેમની સાથે ઝપાઝપી કરવામાં આવી અને જાનથી મારી નાખવાની ધમકી અપાઈ. જો લુખ્ખા તત્વો આટલી હદે બેફામ બની જતા હોય, તો સામાન્ય નાગરિકે ધંધો કેવી રીતે કરવો? પોલીસ આ રીઢા ગુનેગારો સામે ફરી કેવા પ્રકારના કડક પગલાં ભરે છે જેથી અન્ય અસામાજિક તત્વોમાં ફાળ પડે.

### મેહુલનગરના વેપારી સોની બજારમાં દૂકાનમાં દાગીનાનું કામ કરતાં હતાંઃ પણ હાલ કામ મળતું નહોતું

# આર્થિક ભીંસના કારણે વેપારીનો આપઘાત



રાજકોટ,તા.૧૩

આર્થિક સંકડામણ વધુ એક પરિવારના માળાને વેરવિખેર કરી ગઇ છે. હાલના સમયમાં ગરીબ મધ્યમવર્ગ માટે બે છેડા ભેગા કરવાનું કઠીન થઇ ગયું છે. આ વચ્ચે શહેરના કોઠારીયા રોડ મેહુલનગરમાં રહેતાં અને સોની બજારમાં સોની કામની દુકાન ચલાવતાં વેપારીએ જલારામ સોસાયટીમાં પોતાના બહેનના ઘર બહાર ઝેરી દવા પી આપઘાત કરી લીધો છે. સોની કામ મળતું ન હોવાને કારણે આર્થિક ભીંસમાં આવી જતાં પગલુ ભર્યાનું જણાવાયું હતું.

વિગતો પર નજર કરીએ તો કોઠારીયા રોડ નિલકંઠ ટોકીઝ પાછળ મેહુલનગરમાં રહેતાં હરિકૃષ્ણભાઇ જયચંદભાઇ રાણપરા નામના અઠાવન વર્ષના સોની વેપારીએ યુનિવર્સિટી રોડ પર જલારામ સોસાયટી-૨માં રહેતાં પોતાના નાના બહેન શર્મીલાબેનના ઘર બહાર ઝેરી દવા પી લેતાં સારવાર માટે દાખલ કરાયા હતાં. અહિ આજે તેમનું મૃત્યુ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે ગાંધીગ્રામ પોલીસને જાણ કરી હતી. ઝેર પી જીવ આપી દેનારા હરિકૃષ્ણભાઇ બે ભાઇ અને બે બહેનમાં મોટા હતાં. સંતાનમાં બે દિકરી અને એક દિકરો છે. સગાના કહેવા મુજબ તેમને સોની બજારમાં શ્રી જ્વેલ નામે દુકાન છે. જેમાં તે સોની કામ કરતાં હતાં. અગાઉ તેમને બાયપાસ સર્જરી કરાવી હતી અને હાલમાં દવા ચાલુ હતી. કેટલાક સમયથી સોની કામ મળતું ન હોઇ આર્થિક ભીંસને કારણે ટેન્શનમાં રહેતાં હોઇ આ પગલુ ભર્યાનું જણાવતાં પોલીસે સ્વજનોના નિવેદન નોંધવા તજવીજ કરી હતી.

### જૂની અને જાણીતી પએમઓથ વાપરી ફરી વખત ગઠિયા ખેલ પાડી ગયા

# ઉલ્ટીનું નાટક કરી રિક્ષાગેંગે રૂપિયા સેરવ્યા

## અયોધ્યા ચોકથી તેમણે કે.કે.વી. હોલ સુધી જવા હોટેલ મેનેજર રિક્ષામાં બેઠા હતાંઃ ગાંધીગ્રામ પોલીસની કાર્યવાહી



રાજકોટઃ શહેરમાં પેસેન્જર રિક્ષામાં મુસાફરોને નિશાન બનાવતી ગેંગ ફરી એકવાર સક્રિય થઈ છે. શહેરના ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક નેપાળી યુવક સાથે છેતરપિંડી અને ચોરીની ઘટના બની છે. રિક્ષામાં અગાઉથી જ પેસેન્જર તરીકે બેઠેલા સ્ત્રી-પુરુષની ટોળકીએ ઉલટી કરવાનું નાટક કરી, ભીડ જમાવી યુવકના ખિસ્સામાંથી ૧૬,૦૦૦ની રોકડ રકમ ચોરી કરી પલાયન થઈ ગયા હતા. આ મામલે ભોગ બનનાર યુવકે ગાંધીગ્રામ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

ઘટનાની વિગતવાર વિગતો જોઈએ તો મૂળ નેપાળના વતની અને હાલ રાજકોટના અયોધ્યા ચોક પાસે આવેલા વન્યુ એપાર્ટમેન્ટના પાર્કિંગમાં રહી હોટલમાં મેનેજર તરીકે નોકરી કરતા મહેશભાઈ અંબરભાઈ ઘાર્તીએ આ અંગે ફરિયાદ નોંધાવી છે. અગિયારમી ફેબ્રુઆરીના રોજ બપોરના આશરે એક વાગ્યાની આસપાસ મહેશભાઈ પોતાના ઘરેથી નોકરી પર જવા નીકળ્યા હતા. અયોધ્યા ચોકથી તેમણે કે.કે.વી. હોલ સુધી જવા માટે એક રિક્ષા ભાડે કરી હતી, જેનું ભાડું ૨૦ રૂપિયા નક્કી કરવામાં આવ્યું હતું.

મહેશભાઈ જ્યારે રિક્ષામાં બેઠા ત્યારે તેમાં ડ્રાઈવર સિવાય પાછળની સીટ પર એક સ્ત્રી અને એક પુરુષ પેસેન્જર તરીકે પહેલેથી જ બેઠેલા હતા. રિક્ષા થોડી આગળ ચાલ્યા બાદ, વચ્ચે બેઠેલા પુરુષ પેસેન્જરે અચાનક ઉલટી થતી હોવાનું નાટક શરૂ કર્યું હતું. આ બહાને તેણે મહેશભાઈ પર ઢળવાનો અને વારંવાર હલનચલન કરી ભીડ જમાવવાનો પ્રયત્ન કર્યો હતો. રામાપીર ચોકડી બ્રિજ ઉતરતાની સાથે જ આ પુરુષે તબિયત વધુ ખરાબ હોવાનું કહી રિક્ષા ઊભી રખાવી હતી.

નવાઈની વાત એ હતી કે રિક્ષાચાલકે મહેશભાઈ પાસેથી ભાડું લીધા વગર જ તેમને રિક્ષામાંથી નીચે ઉતારી દીધા હતા અને ત્રણેય શખ્સો રિક્ષા લઈને ઝડપથી રવાના થઈ ગયા હતા. રિક્ષા ગયા બાદ મહેશભાઈને શંકા જતાં તેમણે પોતાના પેન્ટના પાછળના ખિસ્સામાં તપાસ કરી હતી. તપાસ કરતા માલૂમ પડ્યું હતું કે તેમના ખિસ્સામાં રાખેલા ૧૬,૦૦૦ રોકડા ગાયબ હતા. આ પૈસા તેમના સાથી કર્મચારી યોગેન્દ્રએ સાચવવા માટે આપ્યા હતા. પોતાની રીતે તપાસ કર્યા બાદ રિક્ષાનો પત્તો ન લાગતા આખરે મહેશભાઈએ ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે આ મામલે અજાણ્યા રિક્ષાચાલક અને તેની સાથેના સ્ત્રી-પુરુષ પેસેન્જર વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસે આસપાસના સીસીટીવી ફૂટેજ ચકાસવાની તજવીજ શરૂ કરી છે જેથી આ રીક્ષા ગેંગને ઝડપી શકાય.

### શહેરમાં અતિ ગતિ સાથે બેફામ દોડતાં વાહનોઃ વધુ એક પરિવારના મોભી છીનવાયા

# રિક્ષાએ ફૂટબોલની જેમ ઉલાળેલા વૃધ્ધનું મોત


### હસનવાડીથી શાકભાજી લેવા જ્યુબીલી માર્કેટ જઇ રહેલા છાંસઠ વર્ષના વૃધ્ધને ત્રિકોણબાગ પાસે જીવલેણ અકસ્માતનો ભોગ બન્યાઃ પરિવારમાં ગમગીની

રાજકોટ,તા.૧૪

રંગીલા મોજીલા રાજકોટ શહેરમાં રોજબરોજ નાના મોટા વાહન અકસ્માત સર્જાતા રહે છે. બેફામ અતિ ગતિ સાથે ભાગતાં વાહનો ક્યારે કોના માટે કાળ બની જાય તે નક્કી નથી. વધુ એક આવી ઘટનામાં એક પરિવારનો ભોગ લેવાઇ ગયો છે. શહેરના ત્રિકોણબાગ પાસે એક રિક્ષા હસનવાડીના વૃધ્ધ માટે કાળ બની ગઇ હતી. ઘરેથી જ્યુબીલી શાક માર્કેટ ખાતે શાકભાજી, ફ્રુટ લેવા માટે નીકળેલા આ વૃધ્ધ રસ્તો ઓળંગી રહ્યા હતાં ત્યારે રિક્ષાની ઠોકરે ફૂટબોલની જેમ ઉલળી પડ્યા હતાં. આ ઇજાઓ તેમનો જીવ લઇ ગઇ હતી.

વિગતો પર નજર કરીએ તો ત્રિકોણ બાગ પાસે રસ્તો ઓળંગી રહેલા અજાણ્યા એક વૃધ્ધ ત્રિકોણ બાગ પાસે આરએમટીસી બસ સ્ટોપ પાસે રસ્તો ઓળંગતી વખતે રિક્ષાની ઠોકરે ચડી જતાં ગંભીર ઇજા પહોંચી હતી. બેભાન હાલતમાં તેમને ૧૦૮ મારફત સિવિલ હોસ્પિટલે ખસેડાયા હતાં. પરંતુ અીહ મૃત્યુ થયું હતું. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં એ-ડિવીઝન પોલીસ સ્ટેશનના એએસઆઇ આર. જી. ચોહાણ સહિતે પહોંચી કાર્યવાહી કરી હતી. પોલીસ





**સિવિલનો ટીબી વોર્ડ વધુ એક વખત ચર્ચાના ચકડોળેઃ વૃધ્ધાનું ખાટલા પરથી પડી ગયા બાદ મૃત્યુ!**

તપાસમાં મૃત્યુ પામનાર વૃધ્દ ગાયત્રીનગર મેઇન રોડ હસનવાડી-૨/૩ની વચ્ચે બંધ શેરીમાં રિધ્ધી સિધ્ધી ખાતે રહેતાં છાંસઠ વર્ષના દિલીપભાઇ કનૈયાલાલ મહેતા-મોઢવણીક હોવાનું ખુલ્યું હતું. પોલીસે આ બનાવમાં મૃતકના પુત્ર પ્રતિકભાઇ મહેતા કે જે ઓગણચાલીસ વર્ષના છે તેમની ફરિયાદ પરથી રિક્ષા નં. જીજે૨૫વી-૫૦૩૧ના ચાલક ભગવતીપરાના મુકેશ તુલસીભાઇ જેઠવા વિરૂધ્ધ ગુનો નોંધ્યો હતો.

મૃત્યુ પામનાર દિલીપભાઇ મહેતા બે ભાઇમાં મોટા હતાં. પ્રતિકભાઇ ડાયમંડ સિંગની દુકાનમાં નોકરી કરે છે. તેમણે જણાવ્યું હતું કે અકસ્માતની જાણ તેમને અમરેલી રહેતા તેમના નાના ભાઈ ભાવિન દ્વારા થઈ હતી. અજાણ્યા વ્યક્તિએ પિતાના ફોન પરથી ફોન કરીને અકસ્માતની જાણ કરી હતી. પ્રતિકભાઇએ વધુમાં કહ્યું હતું કે મારા પિતાજી ઘરેથી જ્યુબીલી માર્કેટ ખાતે ફ્રુટ અને શાકભાજી ખરીદ કરવા જવા નીકળ્યા હતાં. ત્યારે ત્રિકોણબાગ પાસે રિક્ષાચાલકે ઠોકરે ચડાવી દેતાં તેમનું મૃત્યુ થયું હતું. પોલીસે રિક્ષાચાલકની અટકાયત કરી જરૂરી કાર્યવાહી કરી હતી. આમ શહેરમાં બેફામ ગતિની દોડતા વાહનને કારણે વધુ એક પરિવારે સ્વજન ગુમાવતાં આ પરિવારમાં માતમ છવાઇ ગયો હતો.

બીજી એક કરૂણ ઘટનામાં રાજકોટ સિવિલ હોસ્પિટલ વધુ એક વખત ચર્ચાના ચકડોળે ચડી હતી. અહિ ટીબી વોર્ડમાં એક વૃધ્ધ દર્દી પલંગ પરથી પડી જતાં મોત થયું છે. વિગતો જોઇએ તો અમદાવાદ જીલ્લાના વિરમગામ તાબેના નાના શાહપુર ગામે રહેતાં સિતાબેન અરજણભાઇ બાવળીયા નામના સાંઇઠ વર્ષના વૃધ્ધા રાજકોટ પીડીયુ સિવિલ હોસ્પિટલના ટીબી વોર્ડમાં સારવાર માટે દાખલ થયા હોઇ અહિ પલંગ પરથી પડી જતાં ઇજા થતાં સારવાર દરમિયાન મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. વધુ માહિતી અનુસાર સિતાબેનને ટીબીની અસર થઇ હોઇ તેના રિપોર્ટ કરાવ્યા બાદ રાજકોટ સિવિલમાં દસમી તારીખના રોજ દાખલ કરાયા હતાં. અહિ ગુરૂવારે સવારે દસેક વાગ્યે તે ખાટલામાંથી પડી જતાં બેભાન જેવા થઇ ગયા હતાં અને સારવાર દરમિયાન મૃત્યુ થતાં તબિબે રીટ્રોગેટ એમએલસી કેસ જાહેર કરી પોલીસને જાણ કરી હતી. હોસ્પિટલ ચોકીના સ્ટાફે પ્ર.નગર પોલીમસાં નોંધ કરાવતાં જરૂરી કાર્યવાહી કરવામાં આવી હતી. સિતાબેનને સંતાનમાં ત્રણ દિકરા છે. પોલીસે મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવ્યા બાદ પરિવારને સોંપ્યો હતો. અગાઉ આ વોર્ડમાં બીડી પીતી વખતે એક વૃધ્ધ દાઝી ગયા હતાં, એ પહેલા વેન્ટીલેટરમાં શોર્ટ સરકીટ થયા હતાં. ત્યાં હવે એક વૃધ્ધા ખાટલામાંથી પડી જતાં મૃત્યુ થતાં ચર્ચા જાગી હતી.

# મનહરપુરમાં મંદિરમાં ગામના નશેડી મહેશે કરી હતી માતાજીના મુગટ-ફળાની ચોરી

### એલસીબી ઝોન-૨ પીએસઆઇ આર. એચ. ઝાલા અને ટીમે પકડી લીધોઃ દારૂ ઢીંચવાનો અલગથી ગુનો દાખલ





રાજકોટઃ જામનગર રોડ પર મનહરપુર-૧ ગામમાં આવેલા કોળી પરિવારના શ્રીચામુંડા માતાજીના મઢમાંથી થયેલી ચોરીનો ભેદ ખુલ્યો છે. આ ચોરી ગામના જ નશેડી શખ્સે કરી હોવાનું ખુલ્યું છે. પોલીસે તેને પકડ્યો ત્યારે પણ તે ડમડમ હાલતમાં જ હતો.

વિગતો જોઇએ તો શ્રી ચામુંડા માતાજીનો સોનાનો મુકુટ અને ચાંદીના ચાર ફળા ચોરાઇ ગયા હતાં. આ ગુનાનો ભેદ કલાકોમાં એલસીબી ઝોન-૨ ટીમે ઉકેલી મનહરપુર ગામમાં જ રહેતાં શખ્સને પકડી લીધો છે. આ શખ્સ ઝડપાયો ત્યારે દારૂ પીધેલો હોઇ આ અંગે અલગથી ગુનો દાખલ કરાયો છે. તેની પાસેથી મુકુટ કબ્જે કરાયો છે. મોજશોખ માટે તેણે ચોરી કરી હતી. આ બનાવમાં યુનિવર્સિટી પોલીસે જામનગર રોડ માધાપરની સામે મનહરપુર-૧માં રહેતાં અને મજુરી કરી ગુજરાન ચલાવતાં કોળી યુવાન વિજયભાઇ દિનેશભાઈ બાણોધરા (ઉ.વ.૩૧)ની ફરિયાદ પરથી ગુનો નોંધ્યો દાખલ થયો હતો. તેમના ઘર પાસે શેરીમાં જ પરિવારનો શ્રીચામુંડા માતાજીનો મઢ-મંદિર છે જ્યાં તે તથા તેમના ઘરના સભ્યો પુજા કરે છે. આ મઢમાંથી ૬૦ હજારનો સોનાનો મુકુટ અને ૫૬ હજારના ચાંદીના ૪ ફળા ચોરાઇ ગયા હતાં. આ ગુનો ઉકેલી મનહરપુર-૧ ગામમાં જ રહેતાં ચાલીસ વર્ષના મહેશ કાનજીભાઇ બાણોધરાને પકડી લીધો હતો. ચોરીમાં ઝડપાયેલો મહેશ રખડતુ જીવન જીવે છે અને નશાની આદત ધરાવે છે. મોજશોખ માટે પૈસાની જરૂર હોઇ આ મંદિરમાંથી ચોરી કરી હતી. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જોઇન્ટ પોલીસ કમિશનર મહેન્દ્ર બગડીયા, ડીસીપી રાકેશ દેસાઇની સુચના અંતર્ગત પીએસઆઇ આર. એચ. ઝાલા, એએસઆઇ જે. વી. ગોહિલ, હેડકોન્સ. હેમેન્દ્રભાઇ વાઘીયા, ધર્મરાજસિંહ ઝાલા, કોન્સ. કુલદીપસિંહ રાણા, શીવભદ્રસિંહ ગોહિલે આ કામગીરી કરી હતી. નશાની આદત ધરાવતો આ શખ્સ ચોરીના ગુનામાં પકડાયો ત્યારે પણ દારૂ પીધેલો હતો.

### સોશિયલ મિડીયા માધ્યમનો વધુ એકવાર દુરૂપયોગઃ બાળાને મિત્ર બનાવી પ્રેમજાળમાં ફસાવી

# ઇન્સ્ટાગ્રામ ફ્રેન્ડે દુષ્કર્મ આચરતાં બાળાએ કાપી હાથની નસ

### ગમે તેની સાથે ઓનલાઇન મિત્રતા કરતાં પહેલા ચેતી જાવઃ વધુ એક લાલબત્તી સમાન ઘટના

રાજકોટઃ લેભાગુ તત્વો સોશિયલ મિડીયાનો અવાર-નવાર દુરૂપયોગ કરી કાં તો કોઇ સગીરા કે યુવતિને કે પરિણીતાને ફસાવે છે અથવા તો ઓનલાઇન ફ્રોડ કરી આર્થિક નફો મેળવે છે. સોશિયલ મિડીયા પ્લેટફોર્મ થકી એક વિધર્મીએ સગીરા સાથે મિત્રતા અને બાદમાં પ્રેમનું નાટક કરી તેને ફસાવી લીધી હતી અને ફિલ્મ જોવાના બહાને સગીરાના ઘરે પહોંચી જઇ દૂષ્કર્મ આચરી લીધુ હતું. પોતાની સાથે બળજબરી થતાં સગીરાએ આપઘાતનો પ્રયાસ કરતાં સમગ્ર ઘટના ઉજાગર થતાં પોલીસે તુરત કાર્યવાહી કરી હતી.

વિગતો પર નજર કરીએ તો વડોદરાનો આ લાલબત્તી સમાન કિસ્સો છે. અહિ સોશિયલ મિડીયા પ્લેટફોર્મના દુરૂપયોગથી એક શખ્સે હવસખોરી આચરી લીધી છે. સોશિયલ મીડિયા થકી મિત્રતા કરીને કાસીમે ફિલ્મ જોવાના બહાને ઘરે આવીને સગીરા સાથે દુષ્કર્મ આચર્યું હતું. આ ઘટના બાદ સગીરા આઘાતમાં સરી પડી હતી. માતા-પિતા ઘરે આવતા દીકરીએ બ્લેડથી હાથમાં ઈજા કરી આપઘાત કરવાનો -યાસ કરતા ચોંકી ઉઠ્યાં હતાં. જ્યારે સમગ્ર ઘટના જાણી ચોંકી ઉઠેલા માતા-પિતાએ કાસીમ વિરૂધ્ધ તાલુકા પોલીસ મથકમાં પોક્સો હેઠળ ગુનો દાખલ કરાવ્યો હતો.



પોલીસ સુત્રોના કહેવા મુજબ ભાયલી વિસ્તારમાં રહેતા પરિવારની સોળ વર્ષની દીકરીએ તેના રૂમમાં બ્લેડથી હાથમાં ઈજા કરીને આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે પરિવારના સભ્યોને તાત્કાલીક જાણ થતા તેમને દીકરીને રોકી દીધી હતી. તે ઘણા સમયથી ડિ-ેશનમાં પણ હતી. પિતાએ ચિંતિત થઈને સગીર દીકરીને આત્મહત્યાનો પ્રયાસ કરવા પાછળનું કારણ પુછ્યું હતું. ત્યારે દીકરીએ જણાવ્યું હતું કે સોશિયલ મીડિયા પર કાસીમ નામના છોકરાનો મેસેજ આવ્યો હતો. ત્યારથી આ છોકરા જોડે મિત્રતા થઈ હતી અને સગીરા સાથે કાસીમની કોફી શોપમાં મુલાકાતો પણ થઈ હતી.

ત્યારે કાસીમે તે વડોદરાનો જ હોવાનું જણાવ્યું હતું. આ પછી એક દિવસ માતા-પિતા ઘરની બહાર હતાં. સગીરા અને તેનો ભાઈ ઘરે એકલા હતાં. ભાઈ બહારગામ ટ્રેકિંગમાં જઈને આવ્યો હોવાથી તેના રૂમમાં સૂતો હતો. દરમિયાન કાસીમ સગીરાને મળવા ઘરે આવ્યો હતો. સાથે ફિલ્મ જોવાનું નક્કી કર્યું હતું. ફિલ્મ જોતા જોતા કાસીમે સગીરાને અડપલાં કરવાના શરૂ કર્યા હતાં. દરમિયાન આરોપીએ જબરજસ્તી સગીરા સાથે દુષ્કર્મ કર્યું હતું. જેના ફોટા પણ કાસીમે મોબાઈલમાં પાડી લીધા હતાં.

સગીરાના પિતાએ આરોપી વિરુદ્ધ તાલુકા પોલીસ મથકમાં પોક્સો હેઠળ ગુનો દાખલ કરાવ્યો હતો. મરજી વિરુદ્ધ દુષ્કર્મ કરવામાં આવતાં સગીરા આઘાતમાં આવી ગઈ હતી. અને ખુણામાં જઈને રડવા લાગી હતી. ત્યારે કાસીમે સગીરાને આ વાત કોઈને કરી છે તો જાનથી મારી નાંખીશ તેવી ધમકી આપી હતી. આજના સમયમાં બાળકોથી માંડી મોટેરા એમ તમામ મોબાઇલ ફોન અને સોશિયલ મિડીયાનો ઉપયોગવ કરી રહ્યા છે.

આ માધ્યમનો સારો ઉપયોગ મોટા પ્રમાણમાં થઇ રહ્યો છે. પરંતુ ખોટો ઉપયોગ કરનારા પણ ઓછા નથી. અનેક લેભાગુઓ આ માધ્યમનો ઉપયોગ સગીરાઓ, યુવતિઓને ફસાવવા માટે કરી રહ્યા છે. આ કિસ્સામાં પણ સોશિયલ મિડીયા થકી જ સગીરાને ફસાવી લેવાઇ હતી, ભોળવી લેવાઇ હતી અને લેભાગુએ છેક તેના ઘરે પહોંચીની દૂષ્કર્મ આચરી લીધુ હતું. આઘાતમાં આવી સગીરાએ હાથની નસ કાપી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. ઓનલાઇન ફ્રેન્ડસ બનાવવા એમાં ખોટુ નથી પરંતુ આવી મિત્રતા તમને બરબાદીના રસ્તે કે ખોટા રસ્તે તો નથી લઇ જતી ને? તે ખાસ ચકાસવું જરૂરી છે. ખાસ કરીને સગીરાઓ, યુવતિઓએ આવા માધ્યમ થકી ગમે તેવા છોકરાઓ સાથે મિત્રતા કરતાં પહેલા વિચારવું ખુબ જરૂરી બની ગયું છે.

### ખાનગી કંપનીના મેનેજરને રોકાણ પર ચૌદ હજાર નફો મળ્યો અને લપેટાઇ ગયા

# રચનાની જાળમાં ફસાઇ યુવાને ગુમાવ્યા વીસ લાખ

### ટેલિગ્રામમાં યુવતિએ મેસેજ મોકલી વાતો કરી પછી શેરબજાર-ફોરેક્સ ટ્રેડીંગમાં રોકાણ માટે લાલચ દઇ ખંખેરી લીધાઃ બીજા બનાવમાં કાર ભાડે લઇ જઇ બારોબાર ગરવે મુકી દઇ ઠગાઇ



રાજકોટ,તા.૧૩

ઓનલાઇન શેર બજાર કે બીટકોઇનમાં રોકાણના નામે ઠગાઇના કિસ્સાઓમાં વધુ એક નવો બનાવ ઉમેરાઇ ગયો છે. એક યુવાન કે જે ખાનગી કંપનીમાં મેનેજર છે તેને સોશિયલ મિડીયા ટેલીગ્રામ મારફત રચના નામની યુવતિએ મેસેજ કરતાં આ મેનેજરે રીપ્લહાય આપયા બાદ રચનાએ વાતો કરી હતી અને બાદમાં શેર બાજરમાં રોકાણ પર ખુબ ફોટો ફાયદો થાય છે, ફોરેક્સ ટ્રેડીંગમા પણ મોટી કમાણી છે તેવુ કહી લિંક મોકલી ગ્રુપમાં એડ કરી રોકાણ પર શરૂઆતમાં વળતર આપી લલચાવ્યા બાદ તેની ઓગણીસ લાખ છ્યાંસી હજાર ખાઇ જવાયા છે. બીજી તરફ ઠગાઇના અન્ય બનાવમાં કાર ભાડે લઇ જવાયા બાદ પરત જ ન આપી છેતરપીંડી કરવામાં આવી હતી.

પ્રથમ ફ્રોડ પર નજર કરીએ તો ઈન્વેસ્ટમેન્ટના નામે ઓનલાઈન ઠગાઈના કિસ્સાઓ સતત વધી રહ્યા છે ત્યારે વડોદરા શહેરમાં ખાનગી કંપનીના એક મેનેજરે શેરબજારમાં રોકાણ કરીને વળતર મેળવવાની લાલચમાં ૧૯.૮૬ લાખ રૂપિયા ગુમાવવાનો વારો આવ્યો છે. આ મામલે તેઓએ વડોદરા સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. જેને આધારે પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. અહિના દિવાળીપુરા વિસ્તારમાં રહેતા અને ખાનગી કંપનીમાં મેનેજર તરીકે ફરજ બજાવતા ૩૫ વર્ષીય યુવકે સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે હતું કે ટેલિગ્રામ પર મેસેજ આવતા મેં રિપ્લાય કર્યો હતો. જેથી સામે રચના સુભ્રમણ્યમે રિપ્લાય આપી વાતચીત કરી હતી.

રચનાના નામે વાત કરનાર વ્યક્તિએ કહ્યું હતું કે, અમે તમારી કંપનીમાં આવ્યા ત્યારે તમે એન્ટ્રી આપવામાં મદદરૂપ થયા હતા. ત્યારબાદ તેણે શેર માર્કેટ કે ફોરેક્સમાં ટ્રેડિંગ કરો છો કે કેમ તેમ પૂછ્યું હતું. મેં કહ્યું હતું કે, હું થોડું ઘણું રોકાણ કરતો હતો. જેથી રચનાએ મને ફોરેક્સમાં ઇન્વેસ્ટમેન્ટ કરવાથી સારો એવો લાભ મળશે તેમ કહી એક લિંક મોકલી હતી. જે ઓપન કરતા એક પેજ ખુલ્યું હતું અને તેમાં ફોરેસ્ટ ટ્રેડિંગમાં દેખાતી હોય એવી જ સાઇટ દેખાતી હતી. ત્યારબાદ મેં મારા ફોટા આઈડી સાથે રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. ત્યારબાદ મેં એકવીસ હજાર રૂપિયાનું રોકાણ કરતા મને બે તબક્કામાં કુલ ચૌદ હજાર રૂપિયા ઉપાડવા દીધા હતા.

જેથી મને વિશ્વાસ આવતા મેં વધુને વધુ રોકાણ કર્યું હતું. મારા એકાઉન્ટમાં ૨૯.૨૧ લાખનો નફો દેખાતો હતો. પરંતુ આ રકમ ઉપાડવાની બદલે વધુને વધુ રકમની માંગણી કરવામાં આવતી હોવાથી મને શંકા ગઈ હતી. સાયબર સેલને જાણ કરતા પોલીસે ફરિયાદ નોંધી છે અને આ મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી. આમ શેરબજારમાં રોકાણ પર નફાની લાલચ આપી વધુ એક લાખોની ઠગાઇ થઇ છે.

બીજી ઘટના પણ વડોદરાની છે. અહિ ગોરવા વિસ્તારના એક કારમાલિક પાસે કાર ભાડે લીધા બાદ ભાડું નહિ ચૂકવી અને કાર પરત નહિ કરતાં પોલીસે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે. ગોરવાના મધુનગર બ્રિજ પાસે નિસાર રેસિડેન્સી ખાતે રહેતા મહંમદફારૂક કાઝીએ પોલીસને કહ્યું છે કે,મેં ધંધા માટે ઇકો કાર લીધી હતી.પરંતુ ધંધો બરાબર નહિ ચાલતાં આ કાર મેં રસુલશા નજરશા દિવાનને મહિનાના રૂપિયા ૫ હજાર ભાડું નક્કી કરી આપી હતી. રસુલશાએ એક મહિનો ભાડું આપ્યું હતું.પરંતુ ત્યારબાદ ભાડું નહિં આપતાં મેં કાર પરત માંગી હતી.જેથી તેણે કાર પણ પરત કરી નહતી.તપાસ કરતાં રસુલશાએ આ કાર હિમાંશુ અગ્રવાલને ત્યાં ગીરવી મૂકી હોવાની માહિતી મળી હતી.જેથી ગોરવા પોલીસે બંને સામે ગુનો નોંધી તેને ઝડપી લેવા કાર્યવાહી કરી હતી. આ પ્રકારની ઠગાઇ રાજ્યભરમાં વધી ગઇ છે. જેમાં વધુ એક ઉમેરો થઇ ગયો છે.

ઠેકઠેકાણે લુખ્ખા આવારા તત્વો અવાર-નવાર ખેલ કરી પોલીસને ફેંકે છે પડકાર

# પૈસા પડાવવા યુવાનને જાહેરમાં ફટકાર્યા ધોકા

## ભગવતીપરાનો બનાવઃ મજૂરીના પૈસા લઈ યુવાન પત્નિને આપવા જતો હતો ત્યારે બે શખ્સો તૂટી પડ્યાઃ ઘટનાનો વિડીયો થયો વાયરલઃ બી-ડિવીઝન પોલીસે બંનેને ઝડપી કાયદાનું ભાન કરાવ્યું

રાજકોટ,તા.૧૩

શહેરમાં ઠેકઠેકાણે લુખ્ખા આવારા તત્વો ખેલ કરી વારંવાર પોલીસને પડકારા કરતા રહે છે. આવી ઘટનાઓ બને પછી પોલીસ જે તે લુખ્ખાગીરી કરનારાઓના સરઘસ કાઢી તેની ખો ભુલાવી દેતી હોય છે. આમ છતાં આવા બનાવો અટકતા નથી. વધુ એક કિસ્સામાં એક યુવાન પાસે પૈસા પડાવવાના ઈરાદે બે શખ્સોએ તેને ધોકા, છરીથી લોહીલુહાણ કરી દઈ દવાખાનાના ખાટલે પહોંચાડી દીધો છે. વાયરલ થયેલા આ મારામારીના વિડીયોને પગલે પોલીસે તત્કાળ એફઆઈઆર દાખલ કરી લુખ્ખાગીરી આચરનારાઓને પકડી લીધા હતાં.

વિગતો પર નજર કરીએ તો શહેરના ભગવતીપરા વિસ્તારમાં ધોળા દિવસે લૂંના ઈરાદે હુમલો કરી રૂપિયા પડાવી લેવાયાની ઘટના બની છે. કેટરર્સમાં મજૂરી કામ કરતા એક યુવાન પાસેથી પૈસા પડાવવા માટે બે શખ્સોએ તેને આંતરી, ગાળો આપી છરી અને ધોકા વડે હુમલો કરતાં સારવાર માટે દાખલ થયો હતો. આ બંનેએ પૈસા માંગતા આ યુવાને ના પાડતાં બે શખ્સોએ ધોકાવ્યો હતો અને રોકડ પડાવી લીધી હતી.

આ ઘટનાનો વિડીયો પણ વાયરલ થતાં પોલીસે આરોપીઓને સકંજામાં લેવા તજવીજ કરી હતી. વિશેષ માહિતી અનુસાર પોપટપરા શેરી નં. ૧૪માં રાધીકા ડેરી સામે રહેતો ઈમ્યિતાઝ અજીતભાઈ લંઘા નામનો સત્યાવીસ વર્ષનો યુવાન બપોરે ગ્રીનલેન્ડ ચોકડી ખાતે કેટરર્સનું કામ પુરું કરી પોતાના છ દિવસનો પગાર ખિસ્સામાં લઈને ભગવતીપરામાં રહેતાં પોતાના સાસુના ઘરે પત્નિ રોકાવા ગઈ હોઈ ત્યાં જતો હતો ત્યારે આશાબાપીર રોડ પર પહોંચતા રહેતા સાગર નામના શખ્સે અને તેની સાથેના અન્ય એક અજાણ્યા શખ્સે તેનેં આંતર્યો હતો અને તેની પાસે પૈસાની માંગણી કરી લૂંટવાનો પ્રયાસ કર્યો હતો.

ઈમ્તિયાઝે પૈસા આપવાની ના પાડતા બંને શખ્સો ઉશ્કેરાઈ ગયા હતા અને ગાળો આપવા લાગ્યા હતા. મામલો ઉગ્ર બનતા બંને શખ્સો પોતાના ઘરેથી લાકડાના ધોકા અને છરી જેવા હથિયારો લઈ આવ્યા હતા. હુમલાખોરોએ ઈમ્તિયાઝભાઈ પર તૂટી પડી જમણા હાથના ભાગે છરીનો ડો ઘા ઝીંકી દીધો હતો, તેમજ ડાબા હાથે અને પગે ધોકા વડે આડેધડ માર મારી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. ભરબપોરે થયેલા આ હુમલાને પગલે આસપાસના લોકો દોડી આવતા બંને હુમલાખોરો ત્યાંથી નાસી છૂટ્યા હતા. લોહીલુહાણ હાલતમાં યુવાનને ૧૦૮ મારફતે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. ઈમ્તિયાઝે હોસ્પિટલના બિછાનેથી કહ્યું હતું કે તેણે ભગવતીપરાની યુવતિ સાથે લવમેરેજ કર્યા છે. યુવતિનું નામ પહેલા પૂનમ હતું, લગ્ન પછી મુસ્કાન કર્યુ છે. તેણી માતા-પિતાના ઘરે હોઈ પોતે તેને મળવા અને પૈસા દેવા જતો હતો ત્યારે આ ઘટના બની હતી. ઘટનાની જાણ થતા બી. ડિવિઝન પોલીસ મથકના એએસઆઈ કે.વી. ગોહિલે હોસ્પિટલ પહોંચી ઈમ્તિયાઝની ફરિયાદ નોંધી હતી. હુમલાની ઘટનાનો વિડીયો વાયરલ થયો હતો. આ બનાવ મામલે બી-ડિવીઝન પોલીસ સ્ટેશનના ઈન્સપેક્ટર એસ. એસ. રાણેના માર્ગદર્શનમા વિશેષ તપાસ હાથ ધરાઈ હતી. પોલીસે બે આરોપી સાગર શામજીભાઈ ઉઘરેજીયા અને આયુષ રાજુભાઈ ભોજવીયાનેને પોલીસે પકડી લઈ હવા કાઢી નાખી હતી. આ બંને ભગવતીપરામાં રહે છે. મારામારીની અન્ય બે ઘટના જોઈએ તો કોઠારીયા પાસે ખોખડદળમાં રહેતો અને કારખાનામાં કામ કરતો અજય મનસુખભાઈ ચાવડા નામનો પચ્ચીસ વર્ષનો યુવાન સાંજે કોઠારીયા સોલવન્ટ શીતળાધાર ૨૫ વારીયામાં પોતાની પત્નિ રોશન રિસામણે માવતરે હોઈ પોતે પત્નિ સાથે રહેતાં દિકરાને રમાડવા, કપડા આપવા જતાં પત્નિ રોશન સહિતનાએ તું અહિ શું કામ આવ્યો કહી ઝઘડો કરી ધોકાથી માર મારતાં સારવાર માટે દાખલ થયો હતો. અજયના કહેવા મુજબ પોતાને સંતાનમાં તેર મહિનાનો પુત્ર રૂદ્રેશ છે. ઝઘડો થતાં કેટલાક દિવસથી દિકરાને લઈને પત્નિ રીસામણે જતી રહી છે. પોતે દિકરાને રમાડવા જતાં માથાકુટ કરી પત્નિ સહિતના તૂટી પડ્યા હતાં. સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે આજીડેમ પોલીસને જાણ કરી હતી.



અન્ય બનાવમાં પતિને પત્નિએ ધોકાવ્યો, પ્લોટ મામલે યુવાનને પાઈપના ઘા

જ્યારે બીજા બનાવમાં ગોંડલમાં ભગવતપરા વિસ્તારમાં શેરી નં. ૧માં રહેતાં અને પશુપાલન કરી ગુજરાન ચલાવતાં ગોપાલ કવાભાઈ માટીયા નામના પાંત્રીસ વર્ષના યુવાન પર સાંજે તે ગોડલ સિવિલ હોસ્પિટલ પાછળ નદીના પટમાં હતો ત્યારે લાલો, અપ્પુ, રાજ સહિતના શખ્સોએ ઝઘડો કરી પાઈપથી બેફામ માર મારતાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ થયો હતો. ગોપાલ માટીયાએ જણાવ્યું હતું કે તે પશુપાલન કરતો હોઈ ગોંડલ સિવિલ પાછળ નદીના પટમાં આવેલો પ્લોટ તેણે પાંસઠ હજારમાં લીધો હતો. આ પ્લોટમાં અપ્પુ, લાલો સહિતનો કબ્જો હોઈ તેને ખાલી કરવાનું કહેતાં ઝઘડો કરી હુમલો કર્યો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે ગોંડલ એ-ડિવીઝન પોલીસને જાણ કરતાં તપાસ શરૂ થઈ હતી.

---

વધુ એક યુવતિને ઓનલાઈન માધ્યમથી મિત્ર બનાવી મોહજાળમાં ફસાવીને શોષણ

# મિત્રતા ખતમ કરતાં યુવતિના વિડીયો વાયરલ

## લેભાગુએ પહેલા ફ્રેન્ડશીપની જાળ બીછાવી, પછી લગ્નની લાલચ આપીઃ હોટેલમાં દેહસંબંધ બાંધ્યા અને વિડીયો બનાવ્યોઃ યુવતિએ સંબંધ પુરો કરતાં ઈન્સ્ટાગ્રામ પર અપલોડ કરી દીધા વિડીયો



રાજકોટઃ ચોંકાવનારી અને ખાસ કરીને યુવતિઓ માટે લાલબત્તી ધરતી દુષ્કર્મની વધુ એક ઘટના ઘટી છે. એક યુવતિને સોશિયલ મિડીયા મારફત અજાણ્યા શખ્સ સાથે મિત્રતા કરવાનું મોંઘુ પડી ગયુ છે. શરૂઆતમાં ફ્રેન્ડશીપની જાળ બીછાવી બાદમાં મીઠી અને ખોટી વાતો કરી લગ્નની લાલચ આપી યુવતિને ફસાવી લેવાઈ હતી. એ પછી તેણીને ફોસલાવી હોટેલમાં લઈ જઈ દેહસંબંધ બાંધી વિડીયો ફોટા પણ લઈ લેવાયા હતાં. પણ યુવતિને પોતાની સાથે ખોટુ થયાનું જણાતાં સંબંધ તોડી નાંખતા આ લેભાગુ હવસખોરે તેણીના વિડીયો ઈન્સ્ટાગ્રામ પર અપલોડ કરી દીધા હતાં. પોલીસે આ હવસખોર સામે કાર્યવાહી કરી છે.

વિગતો પર નજર કરીએ તો આ ઘટના સુરત શહેરમાં બની છે. કોઈપણ ગામ કે શહેરમાં આવા લેભાગુ તત્વો વસવાટ કરતાં હોય છે. અહિ રહેતી એક યુવતીને સોશિયલ મીડિયાના માધ્યમથી અજાણ્યા યુવક સાથે મિત્રતા કરવી ભારે પડી છે. યુવતીને લગ્નની લાલચ આપી યુવક સુરતની હોટલમાં લઈ ગયો હતો, જ્યાં દુષ્કર્મ આચરી અંગત પળોનો વીડિયો બનાવી લીધો હતો. બાદમાં યુવતી સાથે કોઈ કારણે સંબંધ તોડી નાખીને જે વીડિયો હતો એ ઈન્સ્ટાગ્રામ પર અપલોડ કરી દેતાં યુવતીએ પસ્તાવાનો વારો આવ્યો છે. આ મામલે યુવક સામે ફરિયાદ કરતાં પોલીસે મહેસાણાથી દબોચી લીધો હતો. પોલીસે કહ્યું કે સુરત શહેરમાં યુવતી એકલી રહેતી હતી.

આ દરમિયાન ત્રણ વર્ષ પહેલાં સોશિયલ મીડિયા ઈન્સ્ટાગ્રામ મારફત તેમની મિત્રતા મહેસાણા જિલ્લાના નંદાસણ તાલુકામાં આવેલ કૈયાર ગામમાં રહેતા કરણ નરેશભાઈ દંતાણી સાથે થઈ હતી. તેની સાથે મિત્રતા થયા બાદ કરણ દંતાણીએ તેને લગ્નની લાલચ આપી હતી. જેથી મહિલા તેની વાતોમાં આવી ગઈ હતી. આ તકનો લાભ ઉઠાવી કરણ દંતાણીએ સુરત રેલવે સ્ટેશનને આવ્યો હતો. સુરત આવેલા કરણે મહિલાને મળવા માટે બોલાવી હતી. મહિલા મળવા માટે જતાં કરણ દંતાણી તે જે હોટલમાં રોકાયો હતો ત્યાં લઈ ગયો હતો.

ત્યાર બાદ તેની સાથે લગ્ન કરવાની ખાતરી આપી શારીરિક શોષણ કરી બળાત્કાર ગુજાર્યો હતો અને તેની સાથેનો બીભત્સ વીડિયો પણ ઉતારી લીધો હતો, જોકે ત્યાર બાદ કરણ દંતાણીએ મહિલા સાથે સંબંધ તોડી નાખ્યો હતો. યુવતિનો વીડિયો સોશિયલ મીડિયા ઈન્સ્ટાગ્રામમાં વાઈરલ કરી તેણીને બદનામ કરી હતી, જેથી આખરે તેણે આ મામલે મહીધરપુરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે કરણ દંતાણી સામે બળાત્કારનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી હતી. આરોપી મહેસાણા ખાતે હોવાની જાણ થતાં સુરત પોલીસ પહોંચી હતી અને આરોપી કરણ દંતાણીને પકડીને સુરત લઈ આવી હતી. હાલ તેના વિરુદ્ધ વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

તાજેતરમાં સુરતમાં એક યુવતીને નશાકારક ઈન્જેકશન આપી બે શખસે વારંવાર દુષ્કર્મ આચર્યાનો ચકચારી બનાવ પણ બન્યો હતો. આવી ઘટનાઓ રોજબરોજ બની રહે છે. જેમાં મોટા ભાગે યુવતિને ફસાવવા સોશિયલ મિડીયા પ્લેટફોર્મનો જ ઉપયોગ થયો હોય છે. તાજેતરના એક બનાવમાં સોશિયલ મિડીયા થકી ફ્રેન્ડ બનાવી રાજસ્થાનના કોટાની યુવતીને બર્થડે સેલિબ્રેશન માટે બોલાવીને દૂષ્કર્મ આચરાયુ હતું. નશાકારક ઈન્જેક્શનથી તેણીને બેભાન કરાઈ હતી. ગમે તેની સાથે સોશિયલ મિડીયા પર મિત્રતા કરતાં પહેલા થોભો રાહ જુઓ, જે તે ફ્રેન્ડ રીક્વેસ્ટ મોકલનાર મિત્રતાને લાયક છે કે નહિ તેની પુરી તપાસ કરો. અન્યથા આવા લેભાગુઓ સગીરાઓ, યુવતિઓને શિકાર બનાવતા જ રહેશે.

# દારૂના દૈત્યએ પરિવાર પીંખ્યો નશાખોર યુવાનનો આપઘાત

## દારૂ ઢીંચ્યા બાદ પત્નિ સાથે ઝઘડો કર્યો પછી માઠુ લાગતાં ઝેર પી જીવ દીધોઃ આર્થિક સંકડામણને લીધે મહિલાએ મોત વ્હાલુ કર્યુઃ બે બનાવમાં પ્રૌઢ અને આધેડને દિલ દગો દઈ ગયું

રાજકોટઃ અપમૃત્યુ, આપઘાત, વાહન અકસ્માતના બનાવો દરરોજ બની રહ્યા છે, દરરોજ કોઈને કોઈ પરિવાર સ્વજન ગુમાવી રહ્યા છે. વધુ એક આવી ઘટના સામે આવી છે જેમાં એક યુવાને દારૂના નશામાં પત્નિ સાથે ઝઘડો થયા બાદ ઝેર પી આપઘાત કરી લીધો છે. તો અન્ય એક બનાવમાં આર્થિક ભીંસને લીધે એક મહિલાએ આપઘાત કરી લીધો હતો. જ્યારે બે બનાવોમાં હૃદય રોગના હુમલાથી બે લોકોના જીવન ખતમ થઈ ગયા હતાં.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો રાજકોટના સરધાર તાબેના લોઠડા ગામે રહેતાં યુવાને દારૂ પીધેલી હાલતમાં પત્નિ સાથે ઝઘડો કર્યા બાદ ઝેરી દવા પી આપઘાત કરી લેતાં અરેરાટી વ્યાપી ગઈ છે. આ યુવાને સારવાર દરમિયાન રાજકોટની હોસ્પિટલમાં મૃત્યુ થયું હતું. લોઠડામાં રહેતો નિતેશ ઉર્ફ વિશાલ સુરેન્દ્રભાઈ રાવ કે જેની ઉમર પચ્ચીસ વર્ષ હતી તેણેઆઠેક દિવસ પહેલા ઘરે હતો ત્યારે ઝેર પી જતાં સારવાર માટે રાજકોટ સિવિલમાં ખસેડાયો હતો. બાદમાં સારુ થઈ જતાં રજા અપાઈ હતી.

પણ ગઈકાલે અચાનક ફરી તબીયત બગડતાં બેભાન થઈ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ સારવારમાં મૃત્યુ થતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં આજીડેમ પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી. આપઘાત કરનાર નિતેશ ઉર્ફ વિશાલ મુળ બિહારનો વતની હતો. તે ત્રણ ભાઈમાં નાનો હતો. સંતાનમાં એક દિકરી છે. સગાના કહેવા મુજબ નિતેશ સીએનસી કંપનીમાં ઓપરેટર તરીકે કામ કરતો હતો. તેને પત્નિ સાથે દારૂ પીધેલી હાલતમાં ઝઘડો થયા બાદ માઠુ લાગતાં ઝેરી દવા પી લીધી હતી. દારૂનો દૈત્ય કઈ રીતે ઘર પરિવાર બરબાદ કરે છે તેની આ ઘટનાએ વધુ એક વખત પ્રતીતી કરાવી હતી.

બીજા બનાવમાં વાંકાનેરના નવાપરામાં રહેતાં મહિલા હાલ પતિ સાથે ચોટીલાના ખેરડી ગામે ખેત મજૂરી કરતાં હોઈ ત્યાં તેણીએ ઝેરી દવા પી લેતાં સારવાર દરમિયાન રાજકોટમાં મૃત્યુ થયું છે. આર્થિક ભીંસને કારણે કંટાળીને પગલુ ભર્યાનું ખુલ્યું હતું. વાંકાનેરના નવાપરામાં રહેતાં શોભનાબેન પ્રકાશભાઈ ધારકીયા નામના પાંત્રીસ વર્ષના મહિલાએ ચોટીલાના ખેરડીમાં ભીખુભાના ખેતરે હતાં ત્યારે ઝેરી દવા પી લેતાં ચોટીલા હોસ્પિટલમાં દાખલ કરાયા હતાં.

ત્યાં સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ ટુંકી સારવાર બાદ મૃત્યુ થયું હતુ. આપઘાત કરનાર શોભનાબેનને સંતાનમાં બે દિકરા અને બે દિકરી છે. પતિ-પત્નિએ થોડા સમય પહેલા ખેરડીમાં ખેતર વાવવા રાખ્યું હોઈ આ પરિવાર ત્યાં રહેતો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં ચોટીલા પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી. બનાવથી ચાર સંતાન મા વિહોણા થઈ ગયા હતાં. કેટલાક સમયથી આર્થિક સંકડામણ હોવાથી પગલુ ભર્યાનું પોલીસની તપાસમાં ખુલ્યું હતું.

અન્ય બનાવોમાં હૃદય રોગના હુમલાથી વધુ બે લોકોના મૃત્યુ થયા હતાં. જમાં રૈયા રોડ નહેરૂનગર શેરી નંબર-૬માં રહેતાં અયુબભાઈ હુશેનભાઈ ગાંજા નામના ઓગણપચાસ વર્ષના પ્રૌઢ ઘરે બેભાન થઈ જતાં અને રામનાથપરા ભવાનીનગરમાં રહેતાં મુકેશભાઈ સુખાભાઈ ઢાપા નામના અડતાલીસ વર્ષના આધેડ ઘરે ઢળી પડતાં બંનેને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતાં. પરંતુ અહિ બંનેના મૃત્યુ થયા હતાં. હાર્ટએટેક આવી ગયાનું તપાસમાં સામે આવ્યું હતું.

મૃતયુ પામનાર અયુબભાઈ કરિયાણાનો વેપાર કરતાં હતાં અને તેનો ત્રણ ભાઈમાં નાના હતાં. સંતાનમાં બે દિકરા છે. જ્યારે મુકેશભાઈ બે ભાઈ અને બે બહેનમાં વચેટ હતાં અને સંતાનમાં એક દિકરો તથા એક દિકરી છે. તે ડંકી, બોરવેલનું કામ કરતાં હતાં. આમ ચાર અલગ અલગ ઘટનાઓમાં ચાર પરિવારોએ પોતાના સ્વજનો ગુમાવી દીધા હતાં.

# માહિતીખાતું, સરકાર-જનતા વચ્ચે વિશ્વાસનો સેતુ

## નર્મદા જિલ્લાના નીલકંઠધામ-પોઈચામાં શરૂ થયેલી ચિંતન શિબિરનો આજે બીજો અને છેલ્લો દિવસ : માહિતી કમિશનર કે. એલ. બચાણીએ વર્ણવી માહિતીખાતાની ભૂમિકા

રાજપીપળાઃ નર્મદાઃ તા.૧૩

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને વલસાડ જિલ્લાના ધરમપુર ખાતે રાજ્ય કક્ષાની ચિંતન શિબિર યોજાયા બાદ વિવિધ વિભાગોની ચિંતન શિબિરો યોજાઈ રહી છે. આ શ્રેણીમાં આજે નર્મદા જિલ્લાના નીલકંઠધામ-પોઈચાથી માહિતી ખાતાની તા.૧૩ અને ૧૪ ફેબ્રુ-દરમિયાન બે દિવસીય ચિંતન શિબિરનો પ્રારંભ થયો હતો. માહિતી ખાતાની કામગીરી સાથે સંકળાયેલા રાજ્યભરના વર્ગ ૧-૨ના અધિકારીઓ આ બે દિવસીય ચિંતન શિબિરમાં જન કલ્યાણકારી યોજનાઓને વધુ અસરકારક રીતે છેવાડાના માનવીઓ સુધી પહોંચાડવા સંદર્ભે પ્રત્યાયન માધ્યમોના બદલાતા જતા પ્રવાહો અને ટેકનોલોજીના ઉપયોગ અને પડકારો બાબતે મનોમંથન કરવાના છે.



શિબિરના શુભારંભ અવસરે ઉપસ્થિત અધિકારીઓને સંબોધતા માહિતી માહિતી કમિશનર કે. એલ. બચાણીએ જણાવ્યું હતું કે, ડિજીટલ ટેકનોલોજીના કારણે વિશ્વભરની જાણકારી, માહિતી હાથવગી બની છે, માહિતીનો વ્યાપ સર્જાયો છે, આવા સંજોગોમાં છેવાડાના માનવી સુધી જ્યારે કોઈ યોજના કે સરકારી નિર્ણય પહોંચે, ત્યારે તેમાં કોઈ ક્ષતિ કે ગેરસમજ ન હોય તે જોવાની જવાબદારી માહિતીખાતાની છે.

ચિંતન શિબિરની ટેગલાઈન 'સેવા એ જ સાધના, શબ્દની આરાધના'નો ઉલ્લેખ કરતા કમિશનરએ જણાવ્યું કે, આપણું સમગ્ર કામ શબ્દોની આસપાસ વણાયેલું છે. સંસ્કૃતની 'ધૃ' ધાતુ પરથી ઉતરી આવેલા 'ધર્મ' શબ્દને ટાંકીને કહ્યું કે, જે ધારણ કરવા યોગ્ય છે તે જ ધર્મ છે, અને માહિતી ખાતા માટે શબ્દની ગરિમા જાળવવી એ જ પરમ ધર્મ મનાય છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી જેને પ્રેરણામંત્ર માને છે એ 'સ્વાન્તઃ સુખાય'-જનકલ્યાણમાં જ આનંદના વિચારને વણી લેતા બચાણીએ કહ્યું કે, જ્યારે પ્રેસ રીલીઝ વાંચીને કોઈ નાગરિકને સરકારી યોજનાનો લાભ મળે, પ્રકાશન વાંચીને કોઈ બહેન 'ડ્રોન દીદી' બને કે જાહેરાત જોઈને કોઈ યુવાન સ્ટાર્ટઅપ શરૂ કરે ત્યારે થતી આત્મસંતોષની અનુભૂતિ અવર્ણનીય હોય છે. શબ્દની આરાધનાનું કામ માત્ર વ્યક્તિગત નથી, પણ કોઈ લાભાર્થી પરિવાર અને સમાજને પોઝિટિવ રીતે પ્રભાવિત કરવાનું પુણ્યશાળી કાર્ય હોવાનું કહેવું અનુચિત નથી.

તેઓએ માહિતી અધિકારીઓને પ્રેરણા આપતા કહ્યું કે, લોકોના રસ અને તેમની જરૂરિયાતોને પારખીને રાજ્ય સરકારની કલ્યાણકારી યોજનાઓની માહિતી જન-જન સુધી પહોંચે તે માટે માહિતીની ટીમ વધુ સુસજ્જ બનતી હોય છે કારણ કે માહિતી ખાતાની ભૂમિકા માત્ર સરકારી યોજનાઓનો પ્રચાર પ્રસાર પૂરતી મર્યાદિત નથી, પણ સરકાર અને જનતા વચ્ચે વિશ્વાસનો સેતુ બાંધવાની છે.

તેમણે અધિકારીઓને ટકોર કરી હતી કે માહિતી પ્રસ્તુત, અસરકારક અને વિશ્વાસપાત્ર હોવી જોઈએ. ડિજિટલ યુગમાં માહિતી ખાતાની જવાબદારી માત્ર 'માહિતી પ્રસારણ'ની નથી, પણ 'જનસેવા અને જનજાગૃતિ'ની છે. તે ટેકનોલોજીના વેગ અને સામાન્ય માનવીની જરૂરિયાત વચ્ચેની કડી છે. અવિરત ચાલતી માહિતી ખાતાની પ્રચાર પ્રસારની કામગીરી વચ્ચે નર્મદા કાંઠે યોજાઈ રહેલી આ ચિંતન શિબિર માહિતી અધિકારીઓને નવા વિચારો અને નવી ઊર્જા પૂરી પાડી મોટીવેટ થવાની તક પૂરી પાડશે એવો વિશ્વાસ નિયામકએ વ્યક્ત કર્યો હતો. ટ્રેઈનર અને લાઈફ કોચ દીપકભાઈ તેરૈયાએ 'કામને ગમતું કરો અથવા ગમતું કામ કરો' વિષય પર પ્રેરક સંબોધન કરતા કહ્યું કે, ઘણીવાર જે ગમે છે તે કામ મળતું નથી, અને જે કામ મળે છે તે ગમતું નથી. આ દ્વંદ્વમાં જ માણસ તણાવમાં સરકી જાય છે. પરિસ્થિતિ હંમેશા ધાર્યા પ્રમાણે નથી હોતી. જ્યારે જવાબદારીઓ વચ્ચે મનગમતું કામ ન મળે, ત્યારે 'કામને ગમતું કરો અથવા ગમતું કામ કરો' આવો અભિગમ જાદુઈ સાબિત થાય છે. દ્રષ્ટિકોણ બદલીએ. કામને બોજ સમજવાને બદલે તેને કંઈક નવું શીખવાની તક તરીકે લેવી જોઈએ.

હેલ્થ, વેલ્થ, કરિયર અને રિલેશનશિપ વચ્ચે સંતુલન જાળવવાનું જણાવી તેઓએ કહ્યું કે, જે દિવસે શીખવાનું બંધ કરશો, જાત સાથે વાત કરવાનું ટાળશો, તે દિવસે પ્રગતિ અટકી જશે. તમારી સ્પર્ધા બીજા સાથે નહીં, પણ ગઈકાલના તમારા 'સેલ્ફ' સાથે રાખો. નાણા સર્વસ્વ નથી, આર્થિક ઉપાર્જન જીવન જીવવા માટે અનિવાર્ય છે, પરંતુ સંબંધો, આરોગ્ય, કારકિર્દી પણ અતિ મહત્વના પાસા છે. વેલ્થનો અર્થ માત્ર બેંક બેલેન્સ નથી, પણ 'નાણાકીય સ્વતંત્રતા' છે. કવિ કૃષ્ણ દવેએ કવિતાપઠન કરી કાવ્યાત્મક શૈલીમાં જીવનનો મર્મ સમજાવ્યો હતો. પેનલ ડિસ્કશન દરમિયાન નવગુજરાત સમયના એડિટર અજય ઉમટ, ઝી ૨૪ કલાકના હેડ ડો.દીક્ષિત સોની અને દિવ્ય ભાસ્કર ડિજીટલ પ્લેટફોર્મના સ્ટેટ એડિટર મનિષ મહેતાએ માહિતી વિભાગ અને પ્રિન્ટ, ઈલેક્ટ્રોનિક અને ડિજીટલ ન્યુઝ મીડિયા વચ્ચે સંબંધ સુદ્રઢ કરવા અંગે વિસ્તૃત છણાવટ કરી હતી.

## પુરૂષ કરતા મહિલા નગરસેવકો વધુ સક્રિયઃ પોર્ટલ પર ૧૧ મહિનામાં ૧૨૯૬ ફરિયાદ : ૪૧ હજુ અણઉકેલ

# અઢાર નગરસેવકોને પાંચ વર્ષમાં એક પણ સમસ્યા દેખાઈ નહીં!

### મહાનગરપાલિકાના નગરસેવકો તેમના વોર્ડ વિસ્તારની સમસ્યાઓની ઓનલાઈન ફરિયાદ કરી શકે તે માટે માર્ચ ૨૦૨૫ થી શરૂ કરાયેલા પોર્ટલમા અઢાર નગરસેવકોએ અગિયાર મહિનામાં એક પણ ફરિયાદ ન કરીઃ

રાજકોટ , તા. ૧૩

પાંચ વર્ષ પહેલા યોજાયેલી મહાનગરપાલિકાની ચૂંટણીમાં પ્રજાજનોએ ભાજપ ઉપર વિશ્વાસ મૂકી ૭૨ માંથી ૬૮ બેઠકો પર વિજેતા બનાવી સ્પષ્ટ બહુમતી આપી હતી. અને ભાજપના નગરસેવકો પ્રજાકીય પ્રશ્નો હલ કરશે એવી આશા રાખી હતી.પણ, શહેરીજનોની આ આશા મહાનગરપાલિકાની ચૂંટણી નજીક આવી રહી હોવા છતાં ફળિભૂત થઈ નથી. રાજકોટ મહાનગરપાલિકાના ૧૮ વોર્ડમાં ચૂંટાયેલા જન પ્રતિનિધિઓની સગવડતા માટે ગત વર્ષે માર્ચ મહિનાથી પોર્ટલ શરૂ કર્યુ છે. આ પોર્ટલ મારફત નગર સેવકો પોતાના વોર્ડ વિસ્તારની પ્રજાકિય ફરિયાદો નોંધાવી શકે અને અધિકારીઓ દ્વારા થતી કામગીરી વિશે જાણકારી મેળવી શકે તે માટે આ પોર્ટલ શરૂ કરાયાં પછી છેલ્લા અગિયાર મહિનામાં ભાજપના ૬૮ કોર્પોરેટરોમાંથી ૧૮ કોર્પોરેટરોને અગિયાર મહિનામાં તેમના વોર્ડ વિસ્તારની એક પણ ફરિયાદ નોંધાવી નથી. મતલબ કે આ વોર્ડની પ્રજા માટે નગર સેવકોએ રામરાજ્ય નું નિર્માણ કરી દીધું છે. આશ્ચર્યજનક વાત એ છે કે, ઘરનું રસોડું સંભાળતા મહિલા કોર્પોરેટરોને તેમના વોર્ડ વિસ્તારની સમસ્યા વધુ નજરે પડી છે. જે ૫૦ નગરસેવકોએ ઓનલાઈન ફરિયાદ કરી છે તેમાં ૨૯ મહિલા કોર્પોરેટર છે અને ૨૧ પુરૂષો છે. પ્રજાનાં પ્રશ્નો માટે અવારનવાર મહાનગર પાલિકાની સામાન્ય સભામાં ગજાવતા વિપક્ષી સભ્ય વશરામ સાગઠીયા અને મકબુલ દાઉદાણીને પણ તેમના વોર્ડ નંબર ૧૫ માં એક પણ સમસ્યા દેખાઈ નથી.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ભાજપ અને કોંગ્રેસના નગરસેવકો પોતાના વોર્ડ વિસ્તારની સમસ્યા ઓનલાઈન રજુ કરી શકે તે માટે શરૂ કરાયેલા પોર્ટલમા સૌથી વધુ ફરિયાદ વોર્ડ નંબર ૬ના મહિલા કોર્પોરેટર મંજુબેન છગનભાઇ કુંગશિયાએ નોંધાવી છે. અગિયાર મહિનાના સમયગાળામાં મંજુબેને ૩૩૮ ફરિયાદો નોંધાવી છે. તો વોર્ડ નંબર ૪ના કંકુબેન ઉધરેજાએ ૧૨૩ , વોર્ડ નંબર ૧ના ડોક્ટર અલ્પેશ મોરજરીયાએ ૧૧૬ ફરિયાદો કરી છે. જ્યારે ધારાસભ્ય અને વોર્ડ નંબર ૨ના કોર્પોરેટર ડો. દર્શિતા શાહને તેમના વોર્ડની એક જ ફરિયાદ કરી છે. પણ પુર્વ કેબિનેટ મંત્રી અને વોર્ડ નંબર ૧ ના કોર્પોરેટર ભાનુબેન બાબરીયાની નજરે તેમના વોર્ડ વિસ્તારની એક પણ સમસ્યા દેખાઈ નથી! ભાજપના જે ૫૦ નગરસેવકોએ પોતાના વોર્ડ વિસ્તારની સમસ્યાને વાચા આપી છે તેમાં સૌથી વધુ ડ્રેનેજ ચોકઅપ, રોડ રસ્તાની બિસ્માર હાલત, સફાઈ ના અભાવ અને પાણી વિતરણ સંબંધિત ફરિયાદો વધુ છે.



**અગિયાર મહિનામાં ૪૧ ફરિયાદો નિકાલ થયા વગરની**

આ ઓનલાઈન પોર્ટલમા અગિયાર મહિનામાં ૧૨૯૬ ફરિયાદો નોંધાઈ છે. આમાં ૧૨૫૫ ફરિયાદોનો નિકાલ કરવામાં આવ્યો હોવાનો તંત્ર દાવો કરી રહ્યું છે. જ્યારે ૪૧ ફરિયાદો પેન્ડિંગ છે જેમાં ૧,૩,૪,૭,૧૮ નંબરના વોર્ડની નિકાલ થયા વગરની ફરિયાદો વધુ છે.

### આ દસ કોર્પોરેટરો રહ્યા નિષ્ક્રિય

- ધારાસભ્ય કોર્પોરેટર ભાનુબેન બાબરીયા (વોર્ડ નંબર ૧)
- શાસક પક્ષના દંડક મનીષભાઈ રાડિયા (વોર્ડ નંબર ૨)
- સ્ટેન્ડિંગ ચેરમેન જયમિન ઠાકર (વોર્ડ નંબર ૨)
- બાબુભાઈ ઉંધરેજા (વોર્ડ નંબર ૩)
- મેયર નયનાબેન પેઢડીયા (વોર્ડ નંબર ૪)
- વજીબેન ગોલતર (વોર્ડ નંબર ૫ આવાસ ફાળવણી કૌભાંડમાં સસ્પેન્ડ)
- હાર્દિક ગોહિલ (વોર્ડ નંબર ૫)
- પરેશ રમેશભાઈ પીપળિયા (વોર્ડ નંબર ૬)
- ભાવેશભાઈ દેથરિયા (વોર્ડ નંબર ૬)
- દેવુબેન જાદવ (વોર્ડ નંબર ૬ આવાસ ફાળવણી કૌભાંડમાં સસ્પેન્ડ)
- પ્રિતિ બેન દોશી (વોર્ડ નંબર ૮)
- પુષ્કર પટેલ (વોર્ડ નંબર ૯)
- જીતુભાઈ કટોડિયા (વોર્ડ નંબર ૯)
- રણજીતભાઈ સાગઠીયા (વોર્ડ નંબર ૧૧)
- મિતલ બેન લાઠિયા (વોર્ડ નંબર ૧૨)
- ભારતીબેન મકવાણા (વોર્ડ નંબર ૧૪)
- સુરેશભાઈ વસોયા (વોર્ડ નંબર ૧૬)
- અનિતાબેન ગોસ્વામી (વોર્ડ નંબર ૧૭)
- દક્ષાબેન વાઘેલા (વોર્ડ નંબર ૧૮ )–

### આ વોર્ડના તમામ કોર્પોરેટરો લોક સમસ્યાને વાચા આપવા આગળ રહ્યા

**વોર્ડ નંબર ૭**
- વર્ષાબેન પાધી
- જયશ્રીબેન ચાવડા
- દેવાંગ માંકડ
- ડો. નેહલ શુકલ


**વોર્ડ નંબર ૧૦**
- જયશ્રીબેન ટીલાળા
- ડો. રાજશ્રીબેન ડોડિયા
- ચેતનભાઈ સુરેજા
- નરેન્દ્રસિંહ વાઘેલા

**વોર્ડ નંબર ૧૩**
- જયાબેન ડાંગર
- સોનલબેન સેલારા
- નીતિન રામાણી
- સુરેન્દ્ર સિંહ વાળા

[redacted]

# ગોંડલ ચોકડી - સાંઢીયા પુલ પાસે બનશે ફુટઓવર બ્રીજ

### ટેન્ડર પ્રક્રિયા હાથ ધરતું મનપા : માળખાગત સુવિધાઓ વિકસાવવા માટેના તમામ જરૂરી પગલાઓ ભરતું તંત્ર



રાજકોટ, તા. ૧૩

હાલ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જે બજેટ રજૂ કરવામાં આવ્યું તેમાં માળખાગત સુવિધાઓને વિકસિત કરવા માટેની અનેકવિધ જોગવાઈઓ હાથ ધરવામાં આવી છે. મળતી માહિતી મુજબ ગત બજેટમાં ફૂટપાથ બનાવવાનો નિર્ધાર કરવામાં આવ્યો હતો પરંતુ સંજોગો અનુસાર તે યોજના ગત વર્ષે પરિપૂર્ણ થઈ શકી નથી જે અંગે સ્ટેન્ડિંગ ચેરમેને માહિતી આપતા જણાવ્યું કે થોડા સમય પૂર્વે જ મેટ્રોને લઈને સર્વે હાથ ધરવામાં આવ્યો હતો પરિણામ સ્વરૂપે ફૂટપાથ યોજનાને અમલી બનાવવામાં આવી નથી ત્યારે ફરી એક વખત ગોંડલ ચોકડી ઉપર ફૂટઓવર બ્રિજ બનાવવાનું નક્કી કરવામાં આવ્યું છે અને તે માટેની ટેન્ડર પ્રક્રિયા પણ હાથ ધરાય છે તેવું મહાનગરપાલિકાના સૂત્રો જણાવી રહ્યા છે.

બીજી તરફ પાંચ કરોડના ખર્ચે સાંઢીયા પુલ પૂરો થાય તે સ્થળે પણ ફટ ઓવરબ્રિજ બનાવવામાં આવશે જે માટેની તૈયારીઓને અંતિમ રૂપ આપવામાં આવ્યું છે અને ટૂંક સમયમાં જ કહી શકાય તો ટેન્ડર પ્રક્રિયા હાથ ધરાશે. રાજકોટ શહેરના સતત ટ્રાફિકથી ધમધમતા રાજમાર્ગો અને સર્કલો ઉપર પગપાળા જતાં લોકો માટે ફૂટબ્રીજ બનાવવાનો નિર્ણય લઈ ગઈકાલે બીગબઝાર સર્કલ અને અમિન માર્ગ રોડ કોર્નર પર બ્રિજ બનાવવાની જાહેરાત કરવામાં આવી છે અને હવે શહેરના મુખ્યનાકા ગોંડલ ચોકડી ઉપર ફૂટ ઓવરબ્રીજ બનાવવા ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. રૂા. ૫ કરોડના ખર્ચે સાંઢિયાપુલ પુરો થાય તે સ્થળે ફૂટ ઓવરબ્રીજ બનાવવામાં આવશે.

મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નં. ૧૩માં ગોંડલ રોડ ઉપર સાંઢિયાપુલ પુરો થાય છે ત્યાં ગોંડલ ચોકડી પર પાંચ કરોડના ખર્ચે ફૂટ ઓવરબ્રીજ બનાવવા માટે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આ અંગે જાણવા મળેલ વિગત મુજબ ગોંડલ ચોકડી ખાતે દરરોજ સૌરાષ્ટ્રમાંથી અને ગુજરાતમાંથી હજારો પ્રવાસીઓ ચોકડી ઉપર ટ્રાવેલીંગ કરી ઉતરતા હોય છે. આ સ્થળ હવે ટ્રાવેલ્સ અને એસટી સહિતના વાહનો માટે પીકઅપ પોઈન્ટ થઈ ગયેલ હોય વહેલી સવારથી મોડી રાત્રી સુધી સતત પૈસેન્જરોની અવર જવર રહેતી હોય છે. બન્ને સાઈડ બસમાંથી ઉતર્યા બાદ મુસાફરોએ રોડ ક્રોસ કરવો પડે છે. જેના લીધે સતત ટ્રાફિક હોવાથી અવાર નવાર અકસ્માતોના બનાવો બની રહ્યા છે.

જેના નિવારણ માટે સર્વે કર્યા બાદ કોર્પોરેશને આ સ્થળે ફૂટ ઓવરબ્રીજની જરૂરિયાત લાગતા હવે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. શહેરના વેસ્ટ અને ઈસ્ટઝોન માંથી અમદાવાદ તરફ તેમજ ગોંડલ તરફ જતાં મુસાફરોનો આ ચોકડી ઉપર ભારે ધારો રહે છે. જેથી રોડ ક્રોસીંગ કરવા માટે ફૂટ ઓવરબ્રીજ તૈરાય કરવામાં આવશે.

મનપાના બાંધકામ વિભાગમાંથી પ્રાપ્ત થયેલ વિગત મુજબ બીગબઝાર સર્કલ તેમજ ૧૫૦ ફૂટ રીંગ રોડના અમિન માર્ગ કોર્નર ઉપર બે ફૂટ ઓવરબ્રીજ બનાવવાની કામગીરી શરૂ થઈ ચુકી છે અને હવે ગોંડલ ચોકડીએ બ્રીજ માટે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરાઈ છે. તેવી જ રીતે ૪૮ રાજમાર્ગો પૈકી વધુમાં વધુ પગપાળા લોકોની અવર જવર હોય તેવા માર્ગો તેમજ ત્રિકોણબાગ સર્કલ સહિતના અમુક સતત ટ્રાફિકથી ધમધમતા સર્કલો ઉપર પણ ભવિષ્યમાં ફૂટ ઓવરબ્રીજ બનાવવામાં આવે તે તરફ કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. ત્રણ ફૂટ ઓવરબ્રીજની ટેન્ડર સહિતની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ આગામી દિવસોમાં વધુ રાજમાર્ગો તેમજ સર્કલો ઉપર ફૂટ ઓવરબ્રીજ બનાવવા માટે ટેન્ડર સહિતની કામગીરી શરૂ કરાશે. માળખાગત સુવિધાઓ વિકસાવવા માટેના તમામ જરૂરી પગલાઓ લેવામાં આવી રહ્યા છે ત્યારે આગામી બજેટમાં જે યોજનાઓની અમલવારી કરવામાં આવી છે તે જોતા એ વાત સ્પષ્ટ છે કે અત્યારે તંત્ર માટે મહત્વનું એ છે કે ચૂંટણીમાં તેમના પરનો ભરોસો જે છે તે ન હટે.



# મનપાના અધિકારીઓની હાજરી કૌભાંડનું ભૂત ધૂણ્યું

### ફેસ ડિટેક્શન મશીનમાં એકપણ દિવસ હાજરી પૂર્યા વિના મહિનાનો પગાર મળ્યો ! અધિકારીએ કહ્યું- અમે ફિલ્ડમાં હોવાથી છૂટછાટ છે, બાકી ૧૨-૧૪ કલાક કામ કરીએ છીએ

રાજકોટ, તા. ૧૩

તાજેતરમાં મ્યુ કમિશ્નર તુષાર સુમેરાએ અધિકારી અને કર્મચારીઓની નિયમતતા માટે શિસ્ત અને સમયપાલન માટે ફેસ ડિટેક્શન મશીનમાં રેગ્યુલર હાજરી નહી પુરી રહેલા ૪૫ જેટલા સેનેટરી ઓફિસર (જ્ઘ) અને સેનેટરી ઇન્સ્પેક્ટર (જંઈ) તેમજ એસ.એસ.આઈને કારણદર્શક નોટીસ પાઠવી ત્રણ દિવસમાં ખુલાસો કરવા જણાવ્યું હતું. ત્યારે હવે આ અંગેની તપાસ કરનારા સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાના પર્યાવરણ ઈજનેર પ્રજેશ સોલંકીએ પોતે જ એક મહિનાથી ફેસ ડિટેક્શન મશીનમાં હાજરી નહીં પુરી હોવા છતાં તેને આખા મહિનાનો પગાર મળ્યો હોવાનો આરોપ કામદાર યુનિયનનાં પ્રમુખ પારસભાઈ બેડિયાએ લગાવ્યો છે. જોકે અધિકારી પ્રજેશ સોલંકી દ્વારા આરોપો ફગાવવામાં આવ્યા છે. અને જણાવાયુ છે કે, અમે ફિલ્ડમાં રહેતા હોવાથી છૂટછાટ હોય છે, બાકી દરરોજ ૧૨-૧૪ કલાક કામ કરીએ છીએ.

કામદાર યુનિયનના પ્રમુખ પારસ બેડીયાના આક્ષેપ મુજબ રાજકોટ મહાપાલિકામાં ૪૦૦૦ થી વધારે કાયમી, કોન્ટ્રાક્ટ અને મિત્ર મંડળના સફાઈ કામદારો સફાઈ કામગીરી કરે છે. કાયમી સફાઈ કામદારોની ૪ ટાઈમની હાજરી હોય છે અને મિત્ર મંડળ અને કોન્ટ્રાક્ટના સફાઈ કામદારોની કામગીરી ૨ ટાઈમની હોય છે, કારણ કે તે પાર્ટ-ટાઈમ સફાઈ કામદારો છે. હવે જ્યારે કોઈ કાયમી સફાઈ કામદાર રજા રાખે અથવા ૧ કલાક, અડધી કલાક કે ૫-૧૦ મિનિટ મોડો પડે તો તેનો પગાર કાપી નાખવામાં આવે છે. અને કોન્ટ્રાક્ટ કે મિત્ર મંડળના સફાઈ કામદારો જો ૫-૧૦ મિનિટ મોડા પહોંચે તો તેમને કામ પર નથી લેતા અને તે દિવસની ગેરહાજરી પુરી દેવામાં આવે છે.

જ્યારે રાજકોટ મહાનગર પાલિકાના અધિકારીઓમાં ઊંધું છે. રાજકોટ મહાનગર પાલિકાના અધિકારીઓ હાજરી પૂરે કે ન પૂરે, તેમના ખાતામાં પગાર આવી જમા થઈ જાય છે. રાજકોટ મહાનગર પાલિકા 'એક ને ગોળ અને એક ને ખોળ'ની નીતિ અપનાવી રહી છે. પર્યાવરણ ઈજનેર પ્રજેશ સોલંકીની ૧-૧-૨૦૨૬ થી ૩૧-૧-૨૦૨૬ વચ્ચે મશીનમાં એકપણ હાજરી પુરાયેલ નથી, છતાં તેમની હાજરી પુરાઈ ગઈ છે અને તેમને પગાર પણ મળી ગયો છે.

આમ રાજકોટ મહાનગર પાલિકામાં જે સફાઈ સૈનિકો રાજકોટને સ્વચ્છ, સુંદર અને રોગમુક્ત રાખવાનો પ્રયાસ કરતા હોય, તેમની સાથે આટલો મોટો અન્યાય થઈ રહ્યો છે. અને અનેક ગફલાબાજ અધિકારીઓ છે, તેમની સામે કાયદેસરની કાર્યવાહી થવી જોઈએ અને તેમણે જે પણ મફતના પગાર લીધા છે, તે બધા સરકારે રિકવર કરવા જોઈએ. જો આવનારા દિવસોમાં આવા અધિકારીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં નહીં આવે, તેમને સસ્પેન્ડ કરવામાં નહીં આવે, તો આ મુદ્દો બહુ ગંભીર બની આંદોલનનું સ્વરૂપ ધારણ કરશે.

આ મામલે પર્યાવરણ ઈજનેર પ્રજેશ સોલંકીએ જણાવ્યું હતું કે, આ તમામ આરોપો સાવ પાયાવિહોણા છે. મારી માફક ફિલ્ડમાં રહેતા હોય તેવા અધિકારીઓએ ફેસ ડિટેક્શન મશીનમાં હાજરી પુરવાની ફરજીયાત હોતી નથી. અમે દરરોજ ૮ કલાકની બદલે ૧૨-૧૪ કલાક કામ કરીએ છીએ. એટલું જ નહીં અનેકવાર જાહેર રજાઓ તેમજ રવિવારના દિવસે પણ કામગીરી કરતા હોય છીએ. તો આવા ખોટા આરોપો લાગવાથી અમારું મોરલ ડાઉન થાય છે. છતાં અમે અમારું કામ કરીએ છીએ અને કરતા રહીશું.